Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401
વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ


₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ જૂલાઈ, ૨૦૨૫
Published on - 01 July 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ
Editor-Dr. Prabhudas I. Patel




## ગોસ્વામી તુલસીદાસ જયંતી
તારીખ ૩૧-૦૭-૨૦૨૫

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

20+ વર્ષથી સ્ત્રી આરોગ્યમાં નિષ્ણાત

# મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ

મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ, અમદાવાદની અગ્રણી મહિલાઓ માટેની વિશેષ હોસ્પિટલ છે, જ્યાં અમે એન્ડોમેટ્રિઓસિસ, ગર્ભાશય, આઈવીએફ, અને સ્ત્રી સ્વાસ્થ્ય માટે અદ્યતન સારવાર પ્રદાન કરીએ છીએ.


## ફર્ટિલિટી ક્લિનિક

IVF, IUI અને માતૃત્વ
માટે નવી આશા



## એન્ડોમેટ્રિયોસિસ ક્લિનિક

એન્ડોમેટ્રિઓસિસ માટે વિશિષ્ટ
સારવાર અને ઝડપી રાહત



## એસ્થેટિક ક્લિનિક

સ્કિન અને હેર માટે
એડવાન્સ બ્યુટી ટ્રીટમેન્ટ





**ડૉ. સંજય પટેલ,**
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત



**ડૉ. સ્મિત પટેલ,**
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત



**ડૉ. જયા પટેલ,**
ફર્ટિલિટી નિષ્ણાત



**ડૉ. રવિના પટેલ,**
સ્ત્રીરોગવિજ્ઞાન નિષ્ણાત

#1 મેફ્લાવર હાઉસ, હેલ્મેટ ક્રોસ રોડ, ડ્રાઈવ-ઇન, અમદાવાદ
#2 2જો માળ, સત્યમેવ એલિટ, આંબલી, જંકશન, સરદાર પટેલ રીંગ રોડ, બોપલ, અમદાવાદ

+91 79274 95001

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**જૂલાઈ ૦૧, ૨૦૨૫**
**વર્ષ :** ૦૪, **અંક :** ૨૭
**સળંગ અંક : ૩૮**
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**July 01, 2025**
**Year :** 04, **Ank :** 27
**Owner :** Vishv Umiya Foundation



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel





**પરામર્શકશ્રી**
**Consultant**

પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ — પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai — Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia
**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઈલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ,
વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ,
તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | સિવિલ સર્વિસમાં સ્નાતક : ભારતમાં સૌ પ્રથમ | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | ભક્ત નરસિંહનો અધ્યાત્મ પથ | શ્રી ભાણદેવજી | ૦૯ |
| ૫. | દો પાટન કે બીચ મેં.... | ડો. ભાવેશ જેતપરિયા | ૧૧ |
| ૬. | જાણો મંદિર પર ધજા શા માટે ફરકાવવામાં આવે છે અને તેનું મહત્વ: | સંજયભાઈ ડી. પટેલ | ૧૩ |
| ૭. | ભક્તકવિ તુલસીદાસ : વૈશ્વિક મહાકવિ | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૬ |
| ૮. | અંતઃકરણની યુનિવર્સિટીના રિસર્ચર કેવી રીતે બનશો? | પદ્મશ્રી ડો. ચંદ્રકાન્ત મહેતા | ૧૯ |
| ૯. | મા-બાપની તાલીમ | ગુલાબભાઈ જાની | ૨૧ |
| ૧૦. | ગ્લોબલ વોર્મિંગની ગ્લોબલ વોર્નિંગ | નવીન વી. વાછાણી | ૨૨ |
| ૧૧. | મહિલાઓની પૂર્ણતા માટેના મૂલ્યો | સ્વામી જિતાત્માનંદ | ૨૪ |
| ૧૨. | સાચું સગપણ સ્નેહનું | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૬ |
| ૧૩. | સ્ત્રીઓએ કેટલીક વાતોનું ધ્યાન રાખવું જોઈએ | પ્રાગજીભાઈ પટેલ | ૨૭ |
| ૧૪. | મા તૂજે સલામ | બી. જી. કાનાણી | ૨૮ |
| ૧૫. | ધ્યેયસિધ્ધિનો રસ્તો એકમાર્ગી નહીં, પણ બહુમાર્ગી છે ! | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૩૦ |
| ૧૬. | પૈસો જ્યારે સ્ટેટસ સિમ્બોલ બની જાય છે... | પ્રફુલ્લ કાનાબાર | ૩૨ |
| ૧૭. | ફાંસીના માંચડે હાથમાં ગીતા રાખી તેઓ બોલ્યા હતા: વંદે માતરમ્ | પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ | ૩૩ |
| ૧૮. | પાટનગર દિલ્હી - સ્વપ્ન નગરી સીમલા | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૫ |
| ૧૯. | કરીએ હૃદયની વાત દિલથી | ડો. ક્રિષ્ના પાંડે | ૩૭ |
| ૨૦. | વ્યાયામ - કસરત | ડો. જિતેન્દ્ર અઢિયા | ૩૯ |
| ૨૧. | "વિવેક" ચૂક્યા તો... ખેતીમાં ગોઠણભેર થઈ જવાય હો...! | હીરજી ભીંગરાડિયા | ૪૧ |
| ૨૨. | લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ- I.A.S.Rtd. | ૪૩ |
| ૨૩. | ગુનગુનિયા ગુરુ | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૪ |
| ૨૪. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૫ |
| ૨૫. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૯ |


⌘ ⌘ ⌘

**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**को ददर्श प्रथमं जायमान मनस्थन्वन्तं यदनस्था बिभर्ति ।**
**भूम्या असुरसृगात्मा कव स्वित्को विद्वांसमुप गात्प्रष्टुमेतत् ॥** (ઋગ્વેદ ૧/૧૬૪/૪)

**ભાવાર્થ :** આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ માનવજીવનનું મુખ્ય લક્ષ્ય છે. આ સંસાર કેવી રીતે રચાયો? પદાર્થોના ઉદ્‌ભવનું મૂળભૂત કારણ શું છે? શરીર તથા તેમાં રહેલી અસંખ્ય માંસપેશીઓ, હાડકાં વગેરેની વિચિત્રતા તથા આત્માથી શરીરની ભિન્નતાનું જ્ઞાન મનુષ્યે અવશ્ય મેળવવું જોઈએ.

**સંદેશ :** માનવશરીર પરમાત્માએ આપેલ સર્વોત્તમ ભેટ છે. પૂર્વજન્મોનાં કર્મોના ફળસ્વરૂપે કેટલીય યોનિઓમાં ભટક્યા પછી આપણને આ માનવશરીર પ્રાપ્ત થયું છે. સંસારમાં બીજા કોઈ પણ પ્રાણીના શરીરની રચના મનુષ્યના શરીર જેટલી શ્રેષ્ઠ નથી. માત્ર મનુષ્યને જ પરમાત્માએ સર્વ ગુણોથી પૂર્ણ શરીર આપ્યું છે. એનું દરેક અંગ અને ઈન્દ્રિય પોતાની કાર્યક્ષમતામાં અજોડ છે.

મોટાભાગના મનુષ્યોમાત્ર આ સ્થૂળ શરીરને જ સંપૂર્ણ માની બેસે છે અને તેનાથી આગળની વાત વિચારતા જ નથી. તેઓ પળેપળ માત્ર આ શરીરને જ શણગારવામાં લાગ્યા રહે છે. આવા મનુષ્યો માત્ર પોતાની કામેન્દ્રિયોને પોષવામાં રચ્યાપચ્યા રહે છે, પરંતુ શરીરમાં રહેલા મહામૂલ્યવાન આત્માને બિલકુલ ભૂલી જાય છે. આ શરીર તો નાશવંત છે અને આત્મા અમર છે. શરીર તો પરમાત્માએ થોડા સમય માટે જ આપીને પોતાની કૃપા આપણી પર વરસાવી છે. આ શરીર તો સાધન માત્ર છે. તે આત્માનું



નિવાસસ્થાન છે. આ શરીરના માધ્યમથી આત્મા મોક્ષમાર્ગ પર આગળ વધીને મુક્તિ મેળવી શકે છે.

માનવજીવનનું લક્ષ્ય શું છે ? મોટાભાગના લોકો સ્વર્ગપ્રાપ્તિને જ પોતાનું એકમાત્ર લક્ષ્ય માને છે, પરંતુ આ સ્વર્ગ છે ક્યાં ? સ્વર્ગ તો આપણા મનની સ્થિતિ દ્વારા જ નિર્માણ પામે છે. આપણે પોતે જ આપણા આચરણ અને પરિસ્થિતિઓ દ્વારા સ્વર્ગ અને નર્કની સ્થિતિ પેદા કરી લઈએ છીએ. એ બાબત અતિ જરૂર છે કે આપણા જીવવનું લક્ષ્ય સ્પષ્ટ રીતે નક્કી કરી લેવું જોઈએ.

આપણી અંદર રહેલા દેવત્વને દૃઢતાપૂર્વક વ્યક્ત કરીને આપણી વાસ્તવિક સત્તાનો સાક્ષાત્કાર કરવો એ જ આપણા જીવનનું એકમાત્ર લક્ષ્ય છે. એક જ પરમાત્મા દરેકની અંદર રહેલો છે અને બધામાં ઓતપ્રોત છે. એ પરમાત્મા જ બધાનો અંતરાત્મા બનીને અંદર બેઠો છે. તે જ કર્મફળનો દાતા છે. દરેક મનુષ્ય દેવતાનું જ સ્વરૂપ છે. તે માત્ર પરિસ્થિતિઓને વશ થઈને પોતાના શ્રેષ્ઠ માર્ગને ભૂલી ગયો છે. મનુષ્ય વાસ્તવમાં માર્ગ ભૂલેલા દેવતા જેવો છે. આ મહાન સત્યને જાણી લઈને દેવત્વને આચરણમાં ઉતારવું એ જ આપણું પરમ લક્ષ્ય છે.

જ્યાં સુધી આપણાં મન, વાણી અને કર્મને પવિત્ર બનાવી દેવામાં ન આવે ત્યાં સુધી આ પ્રકારનું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું શક્ય નથી. આપણું મન ક્યારેય નવરું રહેતું જ નથી. કાં તો તેનામાં રસાસ્વાદ કરવાની અથવા ભોગ કે કામનાની તૃપ્તિની લાલચ રહે છે કે પછી તેમાં સત્કર્મોની સુવાસ ફેલાવવા માટેની તીવ્ર ઝંખના રહ્યા કરે છે. મનમાં ઉદ્‌ભવતા આ વિચારો જ વાણી દ્વારા પ્રગટ થાય છે અને તે મુજબ એવાં જ કર્મો થતાં રહે છે. આત્મજ્ઞાન દ્વારા તેના મનમાં હંમેશા પવિત્ર વિચારો જ જાગતા હોય છે. પોતાના અહંકારનો ત્યાગ કરીને 'આત્મવત્ સર્વભૂતેષુ'ની ભાવનાથી સંસારનાં બધાં જ પ્રાણીઓમાં ઈશ્વર રહેલો છે તેવું સ્વીકારી લેવાથી જ મનુષ્ય પાપકર્મોથી બચી શકે છે અને પોતાના દૈવીગુણોની વૃદ્ધિ કરી શકે છે.

મનુષ્યજીવનની સાર્થકતા એમાં જ રહેલી છે. ■

## પ્રમુખશ્રીની કલમે

# સિવિલ સર્વિસમાં સ્નાતક : ભારતમાં સૌ પ્રથમ



**મિત્રો, નમસ્કાર !**

**ધોરણ - ૧૨ પછી શું ? આ દરેકને મૂંઝવતો સવાલ છે.**

આ પ્રશ્નની ચર્ચા દરેકના ઘરમાં ચર્ચાય છે. કારણ કે બાળક ધોરણ - ૧૦માં આવે ત્યારે ધોરણ-૧૨ પછી શું કરશે ? શામાં એડમિશન લેશે ? આ પ્રશ્નની ચર્ચા ઘરમાં દરરોજ થાય છે. જે વિદ્યાર્થીને ડોક્ટર જ બનવું છે તો નક્કી છે કે મેડિકલમાં એડમિશન લેશે, જેને એન્જિનિયર બનવું છે તો સિવિલ, મિકેનીકલ, કોમ્પ્યુટર વિગેરેમાં એડમિશન લેશે, જેને બિઝનેસમેન બનવું છે તે કોઈપણ ફેકલ્ટીમાં એડમિશન લેશે. પરંતુ જેને ઓફિસર બનવું છે તેના માટેનો કોઇ ડીગ્રી કોર્સ નથી. અને એટલા જ માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને આ વર્ષથી જ **"ગ્રેજ્યુએશન ઈન સિવિલ સર્વિસ"**નામનો ચાર વર્ષનો ડિગ્રી કોર્સ ડિઝાઈન કર્યો છે. જેમાં તમારે ચાર વર્ષ માત્ર ને માત્ર સિવિલ સર્વિસના અનુસંધાને જ અભ્યાસ કરવાનો છે.

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની અકલ્પનીય પહેલ
## (UPSC - GPSC Graduation Degree)

આ માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને **સ્વામીનારાયણ યુનિવર્સિટી કલોલ, ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ યુનિવર્સિટી**, ગાંધીનગર બન્ને સાથે M.O.U. કર્યું છે. અને આ કોર્ષ બંને યુનિવર્સિટીમાં ચાલવાનો છે. એટલે તમે જો UPSC કે GPSC ને અંતર્ગત કોઈ પણ ઓફિસર થવા માગતા હોય તો આ કોર્ષ તમારા માટે છે. ચાલુ વર્ષથી જ નવો સ્નાતક કોર્સ શરૂ કરવામાં આવી રહ્યો છે, જેનું નામ છે બેચલર ઓફ આર્ટ્સ ઈન સિવિલ સર્વિસીસ (B.A. Civil Services)

**કોર્સનો ઉદ્દેશ્ય :** આ કોર્ષનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસ પરીક્ષાઓ (જેમ કે UPSC, GPSC )માટે તૈયાર કરવાનો છે, જેથી તેઓ ભારતની પ્રતિષ્ઠિત વહીવટી સેવાઓમાં કારકિર્દી બનાવી શકે. આ કોર્ષ તમામ સ્ટ્રીમ (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ)ના વિદ્યાર્થીઓ માટે ખુલ્લો છે, જે એક વિશાળ તક પુરી પાડે છે.

**અભ્યાસક્રમ :** આ સ્નાતક કક્ષાનો કોર્સ છે. જેમાં ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભારતીય બંધારણ, જનરલ સાયન્સ અને વર્તમાન બાબતો જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને લેખન કૌશલ્ય, વિશ્લેષણાત્મક ક્ષમતા અને ઈન્ટરવ્યૂની તૈયારી માટે વિશેષ તાલીમ આપવામાં આવશે. કોર્સમાં વર્કશોપ, મોક ટેસ્ટ અને ગેસ્ટ લેકચર્સ ઉપરાંત UPSC, GPSCના ટોપર્સ તથા નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે, જે સિવિલ સર્વિસ પરીક્ષાઓની તૈયારીને સરળ બનાવશે.

**અગાઉની જોગવાઈઓ અને સમસ્યાઓ :** સિવિલ સર્વિસ પરીક્ષાઓ માટે ઘણા વિદ્યાર્થીઓ સ્વ-અભ્યાસ પર નિર્ભર રહેતા હતા. અગાઉ કોઈપણ સ્ટ્રીમમાં સ્નાતક થયા બાદ તૈયારી શરૂ કરતા, જેમા અલગથી ૨-૩ વર્ષનો સમય લાગતો હોય છે. જેથી ઘણા વિદ્યાર્થીઓ હતાશ થઈ જતા. SPIPA જેવી સરકારી સંસ્થાઓ તાલીમ આપે છે, પરંતુ તેમની સીટો મર્યાદિત હોય છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને સંસાધનોની ઉણપ રહેતી. પરીક્ષાના અભ્યાસક્રમ

અને તૈયારીની રણનીતિ વિશે જાણકારી ન હતી. ખાનગી કોચિંગની ઉંચી ફી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે શક્ય નહોતી. સિવિલ સર્વિસની પરીક્ષાનો અભ્યાસક્રમ વિશાળ અને વૈવિધ્યસભર હોવાથી વિદ્યાર્થીઓને સમજવા અને પ્રાથમિકતા નક્કી કરવામાં મુશ્કેલી પડતી. જો વિદ્યાર્થી સિવિલ સર્વિસ પરીક્ષામાં સફળ ન થાય તો તેમની પાસે અન્ય કારકિર્દી વિકલ્પોની સ્પષ્ટ દિશા ન હતી.

**આ નવો સિવિલ સર્વિસ સ્નાતક કોર્સ સમસ્યાઓનો નીચેની રીતે ઉકેલ લાવે છે.**

૧. **સંરચિત માર્ગદર્શન (Structured Guidance)** : આ કોર્ષ સિવિલ સર્વિસ પરીક્ષાના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને રચાયેલ છે. જે વિદ્યાર્થીઓને શરૂઆતથી જ સ્પષ્ટ દિશા અને માર્ગદર્શન આપે છે. નિષ્ણાત શિક્ષકો, ભૂતપૂર્વ સિવિલ સર્વન્ટ્સ, UPSC/ GPSC ટોપર્સ દ્વારા વ્યવહારુ માર્ગદર્શન મળે છે.

૨. **ખર્ચમાં ઘટાડો :** ખાનગી કોચિંગની તુલનામાં યુનિવર્સિટીના આ કોર્સની ફી પોસાય તેવી હોય છે. વધુમાં મેરિટ આધારિત શિષ્યવૃત્તિઓ અને સરકારી નાણાકીય સહાય દ્વારા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સહાય મળે છે.

૩. **સમયની બચત :** આ સ્નાતક કક્ષાનો કોર્સ સિવિલ સર્વિસની તૈયારીને સ્નાતક અભ્યાસ સાથે સંકલિત કરે છે. આમ વિદ્યાર્થીઓને સ્નાતક પછી અલગથી ૨ - ૩ વર્ષની તૈયારીની જરૂર નથી, જે સમયની બચત કરે છે.

૪. **બહુભાષી અભ્યાસ (Mulit Lingual Study)** : આ કોર્સ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં ઉપલબ્ધ છે. જે ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે ભાષાકીય અવરોધો દૂર કરે છે, અને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ સામગ્રીની ઉપલબ્ધતા વધે છે.

૫. **વ્યાપક કૌશલ્ય વિકાસ (Multi Dimension Skill Develompment)** : આ કોર્સમાં લેખન કૌશલ્ય, વિશ્લેષણાત્મક ક્ષમતા અને ઈન્ટરવ્યૂની તૈયારી જેવા પાસાઓ પર ધ્યાન આપવામાં આવે છે, જે સિવિલ સર્વિસ પરીક્ષાના તમામ તબક્કાઓ માટે ઉપયોગી છે. વર્કશોપ, મોકટેસ્ટ અને સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ અને વ્યવહારુ જ્ઞાન વધે છે.

૬. **કારકિર્દીના અન્ય વિકલ્પો :** આ કોર્સમાં શીખવવામાં આવતા વિષયો (જેમ કે રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઈતિહાસ) અને કૌશલ્યો (વિશ્લેષણ, નેતૃત્વ, સંચાર) વિદ્યાર્થીઓને NGO, જનરલ મેનેજમેન્ટ, જર્નાલિઝમ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સફળ ન થાય તો પણ વિદ્યાર્થીઓ પાસે વૈકલ્પિક કારકિર્દી વિકલ્પો હોય છે.

૭. **સર્વ સુલભતા (All Streams)** : આ કોર્સમાં તમામ સ્ટ્રીમ (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ)ના વિદ્યાર્થીઓ માટે ખુલ્લો છે, જેનાથી વધુ સંખ્યામાં યુવાનોને તક મળે છે. યુનિવર્સિટીના પ્લેટફોર્મ દ્વારા આ કોર્સ ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે સુલભ છે.

આ કોર્સ એવા વિદ્યાર્થીઓ માટે આદર્શ છે જેઓ IAS, IPS, IFS સિવિલ સર્વિસ પરીક્ષાઓમાં રસ ધરાવે છે. કોઈપણ શૈક્ષણિક પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓમાં જોડાઈ શકે છે. આ કોર્સ કરનાર વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસ ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ તકો મળે છે.

**નિષ્કર્ષ :** આ નવો સિવિલ સર્વિસ કોર્સ અગાઉના પડકારો જેવા કે માર્ગદર્શનની ઉણપ, ખર્ચાળ તૈયારી, સમયનો વ્યય અને ભાષાકીય અવરોધોને દૂર કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ કોર્સમાં વ્યાપક તૈયારીની તક મળે છે, જે તેમની સિવિલ સર્વિસમાં સફળતાની શક્યતાને વધારે છે. આ ઉપરાંત અન્ય કારકિર્દી વિકલ્પોની ઉપલબ્ધતા વિદ્યાર્થીઓને સુરક્ષિત ભવિષ્ય આપે છે. આ નવો કોર્સ ગુજરાતના યુવાનો માટે એક અનોખી તક છે, જે તેમને રાષ્ટ્રની સેવા કરવાની સાથે પોતાની કારકિર્દીને નવી ઉંચાઈઓ પર લઈ જઈ શકે છે. જો તમે સમાજસેવા અને નેતૃત્વનું સ્વપ્ન જોતા હો, તો આ કોર્સ તમારા માટે જ છે. અરજી કરો અને તમારા ભવિષ્યને નવો આકાર આપો. વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટની મુલાકાત લો. અથવા પ્રવેશ માટે સંસ્થાએ નક્કી કરેલ યુનિવર્સિટીનો સંપર્ક કરો.

**Institute of Advanced Research : iar.ac.in**
**Swaminarayan University : swaminarayanuniversity.ac.in**

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને જાણીતા કેળવણીકાર

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** રાણી કૈકેયી કોપભવનમાં રિસાઈને જતાં રહ્યાં. રાજા મનાવવા લાગ્યા. રાણીએ કહ્યું માગ માગ કરો છો, પણ કાંઈ આપતા તો નથી. રાજાએ કહ્યું મારો ભૂલકણો સ્વભાવ છે. તારી ઈચ્છા મુજબ બે વરદાનોમાં જે માંગવું હોય તે માગી લે.

**હવે આગળ :**

सुनहु प्रानप्रिय भावत जी का ।
देहु एक बर भरतहि टीका ॥

રાણી બોલી હે પ્રાણપ્રિય ! સાંભળો, મારા મનને ગમનારું એક વરદાન તો એ આપો કે ભરતને રાજતિલક, અને હે નાથ ! બીજું વરસાન પણ હું હાથ જોડીને માગું છું; મારો મનોરથ પુર્ણ કરશો.

तापस बेष बिसेष उदासी ।
चौदह बरिस रामु बनबासी ॥

મારું બીજું વરદાન એ છે કે, તપસ્વીઓના વેષમાં ઉદાસીન ભાવથી રામ ચૌદ વરસ વનમાં નિવાસ કરે. કૈકેયીનાં કોમળ વચન સાંભળી રાજાના હૃદયમાં એવો શોક થયો કે જેમ ચંદ્રમાનાં કિરણોના સ્પર્શથી ચકવો વ્યાકુળ થઈ જાય છે. રાજા ડરથી સુકાઈ ગયા. એમનાથી કશું કહી ન શકાયું.

माथें हाथ मूदि दोउ लोचन ।
तनु धरि सोचु लाग जनु सोचन ॥

રાજા માથે હાથ મુકીને બંને નેત્રો બંધ કરીને વિચારવા લાગ્યા કે સાક્ષાત શોક જ દેહ ધારણ કરીને વિચાર કરી રહ્યો હોય અને કૈકેયીએ અયોધ્યાને ઉજ્જડ કરી નાખી અને વિપત્તિનો અચળ પાયો નાખી દીધો. સ્ત્રીનો વિશ્વાસ કરીને હું એવી રીતે માર્યો ગયો.

एहि बिधि राउ मनहिं मन झँखा ।
देखि कुभाँति कुमति मन माखा ॥

આ રીતે રાજા મનમાં ને મનમાં મુંઝાઈ રહ્યા છે. રાજાના આવા હાલ જોઈને દુર્બુદ્ધિ કૈકેયી ક્રોધિત થઈ અને બોલી; શું ભરત આપનો પુત્ર નથી ? શું આપ મને મૂલ્ય ચૂકવીને ખરીદી લાવ્યા છો ? જો મારું વચન આપને બાણ જેવું લાગ્યું તો ઉત્તર આપો, "વચન પ્રમાણે કરો છો કે નહિ ? આપ તો રઘુકૂળમાં સત્ય પ્રતિજ્ઞાવાળા છો".

देन कहेहु अब जनि बरु देहू ।
तजहु सत्य जग अपजसु लेहू ॥

આજે જ વર માગવાનું કહ્યું હતું; હવે ભલે ન આપો. સત્યને છોડી દો અને જગતમાં અપયશ વહોરી લો. રાજા દધિચી, શિબિ અને બલિએ જે કંઈ કહ્યું; શરીર અને ધન ત્યાગીને પણ તેમણે પોતાના વચનની પ્રતિજ્ઞા પાળી હતી. કૈકેયી ઘણાં જ કડવાં વચનો કહી રહી છે; જાણે દાઝ્યા ઉપર મીઠું ભભરાવી રહી હોય.



लखी महीप कराल कठोरा ।
सत्य कि जीवनु लेइहि मोरा ॥


રાજાએ જોયું કે શું ખરેખર આ મારું જીવન લેશે ? રાજા પોતાની છાતી કઠણ કરીને નમ્રતા સાથે કૈકેયીને પ્રિય લાગનારા વચન બોલ્યા. હે પ્રિયે ! વિશ્વાસ અને પ્રેમને નષ્ટ કરીને આવા ખોટા વચન કેમ કહી રહ્યાં છો ? મારે તો રામ અને ભરત બંને મારી આંખો છે. હું આ શંકરની સાક્ષીએ કહ્યું છું કે,

अवसि दूतु मैं पठइब प्राता ।
ऐहहिं बेगि सुनत दोउ भ्राता ॥

હું સવારે ચોક્કસ દૂત મોકલીશ અને બંને ભાઈ ભરત અને શત્રુઘ્નને શીઘ્ર લઈ આવે. સારો દિવસ જોવડાવીને સર્વ તૈયારી કરીને હું ભરતને રાજ્ય આપી દઈશ. રામને રાજ્યનો લોભ નથી અને ભરત ઉપર તેમનો ઘણો જ સ્નેહ છે. ■

(ક્રમશઃ આવતા અંકમાં)

## ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# ભક્ત નરસિંહનો અધ્યાત્મ પથ

**પ્રસ્તાવ :** પ્રત્યેક માનવી પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે અને તદનુસાર પ્રત્યેક સાધક પણ પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે. કોઈ બે સાધક સંપૂર્ણ સમાન ન હોઈ શકે તો કોઈ બે સાધકનો આધ્યાત્મપથ પણ સંપૂર્ણ સમાન ન હોઈ શકે. તદનુસાર ભક્ત નરસિંહનો પણ એક વિશિષ્ટ અધ્યાત્મપથ છે. આપણે અહીં ભક્ત નરસિંહના આધ્યાત્મપથના વિશિષ્ટ સ્વરૂપને સમજીએ.

**૧. ભક્ત નરસિંહના અધ્યાત્મપથની લાક્ષણિકતાઓ :** ભક્ત નરસિંહના અધ્યાત્મપથની સોપાનબદ્ધ નથી, શ્રેણીબદ્ધ નથી. તેથી ભક્ત નરસિંહના આધ્યત્મપથની આલોચના કઠિન છે. ભક્ત નરસિંહ કોઈ સંપ્રદાયમાં બદ્ધ નથી. ભક્ત નરસિંહના કોઈ ગુરુ નથી અને ભક્ત નરસિંહ કોઈ માનવગુરુ દ્વારા દીક્ષિત નથી.

**આધ્યત્મપથના સ્વરૂપના વિશે એક સુંદર વિધાન છે.**

"નકશા-હુકુમ ઈમારત ચલે,"
વૃક્ષ ચલે નિજ લીલા"

ઈમારત તૈયાર કરવી હોય તો તેનો નકશો બનાવી શકાયય વૃક્ષના વિકાસનો નકશો ન બનાવી શકાય. આધ્યાત્મપથનો પણ નિશ્ચિત નકશો ન બનાવી શકાય. કારણ આધ્યાત્મપથ જીવંત ઘટના છે અને પ્રત્યેક સાધકનો આધ્યાત્મપ વિશિષ્ટ તો છે જ.

આ વિધાન ભક્ત નરસિંહને વિશેષ રીતે લાગુ પડે છે, કારણ કે ભક્ત નરસિંહ પોતે વિશિષ્ટમાં પણ વિશિષ્ટ છે અને તેમનો આધ્યાત્મપથ પણ વિશિષ્ટમાં વિશિષ્ટ છે.


**કારણ કે આ નરસિંહ છે!**

**૨. અધ્યાત્મપથનાં બે સ્વરૂપો છે -** પિપીલિકા માર્ગ અને વિહંગ માર્ગ.

એક એક પગલું ચોક્સાઈપૂર્વક મૂકીને ક્રમબદ્ધ આગળ વધવાનો અધ્યાત્મપથ તે પિપીલિકા માર્ગ છે. ક્રમબદ્ધતાની સોપાનશ્રેણી છોડીને છલાંગ મારીને કે ઊડીને આગળ વધવાનો માર્ગ વિહંગમાર્ગ છે.

નરસિંહનો અધ્યાત્મપથ વિહંગ-માર્ગ છે. ભક્તનરસિંહ શિવકૃપા અને કૃષ્ણપ્રેમની પાંખે ઊડીને સીધા જ કૃષ્ણ પાસે પહોંચી જાય છે. નરસિંહ છલાંગ મારીને અધ્યાત્મગઢ સર કરે તેવા વીર સાધક છે.ધરતી પર માનવો ચાલે છે; પરંતુ આકાશમાં પક્ષીઓ ઊડે છે, તેમનાં પગલાં પડતાં નથી, તેમની કોઈ પગદંડી રચાતી નથી અને છતાં પક્ષીઓ પોતાના માળે પહોંચે છે. નરસિંહનો અધ્યાત્મપથ આવો અધ્યાત્મપથ છે.

**૩. ભક્ત નરસિંહ ભક્તિમાર્ગી અધ્યાત્મ પથિક છે.** ભક્તિનાં બે વિશાળ સ્વરૂપો છે. વૈધી ભક્તિ અને પ્રેમલક્ષણાભક્તિ. વૈધી ભક્તિમાં વિધિ પ્રધાન છે અને તે ભક્તિનું પ્રારંભિક સ્વરૂપ છે. પ્રેમલક્ષણાભક્તિ તેના નામ પ્રમાણે



પ્રેમસ્વરૂપિણી છે. આ ભક્તિમાં વિધિ નહિ; પરંતુ પ્રીતિ પ્રધાન છે. સામાન્યક્રમ એવો છે કે વૈધી ભક્તિના પર્યાપ્ત અનુશીલથી ભગવત્પ્રેમની પ્રાપ્તિ થાય છે અને ભક્તનો પ્રેમલક્ષણાભક્તિમાં પ્રવેશ થાય છે ; પરંતુ સામાન્ય ક્રમને અનુસરે તો-તો નરસિંહ શાના?

ભક્ત નરસિંહને તો પ્રારંભથી જ કૃષ્ણપ્રેમ પ્રાપ્ત થયો છે. ભગવાન શિવ જ નરસિંહને કૃષ્ણ સુધી દોરી ગયા છે. નરસિંહનું પોત જ કૃષ્ણભક્તનું પોત છે. ભક્ત નરસિંહે વૈધી ભક્તિનું અનુસરણ કર્યુ જ નથી, એમ તો નહિ; પરંતુ વૈધી ભક્તિના અનુસરણ દ્વારા અને વૈધી ભક્તિના અનુસરણ પછી નરસિંહને પ્રેમલક્ષણાભક્તિની પ્રાપ્તી થઈ નથી. પ્રેમ તો નરસિંહની ચેતનામાં પ્રારંભથી જ લબાલબ ભરેલો છે. વૈધી ભક્તિનું અનુસરણ જોવા મળે છે તે તો નરસિંહના મનની મોજ છે અને નરસિંહના પ્રેમની અભિવ્યક્તિ છે. પ્રેમલક્ષણાભક્તિની પ્રાપ્તિ તો નરસિંહને પ્રથમ પગલે જ થઈ છે, અને છતાં મનની મોજ કે ભાવની અભિવ્યક્તિ ખાતર નરસિંહે વૈધી ભક્તિનું અનુસરણ પણ કર્યુ છે.

**૪. અધ્યાત્મપથનો સામાન્યક્રમ એવો** છે કે સાધક સાધન કરે છે, અર્થાત દીર્ઘકાળ પર્યંત અધ્યાત્મપથ પર ચાલે છે અને અંતે તેને ભગવત્પ્રાપ્તિ થાય છે. ભગવત્-પ્રાપ્તિ તો સિદ્ધિ છે, જે સાધનાને અંતે ફલિત થાય છે. પરંતુ આ તો સામાન્યક્રમ છે. નરસિંહ તો જન્મથી જ અસામાન્ય છે. સામાન્યક્રમ તેને લાગુ પડે નહિં.

નરસિંહને શિવજીએ કૃષ્ણદર્શન સુધી પહોંચાડ્યા છે. નરસિંહને પહેલાં કૃષ્ણપ્રાપ્તિ થઈ છે અને પછી કૃષ્ણભક્તિ થઈ છે. નરસિંહને પહેલાં સિધ્ધિ મળી છે અને પછી સાધનક્રમનો પ્રારંભ થયો છે. નરસિંહને પહેલાં કૃષ્ણદર્શન થયાં છે, અને પછી તેની શોધ - આવો અનેરો નરસિંહનો અધ્યાત્મપથ છે.

સામાન્ય ક્રમ એવો છે કે પહેલાં ફૂલ અને પછી ફળ આવે છે. નરસિંહ માટેનો ક્રમ જુદો જ છે. નરસિંહના અધ્યાત્મજીવનમાં પહેલા ફળ અને પછી ફુલ આવે છે. આવો અનેરો છે, નરસિંહનો અધ્યાત્મપથ!

**૫. નરસિંહ કોઈ સંપ્રદાયમાં દીક્ષિત નથી :** નરસિંહ જેવું વ્યક્તિ કોઈ ગુરુના વિધિવત્ શિષ્ય બન્યા નથી. નરસિંહે કોઈ સંપ્રદાય ચલાવ્યો નથી અને નરસિંહની કોઈ શિષ્યપરંપરા પણ નથી.

ભક્ત નરસિંહનું અધ્યાત્મ સાધન ભગવાનના માર્ગદર્શન પ્રમાણે જ થયું છે. બહાર દેખાતા અને અંદર બેઠેલા શ્રીકૃષ્ણના માર્ગદર્શન પ્રમાણે નરસિંહ જીવન જીવ્યા છે અને તદનુસાર જે અધ્યાત્મ સાધનનું તેમણે અનુષ્ઠાન કર્યું છે.

**૩. નરસિંહનું અધ્યાત્મ સાધન :** હવે આપણે જોઈએ કે ભક્ત નરસિંહે ક્યા ક્યા અધ્યાત્મનું કઈ રીતે અનુષ્ઠાન કર્યું છે.

# ધર્મ સૃષ્ટિ

**૧. અભીપ્સા** : અભીપ્સા એટલે ભગવત્ પ્રાપ્તિની ઝંખના. યથાર્થ અભીપ્સા અધ્યાત્મપંથનો પાયો છે. અધ્યાત્મસાધનને ગતિ આપનાર શક્તિ છે.

અભીપ્સા = અભી + ઈપ્સા. ઈપ્સા એટલે મેળવવાની ઈચ્છા. ભગવત્ પ્રાપ્તિની ઈચ્છા અન્ય ઈચ્છાઓ કરતાં તદ્દન ભિન્ન પ્રકારની હોય છે, તેનું સ્વરૂપ જ ભિન્ન હોય છે, તેથી તે માત્ર ઈપ્સા નથી; પરંતુ અભીપ્સા છે.

અભીપ્સા વિનાની સાધના કાળાંતરે મંદ પડી જાય છે. અભીપ્સા તો સાધનાનો પ્રાણ છે. અભીપ્સા સાધકને અધ્યાત્મપથ પર મૂકે છે. અભીપ્સા સાધકને અધ્યાત્મપથ પર ચલાવે છે. અભીપ્સા સાધનાને વેગ આપે છે અને આખરે અભીપ્સા જ સાધકને ભગવાન સુધી પહોંચાડે છે.

અન્ય કોઈ સાધન ન હોય, પણ અભીપ્સા સાચી હોય તો બીજા સાધનો આવી જાય છે અને યોગ્યતા પણ આવી જાય છે; પરંતુ અન્ય સાધનો હોય અને અભીપ્સા ન હોય તો અન્ય સાધનો નિષ્પ્રાણ બની નિષ્ફળ જાય છે.

નરસિંહની અભીપ્સાનું શું કહેવું ? આ નરસિંહે સાત દિવસની તીવ્ર અભીપ્સાના જોર પર શિવજીને પ્રાપ્ત કર્યા છે અને તે જ અભીપ્સાના જોર પર શિવ દ્વારા શ્રીકૃષ્ણને પ્રાપ્ત કર્યા છે. પરમાત્માથી વિખૂટો પડી ગયેલો જીવ ફરીથી પોતાના નિજસ્વરૂપ પરમાત્માને પામવા માટે આતુર રહે છે. આ આતુરતા, તે જ અભીપ્સા છે.

જેમ દાહકતા અગ્નિનું સ્વરૂપગત લક્ષણ છે, તેમ અભીપ્સા અંતરાત્માનું સ્વરૂપગત લક્ષણ છે. જેમ અગ્નિ પર રાખ ચડી જાય તો દાહકતા જણાય નહિ; તેમ અંતરાત્મા પર અવિદ્યા અને રાગદ્વેષાદિનું આવરણ ચડી જાય તો અભીપ્સા જણાય નહિં, તેમ બની શકે છે; પરંતુ અભીપ્સા હોય જ નહિ. તેમ બની શકે નહિં. આ અવિદ્યા આદિ દૂર થતાં જ્વલંત અભીપ્સા પ્રજ્વલિત થાય છે.

નરસિંહની વાત જ જુદી છે. નરસિંહ તો ધગધગતી અભીપ્સા લઈને જ જન્મા છે. નરસિંહની અભીપ્સાની તીવ્રતા અગ્નિશિખા જેવી છે. અતિ વિપરીત સંયોગોમાં પણ નરસિંહની અભીપ્સા કદી મંદ પડી નથી.

આ અભીપ્સા - ભગવદ્ પ્રાપ્તિની તીવ્ર ઝંખના, નરસિંહની જેમ ભગવાને સૌને આપી છે.

**"સબ ઘટ મેરો સાંઈ રમે ખાલી ઘટ નહિ કોઈ**

**બલિહારી તા ઘટકી, જા ઘટ પરગટ હોઈ."**

**સવાલ છે - અભીપ્સાને જાળવવાનો !**

**પ્રશ્ન છે આ અભીપ્સાને અનુરૂપ સાધનામાં પ્રવૃત્ત થવાનો!**

**૨. વ્યાકુળભાવે પ્રાર્થના** : ભગવાનને વ્યાકુળભાવે પ્રાર્થના કરવી - આ ભક્તોની ઉત્તમ સાધના છે. પ્રાર્થના અભીપ્સાનું સક્રિય સ્વરૂપ છે. અભીપ્સામાંથી પ્રભુમિલન માટે વ્યાકુળતા અને પ્રભુદર્શન માટે પ્રાર્થના પ્રગટે છે.

ભક્તો દ્વારા ભગવાને વ્યાકુળભાવે પ્રાર્થના થઈ હોય અને અનુત્તરિત રહી હોય તેવું દૃષ્ટાંત વિશ્વના ઈતિહાસમાં નોંધાયું નથી. ઠાકુર રામકૃષ્ણના જીવનમાં આ જ સાધના અર્થાત્ વ્યાકુળભાવે પ્રાર્થનાથી જ જગદંબા પધાર્યા હતાં.

ભગવાને વ્યાકુળભાવે પ્રાર્થના કરવી, ભગવાન માટે વ્યાકુળભાવે રુદન કરવું, તે એવી સમર્થ સાધના છે કે ભગવાન પણ ભક્તને મળવા આતુર બની જાય છે. દ્રૌપદી માટે ભગવાન દોડ્યા હતા. જેમણે ગજરાજનો પુકાર સાંભળ્યો તે શું પોતાના ભક્તનો પુકાર ન સાંભળે ?

નરસિંહનો પુકાર સાંભળીને ભગવાન કેટલી વાર તેમના જીવનમાં આવ્યા? શામળનો વિવાહ, કુંવરબાઈનું મામેરું, હૂંડીનો પ્રસંગ, હારનો પ્રસંગ આદિ અનેકવાર નરસિંહનો આર્તપુકાર સાંભળીને ભગવાન દોડી આવ્યા છે ! ભક્ત જ ભગવાનને મળવા આતુર હોય છે, તેમ નથી. ભગવાન પણ ભક્તને મળવા આતુર હોય જ છે ! જો ભક્ત નરસિંહની પ્રાર્થના ભગવાન ન સાંભળે તો કોની સાંભળે ? નરસિંહના આર્તપુકારનો ભગવાન પ્રત્યુત્તર ન આતે તો તે ભગવાન શાના?

ભગવાનની કૃપા તો સૌ ભક્તોને મળે છે; પરંતુ ભગવાનની પ્રીતિ તો કોઈ વિરલ ભક્તને જ મળે છે. નરસિંહને ભગવાનની કૃપા તો મળી જ છે. અને સાથેસાથે પ્રીતિ પણ મળી જ છે. ભક્ત નરસિંહે વ્યાકુળ પ્રાર્થનાના સામર્થ્યથી ભગવાનને પોતાના કરી લીધા છે.

**૩. મધુરભાવે ભક્તિ** : પાંચ ભાવ છે - શાંતભાવ, દાસ્યભાવ, સખ્યભાવ, વાત્સલ્યભાવ અને મધુરભાવ.

નરસિંહની ભક્તિ તો સર્વભાવે ભક્તિ છે. પરંતુ વિશેષતઃ નરસિંહની ભક્તિ મધુરભાવની ભક્તિ છે. નરસિંહનાં પદોમાં સૌથી વધુ સંખ્યાનાં પદો મધુરભાવનાં પદો છે.

મધુરભાવની ભક્તિમાં ભક્ત અને ભગવાન વચ્ચે પ્રિયતમા-પ્રિયતમ કે પત્ની-પતિનો સંબંધ જોડવામાં આવે છે. મધુરભાવને કાન્તભાવ પણ કહેવામાં આવે છે. રાધાજી, ગોપીઓ, અષ્ટપટ્ટરાણીઓ, આંડાલ આદિની ભક્તિ મધુરભાવની ભક્તિ છે. મધુરભાવની ભક્તિમાં શાંતભાવ, દાસ્યભાવ, સખ્યભાવ અને વાત્સલ્યભાવ તો હોય જ છે; પરંતુ તે ચારેથી અધિક પણ કાંઈક હોય છે.

આપણે લૌકિક અર્થમાં પતિ-પત્નીના ભાવ અને સંબંધનો જે અર્થ કરીએ છીએ, તેવો અર્થ મધુરભાવની ભક્તિનો નથી. મધુરભાવ ભક્તિનું, ભાવનું એક સ્વરૂપ છે, સંબંધનું સ્વરૂપ નથી. જીવ ગોપીરૂપ અને ઈશ્વર પતિરૂપ છે, તેમ ગણવામાં આવે છે.

મધુરભાવ એટલે પતિ-પત્નીનો સંબંધ નહિં; પરંતુ મધુરભાવ એટલે પરમાત્મા પ્રત્યે જીવની પ્રગાઢ પ્રીતિ. આવી પ્રીતિ નરસિંહને કૃષ્ણ પ્રત્યે હતી. નરસિંહના મધુરભાવનો આવો અર્થ છે.

મધુરભાવમાં ભાવ મુખ્ય છે, તેથી પુરુષભક્ત પણ મધુરભાવે કૃષ્ણની ભક્તિ કરી શકે છે. ચૈતન્ય મહાપ્રભુમાં આવી મધુરભાવની તીવ્રભક્તિ જોવા મળે છે. આમ નરસિંહ પુરુષ હોવા છતાં નરસિંહે મધુરભાવે શ્રીકૃષ્ણની ભક્તિ કરી છે. આ એક વિરલ ઘટના છે; પરંતુ સત્ય ઘટના છે.

**૪. સમર્પણ** : અધ્યાત્મપથ અનેક રહસ્યોથી ભરપૂર માર્ગ છે. અધ્યાત્મજગત મૂલ્યવાન રહસ્યોની ખાણ છે. તેથી જ અધ્યાત્મવિદ્યાનું બીજું નામ 'રહસ્યવિદ્યા' છે. અધ્યાત્મપથનાં રહસ્યોમાં સૌથી મૂલ્યવાન અને સૌથી મહત્વપૂર્ણ તથા સર્વોચ્ચ રહસ્ય ક્યું છે?


(ક્રમશ આવતા અંકે.....)



ડો. ભાવેશ જેતપરિયા
કવિ, લેખક, સંશોધક અને પૂર્વ પ્રોફેસર
જે. એ. પટેલ મહિલા કોલેજ, મોરબી

# દો પાટન કે બીચ મેં...

આપણે જેને જીવન કહીએ છીએ તે જન્મ અને મૃત્યુની વચ્ચે જીવવાનું હોય છે. ઈશ્વરની વ્યવસ્થા મુજબ શરીરથી સુયોગ એટલે જન્મ અને વિયોગ એટલે મૃત્યુ છે. સૃષ્ટિમાં જે ઉત્પન્ન થાય છે તેનો નાશ કે અંત પણ સુનિશ્ચિત છે. પ્રકૃતિનો આ અતૂટ ક્રમ છે. સમગ્ર સંસાર ત્રણેય કાળ સાથે અનુબંધિત છે. આપણો વર્તમાન એટલે જીવન, ભૂતકાળ એટલે મૃત્યુ છે અને ભવિષ્ય જન્મ-મરણની મિશ્રિત આશાઓનો મિનારો છે. કબીરસાહેબ કહે છે.



ચલતી ચક્કી દેખ કે દિયા કબીરા રોય;
દો પાટન કે બીચ મેં સાબુત બચા ન કોય.

પરિવર્તન સંસારનો નિયમ છે. જન્મવું, મરવું અને ગર્ભવાસ કરવો એ જીવાત્માની નિયતિ છે. બૌદ્ધ ધર્મ અનુસાર આ જીવનચક્ર ચાલ્યા કરે છે. શોક કરવાથી મૃત્યુ અટકતું નથી એટલે શોક કરવો વ્યર્થ છે. મૃત્યુ અસહ્ય છે છતાં જીવાત્માએ સ્વીકારવું પડે એવું સત્ય છે. જીવાત્મા પંચભૂતનો પિંડ છે. પંચભૂતનું સૂક્ષ્મ રીતે અન્યોન્ય જોડાણ થાય છે ત્યારે જીવ અને જીવનનો અવિર્ભાવ થાય છે. જ્યાં સુધી આ પંચભુતનું સંતુલન જળવાઈ રહે છે ત્યાં સુધી જીવન ટકી રહે છે અને સંતુલન ખોરવાય ત્યારે જીવનનો અંત આવે છે. એવું સમજાવતા એક કવિ કહે છે :

તત્વોનું એક થઈને રહેવું એટલે જીવન,
મૃત્યુ એટલે તત્વોનું વીખરાઈ જવું.

જ્યારે મનુષ્યનું મૃત્યુ થાય છે ત્યારે જેના માટે તે જિંદગીભર દોડતો રહ્યો તે બધું અહીંયા રહી જાય છે. જીવનભર સાથ આપવાનું વચન આપનારા અંત્યેષ્ટિ સુધી સાથ આપે છે. જીવાત્માનું ધર્મ-કર્મ સાથે આવે છે. સ્વજનનું મૃત્યુ થાય છે ત્યારે જે શરીરને જોઈને સ્નેહ અને મમતા હતી તે શરીરમાંથી તેનો સ્વામી ચાલ્યો ગયો. તમે તેટલી લાગણી હોય તો પણ આપણે મૃતદેહનો જલ્દી અંતિમ સંસ્કાર કરી નાખવા તરફ જોઈએ છીએ. આપણને છોડીને જનારને જ્યાં સુધી આપણે આપણા સમજીએ છીએ ત્યાં સુધી શોક રહે છે. જીવિત હોય ત્યાં સુધી દિવંગત આપણા છે, મુત્યુ પછી આપણા રહેતા નથી. એ સત્ય સ્વીકારીને દુઃખદ ક્ષણે જ્ઞાન અને વિવેકથી ધૈર્ય ધારણ કરવું યોગ્ય છે.

મૃત્યુ ઈશ્વરને આધીન છે. સૃષ્ટિની કોઈ ચીજ ખતમ થતી નથી પણ તેનું સ્વરૂપ બદલે છે. મૃત્યુ પલની ઘટના હોવા છતાં પ્રતિપળ, ઘટતી જતી ઘટના છે. કવિ કરસનદાસ લુહાર સરસ કહે છે.

સ્વત્વને હરપળ હણાતું જોઉં છું,
શ્વાસનું ખેતર લણાતું જોઉં છું.
જન્મનું ઝભલું હજુ પહેર્યું નથી,
ને કફન મારું વણાતું જોઉં છું.

જીવાત્મા મૃત્યુ પછી શું થયું એ કહેવા રોકાતો નથી, કહેવા આવતો નથી એટલે જીવાત્મા વિધવિધ તર્કવિતર્ક કરે છે. જે છે તે બધું મૂકીને જવાનું છે એટલે દુઃખ અનુભવે છે અને જ્યાં જવાનું છે એની ખબર નીત અને મૃત્યુ વિશે વિવિધરંગી વાતો સાંભાળેલી હોવાથી ડર લાગે છે. આમ તો મૃત્યુ જેવું કશું છે જ નહીં માત્ર સ્થળાંતર જ છે. જીવન લાંબા ગાળાની યોજના છે અને મૃત્યુ તત્ક્ષણ આવી જાય છે. જીવન દરમ્યાન એક જ કકળાટ સંભળાય છે કે મોંઘો મનુષ્ય દેહ માંડ મળ્યો છે છતાં માણસને જીવતા નથી આવડતું. જીવવું જ અઘરૂં છે. આત્મહત્યા પાપ છે, કાયદાકીય અપરાધ પણ છે. જીવ વહાલો છે એટલે જીવ કાઢવો સરળ હોવા છતાં કઠીન લાગે છે. જન્મ અને મૃત્યુ રહસ્યમય ઘટના છે. એક શાયર કહે છેઃ

કોણ, ક્યારે, કેમ આવે જાય છે !
જિંદગી કે મોત ક્યાં સમજાય છે !

અર્જુનનો વિષાદ દૂર કરવા શ્રી કૃષ્ણ કહે છે કે, જીવતા મરેલાનો શોક જ્ઞાનીઓ કરતા નથી. જેવી રીતે દેહધારીને આ દેહમાં બાલ્ય, યૌવન અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તેવી રીતે બીજા દેહની પ્રાપ્તિ થાય છે. ધીરજવાળો મોહ પામતો નથી. શ્રદ્ધાવાનને પુનર્જન્મનોમાં વિશ્વાસ હોય છે. પુનર્જન્મ ન હોય તો સત્કર્મો, નીતિ, ન્યાય, કર્મફળ તેમજ ત્રિકાળજ્ઞાન

આ બધું અર્થહીન બની રહે. જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી મુડદલ જીવવું ન જોઈએ. જીવનને સુંદર બનાવવું એ કલા છે. મૃત્યુ જિંદગીનું મોટું નુકસાન નથી, નુકસાન તો એ સમયનું છે જે જીવન હોવા છતાં જીવતા નથી આવડતું. જીવનનો સ્વાદ જે રીતે ચાખવાનો હોય એ રીતે ચાખ્યો નથી. જીવનનો મર્મ સમજી જાય તેને મૃત્યુ સહજ લાગે છે અને સહર્ષ આવકારે છે. નરસિંહ મહેતા કહે છે :

મરમ સમજ્યા વિના, ભરમ ભાંગે નહિ...

યુધિષ્ઠિર યક્ષને ઉત્તર આપતા આ રહસ્ય સમજાવે છે કે, સંસારમાં રોજરોજ પ્રાણીઓ મૃત્યુ પામે છે છતાં બાકીના મનુષ્યો એવી આશા સાથે વર્તે છે કે પોતે અમર છે અને શાંતિથી જીવે છે. જીવનમાં મર્મની ખબર નથી એ મૃત્યુનો સ્વીકાર કરતો નથી. એ મોટું આશ્ચર્ય છે. મૃત્યુ દરેક પ્રકારના થાકને દૂર કરે છે છતાં જીવતર થકવી દેનારું લાગે છે. એક શેર યાદ આવે છે.

'બેફામ'તોયે કેટલું થાકી જવું પડ્યું,

નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.

મૃત્યુ જવાબદારીઓમાંથી મુક્ત કરે છે. જીવનનું ધ્યેય મૃત્યુ તરફ જવાનું છે. જગતની ડેલીમાંથી કોઈ જીવતું બહાર જતું નથી. ઘણા જન્મારો સફળ કરીને જાય છે. જન્મથી જ મૃત્યુ તરફની દોટ શરૂ થઈ જાય છએ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

આ તનરંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી;

અસંખ્ય ગયા ધનસંપત્તિ મેલી, તારી નજરું આગે જી.

માણસ કેવી રીતે મૃત્યુ પામ્યો એ મહત્વનું નથી, પરંતુ તે કેવી રીતે જીવ્યો તે મહત્વનું છે. આપણે જન્મોત્સવની ખુશાલીમાં મૃત્યુ આવશે તેની પરવા કરતા નથી. બધું મુકીને જવાનું હોવાથી મૃત્યુની ઘટના ગમતી નથી. મૃત્યુ જીવનમાત્રની આખરી મંઝિલ છે. દરેક શ્વાસ આપણને મૃત્યુની નજીક લઈ જાય છે. શ્વાસ બંધ અસત્વ સમાપ્ત. જગત સાથે જૂની શરત ખતમ. એ વિશે ભોજા ભગત કહે છે.

જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ના રાખે ભાઈ....

કાળને માટે કોઈ પ્રિય કે અપ્રિય નથી. કાળ બધાને ખાઈ જાય છે. બધા લોકો કાળના બંધનમાં બંધાયેલા છે. એથી દરેક સંબંધ કાળના પ્રવાહમાં વહી જાય છે. ભોજા ભગત કહે છે.

મૂરખો મોહના ઘોડે ચડે, માથે કાળ નગારા ગડગડે...

મોટાભાગના માણસોને મૃત્યુ અણધાર્યું મળે છે, કોઈને મૃત્યુનો પૂર્વાભાસ થાય છે, કોઈને જાગૃતવસ્થામાં મૃત્યુનો સાક્ષાત્કાર કરીને આંખ મીંચે છે. આજ નહિ તો કાલ હું મૃત્યુ પામીશ તે યાદ રાખનારો જીવાત્મા જીવન સુંદર બનાવીને મોત સુધારી લે છે. મૃત્યુ સત્ય છે. અર્થહીન જીવન જીવવા કરતાં અર્થપૂર્ણ મૃત્યુ ઉત્તમ છે. જ્ઞાની માણસને તેનું આશ્ચર્ય નથી થયું. યુયુત્સુ માટે એક યુદ્ધ પરિપૂર્ણ કરીને બીજા યુદ્ધની તૈયારી આદરે છે. એના ચહેરા પર વિજયનું સ્મિત હોય છે.શેખાદમ ખુમારીથી જીવવાનું કહે છે.

અમને નાખો જિંદગીની આગમાં, આગને પણ ફેરવીશું બાગમાં;

સર કરીશું આખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં.

નરસિંહ મહેતા કહે છે: 'શરીર છોડ્યા વિના સાર નહીં સાપડે...' જીવાત્માએ આત્મા અને શરીરનો ભેદ જાણવો જોઈએ. મૃત્યુ સમયે દેહનો નાશ થાય છે. આત્મા તો અજન્મા, શાશ્વત, પુરાતન, અવિનાશી, નિત્ય, અજન્મા અને અવિકારી છે. જેમ નવાં વસ્ત્રો પહેરવાથી આપણી રસ, રુચિ કે સ્વભાવ બદલાતા નથી. તે રીતે શરીરના પંચભૂતો જ બદલાય છે. બાકીના તત્વોવાળું સૂક્ષ્મ શરીર એનું એજ રહે છે. પુનર્જન્મની પ્રક્રિયાથી જ જગતની સ્થિરતા જળવાઈ રહે છે. ભગવતગીતામાં કહ્યું છે કે કર્મ મુજબ જીવાત્માની ગતિ થાય છે. શરીર છોડ્યા બાદ સાત્વિક મનુષ્યની ઉત્તમ ગતિ થાય છે. રાજસી મનુષ્યની મધ્યમ ગતિ થાય છે અને તામસિક મનુષ્યો નિમ્ન યોનિમાં જન્મ ધારણ કરે છે.

उर्ध्व गच्छन्ति सत्वस्था मध्ये तिष्ठन्ति राजला : ।

जधन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥

મૃત્યુ સમયે માણસના ચિત્તમાં જે વિચાર ચિંતન ચાલે છે તેને જ તે પામે છે. કર્મ એકઠી કરેલી પૂંજી છે. સિલક હોય ત્યાં સુધી સ્વર્ગ સુખ મળે છે. નરસિંહ મહેતા કહે છે:

પુણ્ય કરી અમરાપુરી પામ્યા અંતે ચોરાસી માંહી રે...

જીવાત્માએ સત્કર્મ કરતા રહી સુરતાને પરમ સાથે જોડીને નિર્લેપભાવે જીવવું જોઈએ. માયામુક્ત થવાથી મૃત્યુ બહુ અકારું નહિ લાગે. મૃત્યુ મનુષ્યના જીંદગીભરના થાકને દૂર કરે છે. ઈશ્વરની પરમ ચેતનામાં એકરૂપ થઈ ગયા પછી શરીર છોડનારને નિર્વાણ પ્રાપ્ત થાય છે. શુભ કર્મ કરનારો દુર્ગતિને પામતો નથી. પરમ સમીપે જવાનો અવસર એટલે મૃત્યુ. એ રીતે વિચારીએ તો મૃત્યુ આનંદની ઘડી છે.

મો. ૯૯૨૫૧ ૭૪૧૭૬

# ધર્મ સૃષ્ટિ



**સંજયભાઈ ડી. પટેલ**
મહામંત્રી કેન્દ્રીય સામાજિક સંગઠન સમિતિ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

# જાણો મંદિર પર ધજા શા માટે ફરકાવવામાં આવે છે અને તેનું મહત્વ:



વિવિધ મંદિરો દેવસ્થાનો માં ધજા શા માટે ફરકે છે ? એવો સવાલ આપણને ક્યારેક તો જરુર થયો જ હશે? ધજાનું આધ્યાત્મિક મહત્વ અનેરું છે. ફરકતી ધજા મંદિર માટે અગત્યની છે. ધજા મંદિરના શિખર પર એક દંડમાં ફરકતી રહે છે, વરસાદ હોય કે પવન, પણ તે ફરકવાનું ભૂલતી નથી. આપણે જુદાં જુદાં મંદિરોમાં જુદાં જુદાં રંગની ધજાઓના દર્શન કરીએ છીએ. ધજા બનાવવા માટે સાટિન અથવા રેશમનું કાપડ વપરાય છે. જેને સજાવવા માટે તૂઈ કે જરીનો ઉપયોગ થાય છે.

મંદિર ઉપર ધજા શા માટે ? એનો જવાબ મંદિર નિર્માણ શાસ્ત્રમાં સોમપુરાઓએ લખ્યો છે કે, મંદિર એ દેવ શરીર સ્વરૂપ છે, એના પાયા એ પગ છે. એના પિલર ઘૂંટણ છે, ગર્ભગૃહ એનું હૃદય છે અને તેમાં પ્રગટી રહેલો દીવો આત્માનું પ્રતીક છે. જ્યારે શિખર એ મસ્તક છે ઉપર ફરકતી ધજા એ કેશ સ્વરૂપે ફરકે છે તેવું વર્ણન છે. બ્રહ્માંડમાંથી દેવી શક્તિને તથા સકારાત્મક તરંગોને મંદિરમાં બોલાવવા માટે ધજા એ રડાર જેવું કામ કરે છે. દ્વારકાધીશના મંદિરમાં ચડતી બાવનગજની ધજા ચડાવનાર ભક્તને બાવન સંયોગો તથા લાભની પ્રાપ્તિ થાય છે.

આ ધજાને મસ્તકે ચડાવવાથી ચિંતામુક્તિનો અનુભવ થાય છે. બાવન ગજની ધજાનો અર્થ આ પ્રમાણે છે.

૪ દિશા, ૧૨ રાશિ, ૯ ગ્રહો, ૨૭ નક્ષત્રોનો સરવાળો ૫૨ થાય છે. જેથી એવું કહેવાય છે કે, કોઈપણ મંદિરના દર્શને જઈએ ત્યારે ધજાના દર્શન અવશ્યથી કરવા જોઈએ. ધજાના મનોરથથી ભક્તના મનમાં કાયમી અલૌકિક મીઠી યાદ રહે છે. ધજા માનવ જીવનને ધન્ય બનાવે છે.

**મંદિરમાં શા માટે ચપ્પલ બહાર ઉતારવાં :** મંદિરમાં ઉઘાડા પગે પ્રવેશવું પડે છે, આ નિયમ વિશ્વના દરેક હિન્દુ મંદિરોમાં છે. તેની પાછળ વૈજ્ઞાનિક કારણ એ છે કે મંદિરના માળનું નિર્માણ પ્રાચીન કાળથી જ એવી રીતે કરવામાં આવ્યું છે કે તે વિદ્યુત અને ચુંબકીય તરંગોનો સૌથી મોટો સ્રોત છે. જ્યારે વ્યક્તિ આના પર ઉઘાડા પગે ચાલે છે, ત્યારે મહત્તમ ઉર્જા પગ દ્વારા શરીરમાં પ્રવેશે છે.

**દીવો પ્રગટાવવાનું વૈજ્ઞાનિક કારણ:** આરતી પછી બધા લોકો તેમના હાથ દીવા અથવા કપૂર પર રાખે છે અને પછી તેને માથા પર લગાવે છે અને આંખોને સ્પર્શ કરે છે. આમ કરવાથી, હળવા ગરમ હાથથી દિવ્ય દ્રષ્ટિની ભાવના સક્રિય થાય છે અને વ્યક્તિને સારું લાગે છે.

**મંદિરમાં ઘંટ વગાડવાનું કારણ:** જ્યારે પણ કોઈ વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરે છે, ત્યારે દરવાજા પર ઘંટ વગાડવામાં આવે છે. મુખ્ય મંદિરમાં મા પ્રવેશ કરતી વખતે ઘંટ વગાડવો પડે છે (જ્યાં ભગવાનની મૂર્તિ પણ સ્થિત છે), તેની પાછળનું કારણ એ છે કે તેમાંથી નીકળતો અવાજ સાત સેકન્ડ સુધી ગુંજતો રહે છે જે શરીરના સાત હીલિંગ કેન્દ્રોને સક્રિય અને કુંડલિનિ શક્તિ જાગૃત કરે છે.

**મંદિરમાં ભગવાનની મૂર્તિ :** મંદિરમાં ભગવાનની મૂર્તિ ગર્ભગૃહની મધ્યમાં મૂકવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ સ્થાન પર સૌથી વધુ ઉર્જા હોય છે, જ્યાં સકારાત્મક ઉર્જા શરીરમાં પહોંચે છે અને સકારાત્મક વિચાર સાથે ઉભા રહેવા પર નકારાત્મકતા દૂર ભાગી જાય છે.

**પરિક્રમા કરવા પાછળનું વૈજ્ઞાનિક કારણ:** દરેક મુખ્ય મંદિરમાં દર્શન કર્યા પછી જ્યારે મંદિરમાં પરિક્રમા કરવામાં આવે છે, ત્યારે તમામ સકારાત્મક ઉર્જા શરીરમાં પ્રવેશ કરે છે અને મનને શાંતિ મળે છે. પરિક્રમા સાથે જોડાયેલી ખાસ વાતો: સૂર્યદેવની સાત, ભગવાન ગણેશની ચાર, ભગવાન વિષ્ણુની ચાર અને તેમના તમામ અવતારની ચાર પરિક્રમા કરવી. દેવી દુર્ગાની ત્રણ, હનુમાનજી અને શિવની અડધી પરિક્રમાનો નિયમ છે. શિવની અડધી પરિક્રમા કરવામાં આવે છે, આ સંબંધમાં એવું માનવામાં આવે છે કે સાંકેતિક ગૌમુખ એટલે કે જળ ધારા જ્યાંથી વહેતી હોય ત્યાંથી ઓળંગીને આગળ પાર ન કરવું જોઈએ.

મો. ૯૪૨૮૧ ૮૬૮૮૦



ZEN GARDEN

**4** BHK &
**4** BHK ++ FLATS

SAMPLE FLAT READY

**Carpet Area**

**2079** Sq. Ft.
**2665** Sq. Ft.

## Huge Height

Slab Top to Slab Top

**Basement** | 13′
**Ground Floor** | 13′3″
**First Floor** | 14′9″

- 70% Open Area & 30% Typical Construction
- Superior Build & Work Quality
- Lavish Amenities For All Age Groups
- 26000 Sq Ft Podium Garden
- 2 Allotted Car Parking
- 2nd Plot From Ring Road Purely Residential Project
- Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi

Our Associate Projects

36 Avenue | 48 Avenue | THE VIBE | SILVER AVENUE | SILVER SQUARE

Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229

**New 150 Feet Ring Road,**
Near Sky Diamond Apartment, Rajkot

Contact : **77000 53000**


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++ FLATS
SAMPLE FLAT READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Top Brand Products
TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles
• East - West Open Flats
• Large Beam & Column Less Living & Dining Area
• Water Meter Installed in Flats
• Separate Metered Water Line, Direct From Bore, on 2nd & 3rd Floor for Vaishnav
• Rare 10'8" Slab Top to Slab Top Flat Height
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા
મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# ભક્તકવિ તુલસીદાસ : વૈશ્વિક મહાકવિ

**જીવન પરિચય :** હિન્દી સાહિત્ય અને વિશ્વ સાહિત્યના પ્રસિધ્ધ કવિઓમાં મહાકવિ તુલસીદાસનું નામ ખુબ આદર સાથે લેવામાં આવે છે. કેટલાંક કવિ અને તેનું કાવ્ય એવું હોય છે જે સદા-સર્વદા નિત્ય-નવીન અને યુગ સાપેક્ષ બની રહે છે. ભક્તકવિ તુલસીદાસ પણ એવા જ કવિ છે અને તેનું ‘રામચરિતમાનસ’ પણ એવું જ અમર કાવ્ય છે, જે પાંચસો વર્ષ પછી પણ પ્રાસંગિક અને ઉપયોગી છે. તેઓ ૧૬મી સદીના મહાન હિંદુ ભક્ત કવિ અને સંત હતા, જેમણે ભગવાન શ્રીરામના જીવન અને ઉપદેશોને લોકભાષામાં રજૂ કરીને ભારતીય સંસ્કૃતિ અને ધર્મને સમૃદ્ધ બનાવ્યો. તેઓના મુખ્ય ગ્રંથો - રામચરિતમાનસ, હનુમાન ચાલીસા, વિનયપત્રિકા આજે પણ ભક્તિ અને સાહિત્યના ક્ષેત્રે અગ્રગણ્ય માનવામાં આવે છે.

તુલસીદાસના જન્મ પહેલાં સમગ્ર ભારતમાં મુસલમાનોની સત્તા સ્થાપિત હતી. આ કારણે હિન્દુઓના ગૌરવ અને વીરતાને કોઈ સ્થાન ન હતું. આપણા દેવ-મંદિરોને પાડીને મુસલમાનો પોતાની મસ્જિદો બનાવી રહ્યા હતા. આ સમય દરમિયાન હિન્દી સાહિત્યના ઈતિહાસમાં ભક્તિકાળનો પ્રારંભ થયો. ભક્તિકાળમાં સગુણ અને નિર્ગુણ કાવ્યધારા અસ્તિત્વમાં આવી. સગુણધારાની બે શાખાઓ હતી - રામભક્તિધારા અને કૃષ્ણભક્તિધારા. ઘણા કવિઓએ રામભક્તિના ગુણગાન રજૂ કર્યા, પરંતુ તુલસીદાસની બરાબરી કોઈ કરી શક્યુ નહીં, કારણ કે તુલસીદાસ રામમય બની ગયા હતા. તુલસીદાસ રામસાહિત્યના સમ્રાટ છે.

**તુલસીદાસના જીવન સંબંધી ઘણી દંતકથાઓ પ્રચલિત છે.** દેશ-વિદેશના ઘણા વિદ્વાનોએ તુલસીનું જીવન જાણવા માટે અથાગ પરિશ્રમ કર્યો, પરંતુ હજુ સુધી તેની જન્મતિથિ, જન્મસ્થાન, માતા-પિતા, શિક્ષા-દીક્ષા, મૃત્યુ વગેરે બાબતોમાં ઘણા મતભેદ રહ્યા છે, માટે આપણે તેના જીવન માટે કોઈપણ વાત સ્પષ્ટ રીતે કહી શકતા નથી. તેનું સમગ્ર જીવન દન્તકથાઓ પર આધારિત છે. તુલસીદાસે પણ આ બાબતમાં પોતાના ગ્રંથોમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી.

**જન્મ સ્થાન - જન્મતિથિ નામ અને બચપણ :** તુલસીદાસનો જન્મ ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના રાજપુર ગામમાં સં.૧૫૫૪માં થયો હતો. તેમના પિતા આત્મારામ દુબે અને માતાનું નામ હુલસી હતું. તેઓ સરયૂપારિણ બ્રાહ્મણ હતા. જન્મ તારીખ અંગે વિવાદ છે. પરંતુ સામાન્ય રીતે શ્રાવણ માસની શુકલપક્ષની સપ્તમી તિથિ તેમના જન્મદિવસ તરીકે ઉજવાય છે. જન્મ સમયે રડવાને બદલે ‘રામ-રામ’ બોલ્યા એટલે ‘રામબોલા’નામ પડ્યું. ‘દોહાવલી’માં એવો સંકેત છે કે તેનું બચપણનું નામ તુલસી હતું પરંતુ ‘રામનામ’ના નિરંતર જાપને કારણે રામબોલા નામ પડ્યું. સમય જતાં પ્રસિદ્ધિ અને સન્માનને કારણે તુલસીદાસ થયા, અને પછી ‘ગોસ્વામી’ની પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા.

જન્મ સમયે તેઓ પાંચ વર્ષના બાળક જેવી વાણી ધરાવતા હતા. તુલસીદાસનું આ અદ્‌ભુત રૂપ જોઈને કંઈક અનિષ્ટની આશંકાથી ભયભીત થયેલા માતા-પિતાએ તેમનો ત્યાગ કર્યો. તેને ચુનિયાં નામની દાસીને આપી દીધાં. પાંચ વર્ષ પછી સર્પદંશથી ચુનિયાનું મૃત્યુ થયું. હવે તેનું બાળપણ અત્યંત કષ્ટમય બની ગયું. પેટ ભરવા માટે તેને ભિક્ષા માંગવી પડતી હતી. શ્રીમંત કુટુંબના હોવા છતાં તેનું બચપણ અત્યંત કષ્ટમય રહ્યું.

**ગુરુ અને શિક્ષા-દીક્ષા :** મોટાભાગના વિદ્વાનો નરહરિદાસને તુલસીના ગુરુ માને છે. તેઓ ગુરુના આશ્રમમાં મોટા થયાં. તેમની શિક્ષા-દિક્ષા વૈદિક શાસ્ત્રો, રામાયણ તથા ભક્તિ પરંપરામાં થઈ. નરહરીસ્વામીએ પંચસંસ્કાર કરીને રામમંત્રની દીક્ષા આપી. અયોધ્યામાં વિદ્યાજ્ઞાન મેળવ્યું. શૂકરક્ષેત્રમાં રામચરિત્રનો મહિમા સાંભળ્યો. નરહરી સ્વામીએ તેમને પોતાની પાસે રાખ્યા હતાં. ત્યારબાદ કાશીમાં શેષ સનાતન નામના ગુરુ પાસે પંદર વર્ષ રહીને વેદ-વેદાંગ અને શાસ્ત્રોનું અધ્યયન કર્યું. ત્યારબાદ તેઓ પોતાના જન્મસ્થાન પાછા આવ્યા. બેહાલ થયેલા પરિવારની સંભાળ લીધી અને લોકોને રામકથાનું રસપાન કરાવવાનું શરૂ કર્યું.

**વિવાહ :** યુવાવસ્થામાં રત્નાવલી સાથે તેઓના લગ્ન થયા. રત્નાવલી પ્રત્યે તેને અતિ પ્રગાઢ પ્રેમ અને આસક્તિ હતી. એકક્ષણમાટે પણ રત્નાવલીને દુર જવા દેતા નહીં. એક વખત પત્ની પિયર જાય છે તો તેને મળવા માટે મધ્યરાત્રિએ પહોંચી જાય છે. આ જોઈને પત્નીએ સંકોચ સાથે કહ્યું કે :

“हाडमांस को देह मम, ता पर जितनी प्रीति” तिसु आधो जो राम प्रति, अवसि मिटीहिं भवभीति ! ॥

પત્નીએ આ ઠપકો અને ફટકાર સાંભળી તુલસીનું મન દુ:ખી થઈ ગયું. તેના જ્ઞાન-ચક્ષુ ખલી ગયા, તેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું.

**ગૃહત્યાગ :** તુલસીદાસના જીવનની મહત્વપૂર્ણ ઘટના તેની પત્ની રત્નાવલી સાથે જોડાયેલી છે. રત્નાવલીના એક દોહાએ તુલસીદાસના જીવનમાં એક નવો સંચાર કર્યો અને એમને એક નવી દિશા મળી ગઈ. તેમનું હૃદય પરિવર્તન થઈ ગયું. તેના મનમાંથી સંસારની મોહ-માયા છૂટી ગઈ. તેઓ પરમ સત્યની શોધ માટે એજ ક્ષણે ત્યાંથી ચાલ્યા ગયા. ગૃહત્યાગ કરીને સીધાં જ પ્રયાગ પહોંચ્યા અને રામ નામમાં લીન થઈ ગયા. ગૃહસ્થ ધર્મનો ત્યાગ કરી સાધુવેશ ધારણ કર્યો. પછી જાતિ-ધર્મ વગેરેની ચિંતા ન કરી. તેઓ માનતા હતા કે પ્રભુના દ્વાર પર બધા જ સમાન છે. ત્યાંથી ૧૪ વર્ષ સુધી તીર્થાટન કરતા

રહ્યા અને રામકથા સાંભળાવતા રહ્યા. શ્રીરામના ભજન અને કાવ્ય રચનામાં પોતાનું જીવન વિતાવ્યું. ગૃહત્યાગ પછી તેની આસક્તિનું કેન્દ્ર બદલાઈ ગયું. પત્નીની જગ્યાએ પરબ્રહ્મ સ્વરૂપ શ્રીરામ આવી ગયા. પરિણામે જગતને મળ્યા મહાન કવિ, સંતશિરોમણિ ગોસ્વામી તુલસીદાસજી.

**પ્રેત મિલન :** તુલસીદાસ વિશે ઘણી ચમત્કારીક ઘટનાઓ પણ દંતકથાઓમાં સાંભળવા મળે છે. કહેવાય છે કે તુલસીદાસ વૃક્ષની નીચે બેસીને રામ કથા સંભળાવતા હતા ત્યારે પ્રેત આવીને તુલસીદાસની ઈચ્છા પુછે છે, ત્યારે તેમણે હનુમાન દર્શનની ઈચ્છા પ્રકટ કરી. જે પુરી થઈ હતી.

**ચિત્રકુટમાં રામદર્શન :** તુલસીદાસજી અદ્ભુત પ્રકૃતિક સૌંદર્ય ધરાવતા ચિત્રકુટમાં થોડો સમય રહ્યા. મનોહર પ્રકૃતિનું પાન કરતાં કરતાં તેઓ રામભક્તિમાં ડૂબી ગયા. એવો પણ ઉલ્લેખ મળે છે કે હનુમાનજીની કૃપાથી તેમને અહીં પ્રભુ શ્રીરામના દર્શન થયા હતા. વિ.સં. ૧૬૦૭ની મૌની અમાવસ્યાએ ગંગાના ચિત્રકુટ ઘાટ પર તેઓ ચંદન ઘસી રહ્યા હતા. ત્યારે રામ સામે આવીને ઉભા અને ચંદન માગ્યું. એ ચંદનથી શ્રી રામે તિલક કર્યુ.

**चित्रकुट के घाट पर भयी संतनकी भीड, तुलसीदास चन्दन घीसे, तिलक करे रघुवीर ॥**

**કાશી, અયોધ્યા, સીતામઢીની યાત્રા :** શ્રી રામ જે જે જગ્યાએ રહ્યા તે સ્થાન પર તુલસીદાસજી પર્યટન કરતાં રહ્યા. કાશી, અયોધ્યા, સીતામઢી વગેરે પવિત્ર ધર્મ સ્થાનો પર રહીને તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું. વેદ, શાસ્ત્ર, પુરાણ વગેરેનું જ્ઞાન તેમને ગુરુ શેષ સનાતનજી પાસેથી કાશીમાં જ પ્રાપ્ત થયું. પોતાના જીવનનો અધિકાંશ સમય તેમણે આ સ્થાનો પર પસાર કર્યો. **અયોધ્યામાં જ તેમણે 'રામચરિત માનસ'ની રચના કરી.** એક ચોપાઈમાં ઉલ્લેખ છે કે – 'अवधपुरी यह चरित प्रकाशा।' પ્રયાગરાજના દર્શન કરવા તેઓ ગયા હતા. પ્રયાગ અને કાશીની વચ્ચે સીતામઢી છે. આ અંગે પણ કવિતાવલીમાં ઉલ્લેખ છે.

**લોકનિન્દા :** રામભક્તિને કારણે તુલસીદાસના જીવનમાં નિર્ભીકતા, દઢતા અને વિશ્વાસ હતા. સમાજ તુલસીદાસની સતત વધતી જતી કીર્તિ જોઈ ન શક્યો, પરિણામે તેઓ ઈર્ષાનો ભોગ બન્યા, સમાજે તેના દોષ કાઢીને પરીક્ષા લેવાનું શરૂ કર્યું. બધી જ લોકનિન્દાનો તેમણે ધૈર્ય અને શાંતિથી સામનો કર્યો.

**પરલોક ગમન :** તુલસીદાસજીએ પોતાના અમુક કાવ્યોમાં પોતાના રોગ બાબતે સ્પષ્ટતા કરી છે. વૃદ્ધાવસ્થામાં તેઓ કષ્ટસાધ્ય બિમારીઓને કારણે વિ.સ. ૧૬૮૦ શ્રાવણ વદ તૃતીયા શનિવારે કાશીના આસ્સીઘાટ પર ગંગા નદીના કિનારે રામ-રામના ઉચ્ચારણ સાથે પોતાના શરીરનો પરિત્યાગ કર્યો. વિશ્વ સાહિત્યને આ મહાન અમર આત્માની ખોટ સદા રહેશે.

**તુલસીદાસની રચનાઓનો પરિચય :** જનમાનસના પ્રહરી તુલસીદાસની કવિતાઓમાં ભક્તની ભાવુકતા, સહૃદયતા અને સમાજ સુધારણાના બધા જ ગુણો જોવા મળે છે. રામમય બનીને જ તેમણે કાવ્ય રચના કરી છે. રામ જ્યાં ગયા હતા ત્યાં જઈને રામકાવ્યની રચના કરી છે. મોટાભાગના ગ્રંથોની ભાષા અવધી છે. તેમના જીવનનું લક્ષ્ય માત્ર કાવ્ય રચના કરવાનું ન હતું. રામના પ્રેમમાં રંગાઈને ભક્તિ અને પ્રેમના સાગરમાં ડૂબીને રામકાવ્યની રચના કરી છે. તેમણે ખંડકાવ્ય, મહાકાવ્ય, ગીતકાવ્ય અર્થાત બધા જ પ્રકારના કાવ્યોની રચના કરી છે. હવે તુલસીદાસની રચનાઓનો સંક્ષિપ્ત પરિચય જોઈએ :

**૧. રામચરિતમાનસ :** 'રામચરિતમાનસ' રામકથાની પરંપરાનો એક અતુલનીય ગ્રંથ છે. 'માનસ' માત્ર આપણા દેશમાં જ નહીં પણ બીજા દેશોમાં પણ ખૂબ લોકપ્રિય છે. ભારતના ઘર-ઘરમાં 'રામચરિતમાનસ'ની ચૌપાઈઓનું ગાન થઈ રહ્યું છે. તુલસીદાસના સમગ્ર જીવનનું પ્રૌઢતમ રૂપ રજૂ કરે છે. આ માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ સામાજિક જીવન દર્શનનો ગ્રંથ છે. તેના નાયક મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ છે. અનેક ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે. **કાશી અને અયોધ્યામાં સંવત ૧૬૩૧માં 'વાલ્મીકિ રામાયણ'ને આધાર બનાવીને આ ગ્રંથની રચના કરી છે, જે અવધી ભાષામાં લખાયેલું છે.** જેમા સાત કાંડ છે. બે વર્ષ સાત મહિના અને છવ્વીસ દિવસમાં આ ગ્રંથની રચના પૂર્ણ કરી. રામજન્મના દિવસે તેનો પ્રારંભ કર્યો અને રામ વિવાહના દિવસે ગ્રંથ પૂર્ણ થયો.

**ગોસ્વામીજીએ માનસની રચના 'સ્વાન્તઃ સુખાય'ની ભાવનાથી કરી હતી. તેના મૂળમાં બધાના હિતની કામના સમાયેલી છે. માત્ર હિન્દી સાહિત્ય જ નહીં પરંતુ સમસ્ય ભારતીય સાહિત્યનું આ સર્વોત્તમ મહાકાવ્ય છે.** 'માનસ' સમગ્ર ભક્તિ સાહિત્યમાં સિરમોર છે. તેમણે શ્રી રામને ઈશ્વરના સાકાર દરૂપમાં દર્શાવ્યા છે અને જનમાનસમાં રામભક્તિનું ઉડું વાવેતર કર્યું છે. 'માનસે' ભારતીય સંસ્કૃતિને એક અમર દિશા આપી છે. જેમા ભક્તિ અને સાહિત્યનો અપૂર્વ સંગમ છે. ભગવાન રામના જીવનને હૃદયસ્પર્શી રીતે રજુ કર્યું છે. રામગુણ તો અનેક કવિતાઓએ ગાયા છે. પણ તુલસી જેવું કાર્ય કોઈ કરી શક્યું નથી. સમાજ અને સંસ્કૃતિની તમામ બાબતોને 'રામચરિતમાનસ'માં ઉચિત સ્થાન આપ્યું છે. આ ગ્રંથ પ્રેરણાસ્ત્રોત છે. તેમાંથી પ્રેરણા લઈને અનેક કવિઓએ ગ્રંથો અને કાવ્યો લખ્યાં છે.

(૨) **વિનય પત્રિકા :** તુલસીદાસની અન્ય એક ઉત્કૃષ્ટ રચના વિનયપત્રિકા છે. આ વ્રજભાષામાં લખાયેલી છે. જીવનના સંધ્યાકાળે સંવત ૧૬૦૦ થી ૧૬૬૪ વચ્ચે લખાયેલી આ કૃતિ છે. શ્રીરામને આ એક પ્રાર્થનાપત્ર છે. તેનો મુખ્ય વિષય જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને સંસારની અસારતા છે. અહી તુલસીની વિનય-ભાવના પ્રસ્તુત થઈ છે. કહેવાય છે કે આ ગ્રંથ પર શ્રીરામે પોતાના હસ્તાક્ષર કર્યા હતા.

(૩) **ગીતાવલી :** વિષય રામકથા જ છે. સાતકાંડ અને ૩૨૮ પદ છે. સં.૧૬૫૫ આસપાસની રચના છે. 'ગીતીકલા'માં લખાયેલ આ ગ્રંથમાં સીતાજીના વિયોગનું સુંદર વર્ણન છે.

**અન્ય રચનાઓ :** 'કૃષ્ણ ગીતાવલી'માં કૃષ્ણ ચરિત્ર સંબંધી પદ છે. આ એક મુક્તક કાવ્ય પ્રકારમાં આવે છે. 'દોહાવલી', 'જાનકી મંગલ', 'પાર્વતી મંગલ', 'બરવૈ રામાયણ', વૈરાગ્ય સાંદીપની, રામાજ્ઞા પ્રશ્ન, રામલલા નહછૂ વગેરેનો સમાવેશ થાય છે. સમ્રાટ અકબરે તુલસીદાસને ગ્રંથ લખવાનો આદેશ કર્યો. તુલસીદાસે ઈન્કાર કર્યો જેથી જેલની સજા મળી. સંકટમોચન હનુમાનને યાદ કરીને 'હનુમાન ચાલીસા'ની રચના કરી. તેનું પઠન કરતાં જ વાનર સેનાએ અકબરના મહેલ પર હુમલો કર્યો. આ ચમત્કારથી અંજાઈને અકબરે તુલસીદાસને જેલમુક્ત કર્યા. પહેલીવાર હનુમાન ચાલીસાનો પાઠ કર્યો ત્યારે હનુમાનજી સન્મુખ આવીને બેઠા હતા. આજે હનુમાન ચાલીસા ઘર ઘરમાં ગુંજે છે. તેના પાઠ વિના શનિવાર અધૂરો રહે છે. આજે પણ લોકવાયકા છે કે જ્યાં રામકથા હોય ત્યાં હનુમાનજી શ્રોતા બનીને હાજર રહે છે. ૪૦ શ્લોકનુ આ સ્તોત્ર છે, જે હનુમાનની શક્તિ, ભક્તિ અને સેવા ભાવનાને ઉજાગર કરે છે.

**આધ્યાત્મિક દૃષ્ટિકોણ :** તુલસીદાસના સાહિત્યમાં ભક્તિ મુખ્ય આધાર છે. તેઓ ભગવાન શ્રીરામને પરમાત્મા અને હનુમાનજીને શ્રેષ્ઠ ભક્ત માનતા હતા. તેઓ માનતા હતા કે ભગવાનના ચરણોમાં શરણાગતિ અને ભક્તિ દ્વારા જ મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે.

**સામાજિક અને સાંસ્કૃતિક પ્રભાવ :** તુલસીદાસજીના સાહિત્યે ભારતીય સમાજમાં ભક્તિ અને નૈતિકતાના મૂલ્યોને પ્રોત્સાહિત કર્યા. તેમના લોકભાષામાં લખાયેલા ગ્રંથો લોકો સરળતાથી સમજી અને અનુસરી શકતા હતા.તેમણે રામભક્તિના માધ્યમથી લોકોનો વિશ્વાસ સંપાદન કર્યો. રાજનૈતિક, સામાજિક અને પારિવારિક જીવનના વિભિન્ન આદર્શો પ્રસ્તુત કરીને લોકકલ્યાણનો માર્ગ દર્શાવ્યો.

**તુલસીદાસની સમન્વય સાધના :** તુલસીદાસનો યુગ સંઘર્ષનો યુગ હતો. દેશમાં વિદેશી આક્રમણકારીઓનું શાસન હતું. જનતા ત્રસ્ત હતી. હિંદુસમાજમાં અનેક પંથો પડી ચૂક્યા હતા. આ બધાને એક સૂત્રે બાંધવાનું કાર્ય આદિ શંકરાચાર્ય અને ગોસ્વામી તુલસીદાસે કર્યું. અધિકાંશ હિંદુ ભારતને મુસ્લિમ બનતા અટકાવ્યું હતું. અને વિભિન્ન વિરોધી રૂપોમાં સમન્વય સ્થાપિત કર્યો. આ કારણે જ સંસ્કૃત, પાલી, પ્રાકૃત, અપભ્રંશ, હિન્દી, મરાઠી, કન્નડ વગેરે ભાષાઓમાં રામના આદર્શ ચરિત્રનું આખ્યાન શ્રધ્ધાપૂર્વક થયું છે. વિવિધ રસાયણોથી સમન્વિત કરીને એવું રસાયણ તૈયાર કર્યું, જે બધા જ પ્રકારની આધિવ્યાધિઓ માટે 'રામબાણ' બની ગયું. અદ્વૈતવાદ અને વિશિષ્ટાદ્વૈતવાદમાં તુલસીએ સમન્વય સ્થાપિત કર્યો. પતિવ્રતા સીતાજીની સાથે એકપત્ની વ્રતધારી રામનું ચરિત્ર અંક્તિ કર્યું. પોતાના કાવ્યમાં વિવિધ વિચાર ધારાઓનો સમન્વય કર્યો. વિવિધ છંદોનો સમન્વય કર્યો, જ્ઞાન, યોગ અને કર્મનો સમન્વય કર્યો. રામ અને શિવને એકબીજાના ભક્ત દર્શાવીને તેમણે વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોને સમાન ભૂમિકા આપી. આજે તુલસીના સમન્વયવાદને સમજવાની અતિ આવશ્યકતા છે. તુલસી ક્રાંતદ્રષ્ટા કવિ હતા. ઘણા વિરોધો વચ્ચેથી તેને પસાર થવું પડ્યું હતું. શૈવ, વૈષ્ણવ, શાક્ત, સગુણ નિર્ગુણ આ બધાને સમન્વયન માર્ગ પર લઈને તેઓ ચાલ્યા, તેનાથી એક નવી સાંસ્કૃતિક ક્રાંતિનો જન્મ થયો.

**વિદ્વાનોની નજરે તુલસીદાસ :** તુલસીદાસને અનેક વિદ્વાનોએ બિરદાવ્યા છે, પરંતુ અહીં, કેટલાંકનો ઉલ્લેખ જોઈએ. સંત નાભાદાસે તેમને કલિયુગના વાલ્મીકી જાહેર કર્યા છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, "ભક્તિ સાહિત્યમાં રામચરિત માનસ અવ્વલ નંબરનું પુસ્તક છે." પાશ્ચાત્ય લેખક સર જ્યોર્જ ગ્રિયર્સને કહ્યું છે કે "બુદ્ધ પછી સંત તુલસીદાસ ભારતની આમ જનતાના નેતા હતા. ઉપદેશક હતા, ભક્તકવિ હતા અને પેક્ટિકલ ફિલોસોફર હતા." ગેટે અને શેક્સપિયર પણ તુલસીદાસની પ્રશંસા કરતા હતા. વિદેશના વિદ્વાનો કહે છે કે "જો તુલસીદાસજી યુરોપ કે અમેરિકામાં જન્મ્યા હોત તો તેમને શેસ્કપિયરની પર્સનાલિટી કરતાં ઉંચા માનવ તરીકે માન્ય કર્યા હોત." પશ્ચિમના એક ઇતિહાસકાર સર વિન્સેટ સ્મિથે તુલસીદાસની બાયોગ્રાફી પર એક યાદગાર પુસ્તક લખ્યુ છે. આચાર્ય રામચંદ્ર શુક્લ કહે છે કે "વિશ્વના ઇતિહાસમાં તુલસીદાસના કોઈ પ્રતિસ્પર્ધી નથી."

**નિષ્કર્ષ :** તુલસીદાસનો યુગ ઘોર ત્રાસનો યુગ હતો. આવા વિકટ સામંતી પરિવેશમાં રાજ્યાશ્રયની છત્રછાયાથી દૂર રહીને 'રામચરિતમાનસ'ની રચના કરવી એક અનુપમ ભેટ છે. તેને હંમેશા લોકોનું પ્રથમદર્શન કર્યું છે, તેની પ્રાસંગિકતા ક્યારેય ઓછી નહીં થાય. તેઓ એક એવા મહાન ભક્ત કવિ હતા, જેમણે પોતાના સાહિત્ય દ્વારા ભક્તિ નૈતિકતા અને ધર્મના મૂલ્યોને લોકભાષામાં રજૂ કરીને સમાજને માર્ગદર્શન આપ્યું. તેમના ગ્રંથો આજેપણ ભક્તો માટે પ્રેરણાસ્રોત અને માર્ગદર્શક છે. તુલસીદાસ માત્ર મહાકવિ નહોતા, તેઓ પરમ ભક્ત પણ હતા. તુલસીદાસ હિન્દીના દૈદીપ્યમાન નક્ષત્ર છે. જેનો પ્રકાશ સમગ્ર સાહિત્ય જગતને પ્રકાશિત કરે છે. વિશ્વની કોઈપણ ભાષા આવા સાહિત્યકારને પ્રાપ્ત કરીને ગૌરવાન્વિત થાય છે. ખરેખર તુલસીદાસ માત્ર આદર્શ કવિ જ નહીં, પરંતુ વિશ્વવંદનીય વ્યક્તિત્વ પણ હતા. તેઓ ખરા અર્થમાં લોકનાયક હતા.

તુલસીદાસજીની જન્મજયંતી દર વર્ષે શ્રાવણ માસની શુકલપક્ષની સપ્તમી દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસે તેમની કવિતાઓ અને ગ્રંથોનો પાઠ થાય છે, દુહા-ચોપાઈ- સાખી ભાવથી ગવાય છે અને તેમની યુગકાર્યને યાદ કરવામાં આવે છે.



**પદ્મશ્રી ડૉ. ચંદ્રકાંત મહેતા**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# અંતઃકરણની યુનિવર્સિટીના રિસર્ચર કેવી રીતે બનશો ?

'પપ્પાજી, કલાકોથી વીજળી સપ્લાય ચાલુ થવાની પ્રતીક્ષા કરું છું પણ મારી આશા ફળતી નથી' -પુત્ર કહે છે.

રાત્રિનો સમય છે, મીણબત્તીથી કામ ચલાવીએ, પિતાનો જવાબ.

પણ ઘરમાં મીણબત્તી પણ નથી. પુત્રે કહ્યું 'આપ જુના જમાનાની વાતો કરો છો' આજના 'સ્માર્ટ'યુગમાં મીણબત્તી રાખે પણ કોણ? મોબાઈલ ટેલિફોન દ્વારા પ્રકાશ કરું છું પણ મજા નથી આપતી. 'તો પછી બહાર ચંદ્રના પ્રકાશમાં ખુલ્લામાં બેસ'-પિતા પોતાનો આશાવાદ છોડતા નથી.

'પપ્પા, તમે ગુજરાતી કેલેન્ડરનો ઉપયોગ કરો છો, આપને ખબર હશે કે આજે અમાવસ્યા છે, પૂનમ નથી. અમાવસ્યામાં ચંદ્રની પ્રતીક્ષા કરવી એ મૂર્ખતા છે'-પુત્રનો આક્રોશ.

એટલામાં પડોશના એક માણસે કહ્યું : અહીં આવ ભાઈ, મારી પાસે મબલખ પ્રકાશ છે. હા, અહીં આવતો ખરો?

પુત્ર પડોશીના ઘેર ગયો. એમણે માટીનાં પચ્ચીસ કોડિયા પ્રગટાવ્યાં હતાં. અંધકારની તેમને કોઈ ચિંતા નહોતી.

પેલા પડોશીએ કહ્યું : 'હરિવંશરાય બચ્ચનની પેલી કવિતા તેં વાંચી હશે : હૈ અંધેરી રાત પર દીયા જલાના કબ મના હૈ ? અંધારાને એકસો એક ગાળો ભાંડવાથી પ્રકાશ પ્રગટાવવાનો નથી. જીવન જીવવાની કળા શીખવી હોય તો અમાવસ્યાને પૂનમમાં બનવવાનું શિક્ષણ જાતને આપવું જોઈએ. આપણું મન બંધિયારપણાથી ટેવાયેલું છે. અમુક માન્યતામાં અટવાઈ આગળના પ્રયત્નોમાં પૂર્ણવિરામ મૂકી દે છે. કોઈ 'ના' કહે તો આપણે તેની નકારાત્મક્તાનો સ્વીકાર કરી લઈએ છીએ અને હા કહે, તો તેની સકારાત્મકાથી અંજાઈ જઈએ છીએ. હકીકતમાં આપણે બીજાના પ્રકાશ કે અંધકાર પર જીવીએ છીએ, એટલે અંતઃકરણની વાત સાંભળવાનો વિચાર જ કરતા નથી. જાતને ઓળખવાની વાતનો વિચાર સુધ્ધાં કરતા નથી. માણસે પોતાની સ્વાભાવિકતા નહીં છોડવાનું વ્રત લેવું જોઈએ. માણસે પોતાની માન્યતાનું પણ ડાયાલિસીસ કરવું જોઈએ. આપણા મનનો કચરો સાફ કરવા આપણે જ સફાઈ કામદાર બનવું જોઈએ, કોઈ ધર્મગુરુ, સંત કે ધર્મોપદેશક પર નિર્ભર રહેવું ન જોઈએ. જીવનમાં દૃષ્ટિકોણ બદલવાનો કોન્ટ્રાક્ટ કોઈને આપવો એ નરી મૂર્ખતા છે. સ્વાભાવિક રૂપમાં રહેનાર કે જીવનાર જીવનનો શ્રેષ્ઠ કલાકાર બની શકે છે. માણસે પોતાની ક્ષમતાનું કસોટીપત્ર જાતે જ કાઢવું જોઈએ અને મનથી દોરવાયા કે ભોરવાયા વગર જાતે જ પોતાના જવાબો તપાસવા જોઈએ. ડંગલાસ મેલોસની સલાહ છે કે આપણે બધા કેપ્ટન ન બની શકીએ, પણ નાવિક બની કેપ્ટનની દિશામાં આગળ વધતાં આપણને કોણ રોકે છે ? રાજપથની યાત્રા પગદંડીથી શરૂ થાય છે. પગદંડીની ઉપેક્ષા કરનારને રાજપથ કદી હાથ લાગતો નથી. આપણી જેવી અનુભૂતિ, આપણું વ્યક્તિત્વ તેવું જ ઘડાવાનું. ઑક્સફર્ડ યુનિવર્સિટીના એક પ્રોફેસર પ્રો. વૉલ્ટર રેલે પોતાના વિશે કહ્યું હતું. : ભલે હું શેક્સપિયર સમાન ન બની શકું અને તેમના જેવી ઉચ્ચકોટિનું પુસ્તક ન લખી શકું, પણ હું અવશ્ય એવું લખી શકું છું, જે મારુ પોતીકું હોય. કોઈના જેવું બનવાનો પ્રયત્ન કરવો, અનુકરણ કરવું એ પોતાના દ્વારા પોતાનું જ અપમાન કરવાનો હીન પ્રયત્ન છે.

માણસે જેટલી નિષ્ઠા ઈશ્વરની ઉપાસના માટે રાખવી જોઈએ તેટલી જ નિષ્ઠા પોતાની જાત પર પણ રાખવી જોઈએ. કારણ કે આપણી જાતની તમામ શક્તિઓ પણ ઈશ્વરે જ આપેલી છે. ઈશ્વર કહે કે 'રિસર્ચ' કરવું હોય તો તમારી જાતનું કરો. એ માટે તમે જ તમારા રિસર્ચર અને તમે જ તમારા ગાઈડ. અટવાવ ત્યારે મને યાદ કરજો. તમારા અંતઃકરણમાં બેઠેલો સત્યનિષ્ઠ દેવદૂત તમને મદદ કરશે. પીએચ.ડી. કરવું હોય તો આત્માજ્ઞાનની શોધને વિષય બનાવો. આત્મજ્ઞાન જ તમને સર્વોચ્ચ ડિગ્રી આપશે : માણસાઈની. તમારી થિસિસમાં નફરતનાં ચેપ્ટર માટે જગા ન રાખશો, નહીં તો સાચી પ્રાર્થના માટેની જગા નહીં રહે. કોઈ તમારા સારાપણાનું સર્ટિફિકેટ આપે એ પૂરતું નથી. એણે આપેલું સર્ટિફિકેટ તેને તમારા તરફથી થયેલા સારા અને સુખદ અનુભવોની અભિવ્યક્તિ છે. ખોટી આધ્યાત્મિક ટીકાને હસી કાઢો. ઉત્તર-પ્રત્યુત્તરમાં અટવાવું એ એક પ્રકારની નાદાનિયત છે. કોઈની નિંદાને મહત્વ આપશો તો નિંદક વધુ નિંદક બનવાનું પ્રોત્સાહન મળશે. કોઈ પણ યુગમાં નિંદાનું કારખાનું બંધ નથી રહ્યું. એટલે એ ઢગલાબંધ નિંદા-પ્રોડક્ટ સર્જે છે. કબીર કહે છે નિંદાને ડિટરજન્ટ પાવડર બનાવી દેવી જોઈએ. આત્મવિશ્લેષણ જેવો અન્ય કોઈ સુધારક નથી. જીવન માણસને પોતાની શક્તિનો અપવ્યય કરવાની છૂટ નથી આપતું. તમે જીવનને દિવસમાં સદાય સકારાત્મક ચિંતન માટે સમય ફાળવવો એ જ એક માત્ર છે પોતાના મૂર્ખામીભર્યો ઉતાવળિયા કે અવિચારી નિર્ણયોથી. એટલે અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર નિર્ણય લેવાની છૂટ આપો. અંતઃકરણ પર તમારા મનના વિચારોને લાદશો નહીં. તમે તમારા તુક્કા પ્રમાણે અંતઃકરણને ચલાવવાની કોશિશ કરશો, તો

# શિક્ષણ સૃષ્ટિ

અંતઃકરણ તમને આંતરિક શુદ્ધ સલાહ આપવાનું બંધ કરી દેશે. બધું જ પરમશક્તિના માર્ગદર્શન પ્રમાણે ચાલતું હોય છે. એમાં શ્રદ્ધા રાખો. અહીં રામદેવ સાહૂએ 'સકારાત્મક સોચ' માં 'આત્મા હી જ્યોતિ'નો પ્રસંગ પ્રેરક બની શકે છે.

મહર્ષિ યાજ્ઞવલ્કયની સત્સંગ સભા ચાલી રહી હતી. મિથિલા નરેશ જનકે તેમને પૂછ્યું : 'મહર્ષિ, આપણે જે જોઈએ છીએ તે જ્યોતિ કોની છે ?' મહર્ષિ યાજ્ઞવલ્ક્યે કહ્યું : 'દરેક માણસને એ વાતની ખબર છે કે આપણે સૂર્યની જ્યોતિ (પ્રકાશ)ને કારણે જોઈ શકીએ છીએ.' જનકે પૂછ્યું : 'પણ સૂર્યાસ્ત થયા બાદ આપણે કોના પ્રકાશથી જોઈએ છીએ ?'

મહર્ષિએ જવાબ આપો : સૂર્યાસ્ત થયા બાદ આપણે ચંદ્રમાના પ્રકાશથી જોઈએ છીએ. જનકે જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું જ્યારે સૂર્ય પણ ન હોય, ચંદ્રમા અને તારાઓ પણ ન હોય અને ઘોર અંધારી રાત્રિ હોય ત્યારે આપણે કોના પ્રકાશથી જોઈ શકતા હોઈએ છીએ?

મહર્ષિનો ઉત્તર હતો : જ્યારે કોઈ દશ્યમાન પ્રકાશ ન હોય ત્યારે શબ્દજ્યોતતિથી જોવામાં આવે છે. જંગલમાં જ્યારે ઘોર અંધકાર હોય એવામાં કોઈ મુસાફર રસ્તો બતાવવા માટે સાદ કરે છે અને કહે છે કે મને રસ્તો બતાવો, ત્યારે દુરનો કોઈ માણસ કહે છે અહીં આવો હું રસ્તામાં જ ઊભો છું અને તે વ્યક્તિ ત્યાં પહોંચી જાય છે એટલે એ વાત સ્પષ્ટ છે કે શબ્દ પણ પ્રકાશનું કામ કરે છે.

જનક એ મૂળ તત્વ વિશે જાણવા ઈચ્છતા હતા, સહુના અંતઃકરણમાં છે. 'જનકે પૂછ્યું : જ્યારે શબ્દ પણ ન હોય, ત્યારે આપણે કઈ જ્યોતિથી જોઈ શકીએ છીએ ?'

મહર્ષિ આત્મવલ્ક્યે કહ્યું કે ત્યારે આપણે આપણા અંતઃકરણને અજવાળે આત્માની જ્યોતિથી જોઈ શકીએ છીએ. જનકે આત્મા વિશે પૃચ્છા કરી. મહર્ષિએ ટૂંકમાં સમજાવ્યું કે એ જે વિશેષ જ્ઞાનથી ભરપુર છે, જીવન જ્યોતિથી ભરપૂર છે, જે હૃદયમાં જીવન છે, અંતઃકરણમાં જ્યોતિ છે અને સમગ્ર શરીરમાં હાજરાહાજૂર છે તે આત્મા છે. એ જ શુદ્ધ અસ્તિત્વ સર્જનનો આધાર છે. મતલબ કે સમગ્ર સંસાર આત્મજ્યોતિના પ્રકાશથી બંધાયેલું છે. એટલે આધ્યાત્મિક અને નૈતિકતા જીવનનો આધાર બની શકે છે.

**અંતઃકરણની યુનિવર્સિટીના 'રિસર્ચર' બનવા માટે કઈ છ બાબતો યાદ રાખવી ?**

૧. શ્રદ્ધાવાદી અને સકારાત્મક બનો, ઈશ્વર તમારી મદદ માટે તૈયાર છે.
૨. અંધકારથી ગભરાવાને બદલે આત્મજ્યોતિના અજવાળે ચાલવાની કોશિશ કરો.
૩. તમારા દષ્ટિકોણને સકારાત્મક બનાવી નિંદા કરનારને પણ આત્મદર્શનની તક માનનાર શુભેચ્છક માનો.
૪. રોદણાં રડવાથી કે હતાશ થવાથી સમસ્યાનું સમાધાન થતું નથી. વિકલ્પ શોધવા મનને તૈયાર કરો.
૫. પ્રત્યેક પરિસ્થિતિમાં ઝિંદાદિલી દાખવો.
૬. અંતઃકરણની શુદ્ધિ માટે બહારના કોઈ સફાઈકામદારની જરૂર નથી. તે કામ તમારે જાતે જ કરવાનું છે.

(અનુ. પેઈજ ૪૩નું શરૂ) **લોકોપયોગી માર્ગદર્શન**

નકલ વિનામુલ્યે આપવાની જોગવાઈ કરેલ છે. આમ "ખેડુત ખાતાવહીને" ખેડુત ખાતેદાર તરીકેનો કાયદેસરનો દરજ્જો આપવામાં આવ્યો છે. તેમાં હવે તલાટીને બદલે ઈ-ધરા મામલતદાર કચેરીમાં જે ફેરફાર થાય છે તેની નોંધ મહેસુલી તલાટી મારફત કરાવવી જોઈએ, જેથી રાજ્યસરકારના મહેસુલ વિભાગે તા.૦૮-૦૪-૨૦૨૫ના ઠરાવથી Right to Revenue Title અને Legal Occupancy Certificate મેળવવાની જે કાર્યપદ્ધતિ નક્કી કરી છે તે એક વહિવટી પ્રક્રિયા કરવામાં આવી છે. અને તેમાં ખેડુત ખાતેદારે અરજી કરવાની છે Process Fee ભરવાની છે જ્યારે રાજ્યસરકારે ખેડુત ખાતાવહીને જમીન મહેસુલ અધિનિયમમાં પ્રકરણ-૧૦ 'ખ' ઉમેરીને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવ્યું છે. તે સાચા ખેડુત ખાતેદારોને રાજ્યસરકારે સ્વમેળે આપવી જોઈએ જેથી ખેડુત ખાતેદારને મહેસુલી કચેરીઓમાં ઓશીયાળા થઈને કાયદેસરના ખાતેદાર હોવા છતાં મહેસુલી ટાઈટલના ખરાપણા અંગે ધક્કા ખાવા ન પડે. હાલનો ખેડુત ખાતાવહીનો નમુનો છે અને જે જમીન મહેસુલ અધિનિયમમાં પ્રકરણ ૧૦ 'ખ'માં કાયદાકીય જોગવાઈ કરી છે તેમાં "ખેડુત ખાતાવહીને જમીન મહેસુલ ટાઈટલ અને કાયદેસરનો ખેતીનો જમીનનો ધારક" તરીકેની જોગવાઈ ઉમેરવામાં આવે તો મહેસુલ વિભાગે ૦૮-૦૪-૨૦૨૫ના વહિવટી હુકમથી Revenue Title એક પ્રક્રિયા ભાગરૂપે લેવાની જોગવાઈ કરી છે તે ઉક્ત કાયદાકીય ફેરફાર કરવાથી તમામ પ્રક્રિયાઓ જેવી કે, વેચાણ, તબદીલી, વારસાઈ, વહેંચણી, ખેતીની જમીનનું બિનખેતીમાં ફેરફાર, RERA ની મંજુરી, નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવી, ખેડુતને લોન લેવાની બાબતમાં, દારપણા અંગે જેવી તમામ "Revenue Title" બાબતોથી મળવાથી તમામ પ્રક્રિયાનું સરળીકરણ થશે.

**ખેડુત ખાતાવહીને "Revenue Title" નો દસ્તાવેજ તરીકે માન્ય રાખવાની કાયદાકીય જોગવાઈ જરૂરી**



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# મા-બાપની તાલીમ

હમણાં નોર્વેમાં એક ભારતીય દંપતીની પોતાના જ બાળકોને સજા કરવાના આરોપસર ધરપકડ થઈ અને એ અંગે નોર્વે કરતાં આપણા દેશમાં ઘણી ચર્ચા થઈ.

પરદેશમાં બાળઉછેર અંગે કેટલાંક વિશિષ્ટ ધોરણો છે અને કાયદાઓ પણ છે. માબાપ જો બાળકને શારીરિક સજા કરે અથવા તેની સાથે દુર્વ્યવહાર કરે તો તેમને સજા થાય છે અને બાળકને માબાપ પાસેથી લઈ લેવામાં આવે છે અને તેનો ઉછેર થાય તેવાં ગૃહોમાં સોંપવામાં આવે છે. ઉદ્દેશ એ છે કે બાળકનો પ્રેમભર્યો ઉછેર થવો જોઈએ. 'યુનો'એ પણ બાળ-અધિકારની એક યાદી બહાર પાડી છે અને તેનો UNO-સંલગ્ન બધા દેશોએ સ્વીકાર કર્યો છે, પરંતુ તેના અમલની જેટલી જોઈએ તેટલી ચિંતા થતી નથી.

અમેરિકા અને બીજા પાશ્ચાત્ય દેશોમાં બાળકને તેના શા અધિકારો છે તેની માહિતી આપવામાં આવે છે અને જો માબાપ તેના તરફ દુર્વ્યવહાર કરે તો ક્યાં જાણ કરવી તે અંગેના ફોન નંબરની માહિતી શાળા દ્વારા આપવામાં આવે છે.

મૂળ મુદ્દો એ છે કે બાળકને કેવી રીતે ઉછેરવું. ખલીલ જિબ્રાને વર્ષો પહેલાં કહ્યું છે કે બાળકો તમારા દ્વારા આવેલાં છે, પણ તેના તમે માલિક નથી. આપણા દેશમાં, કમભાગ્યે, માબાપને તાલીમ આપવાની કોઈ વ્યવસ્થા નથી. ડૉક્ટર થવું હોય, ઈજનેર થવું હોય કે અન્ય કોઈ બાબતનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેના માટે તાલીમની વ્યવસ્થા છે અને તાલીમ લીધા પછી જ તમે એ કાર્ય કરી શકો છો, જ્યારે બાળકને જન્મ આપવો, બાળકનો ઉછેર કરવો અને તેને સારો માનવ બનાવવો એ માટે કોઈ તાલીમની વ્યવસ્થા જ નહીં ! આમ તો ગર્ભધારણથી જ માતાએ શું - શું ધ્યાન રાખવું તેની તાલીમ અપાવી જોઈએ કે જેથી તંદુરસ્ત બાળકને જન્મ આપી શકાય. એ પછી પણ બાળકના શારીરિક અને માનસિક વિકાસ માટે શું -શું કરવું જોઈએ તે માટે માતાપિતાને તાલીમની જરૂર છે. યોગ્ય રીતે જ કહેવાયું છે કે To give birth is easy, but to raise children is difficult બાળકને જન્મ આપવો એ સહેલું છે, પરંતુ તેનો ઉછેર કરવો એ ઘણું અઘરું છે.

આપણા જાણીતા બાળશિક્ષણશાસ્ત્રી શ્રી ગિજુભાઈ બધેકાએ માતાપિતાની તાલીમ અંગે ઘણું વિચારેલું અને 'માબાપ થવું આકરું છે' પુસ્તક લખી એ અંગે માર્ગદર્શન પૂરું પાડેલ છે. તેઓએ બાળવિશ્વવિદ્યાલયની પણ કલ્પના કરી હતી, જે હવે ગુજરાતમાં સાકાર થઈ છે. બાળવિશ્વવિદ્યાલય બાળકના ગર્ભધાનથી ૧૮ વર્ષની ઉંમર સુધી બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ તાલીમની યોજના તૈયાર કરી રહ્યું છે. પરદેશમાં આ અંગેની કાર્યશાળાઓમાં માતાપિતા હોંશથી ફી ભરીને જતાં હોય છે. આપણા દેશમાં પણ આવી વ્યવસ્થાની જરૂર છે. દેવનાં દીધેલાં આ બાળકોને સાચા અર્થમાં સારી વ્યક્તિ, સારો નાગરિક, સારો ભાવક અને સારો સર્જક બનાવવાની જવાબદારી માબાપની છે.

આ અંગે અમે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ક્વૉલિટી એજ્યુકેશન દ્વારા નવું કદમ ભરી રહ્યાં છીએ, જેમાં વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, શિક્ષણસંસ્થાના સંચાલકો તથા વાલીઓને તાલીમ માટેની એક વિશિષ્ટ વ્યવસ્થા છે અને આ કાર્ય જાન્યુઆરી - ૨૦૧૩થી શરૂ થઈ ગયું છે. આશા છે કે જેઓ માતાપિતા થવાનાં છે અને અત્યારે છે તેઓ આ વ્યવસ્થાનો લાભ લેશે.

એક બૌદ્ધ મંદિરમાં એક ભિક્ષુ-કવિ એક ગીત ગાતો હતો. ગીતનો સાર આવો હતો : 'પાણી મેલું કેમ નથી થતું ? કેમ કે એ વહે છે. પાણી કેમ સડતું નથી ' કેમકે એ વહે છે. પાણી બધાંને નિર્મળ કેમ કરે છે ? કેમકે એ વહે છે. પાણીના માર્ગમાં અડચણો કેમ આવતી નથી ? કેમકે એ વહે છે. પાણીના એક ટીપામાંથી ઝરણું, ઝરણામાંથી નદી, નદીમાંથી મહાનદી અને મહાનદીથી સમુદ્ર કેમ બને છે ? કેમકે એ વહે છે. આથી, હે મારા જીવન, તું રૂંધાઈ જા નહિં, વહેતું રહે, વહેતું રહે.'

## શિક્ષણ સૃષ્ટિ



**નવીન વી. વાછાણી**
લેખક જાણીતા કેળવણીકાર અને
વિવિધ સામયિકોમાં જ્ઞાનપ્રેરક લેખો
લખવા માટે જાણીતા છે.

# ગ્લોબલ વૉર્મિંગની ગ્લોબલ વૉર્નિંગ



આ એકવીસમી સદી વિજ્ઞાનની સદી છે. આજે પૃથ્વી પર વિજ્ઞાનનાં ઉપકરણો અને તેના ઉપભોગની બોલબાલા છે. વિજ્ઞાન વિનાનું વિશ્વ એ કલ્પના જ મનુષ્યને પાગલ બનાવી દે તેવી છે. આજે વિજ્ઞાન એ કેવળ વિશિષ્ટ જ્ઞાન નથી, પણ વિશાળ જ્ઞાન બની ચૂક્યું છે. માનવજાત માટે જાદુઈ ચિરાગ બનેલા વિજ્ઞાને માનવજાત અને પૃથ્વીની કાયાપલટ કરી નાખી છે. વિજ્ઞાનની મદદથી તે મોટા મોટા મહેલોમાં રહેવા માંડ્યો છે. ખૂબ તીવ્ર ગતિથી તે જમીન અને હવામાં ગતિ કરતો થયો છે. સરસ મજાના રંગબેરંગી રેશમી, ટેરેલીન, ડેકોન, પોલીયેસ્ટર, નાયલોન જેવા કપડાં પહેરતો થયો છે. સ્વાદિષ્ટ ભોજન આરોગવા માંડ્યો છે. દેશ-વિદેશના અંતરો ઘટ્યા છે. ઓરડાના એક ખૂણામાં બેસી પૃથ્વીના પડમાં કઈ જગ્યાએ કઈ ઘટનાઓ બની રહી છે, તે સહજ રીતે વૈજ્ઞાનિક ઉપકરણો વડે જાણી તે સર્વજ્ઞ બની રહ્યો છે. પાંચ હાથનો વામણો માનવી જાણે વિરાટ બનીને સમગ્ર સૃષ્ટિનો કર્તાહર્તા બની ગયો હોય તેમ જીવી રહ્યો છે. આ બધા વિકાસનું કારણ છે વિજ્ઞાનનો જાદુઈ ચિરાગ.

વિજ્ઞાન આવ્યું, નવી ટેકનોલોજી આવી અને ભૌતિક જીવન જીવવા માટેનો મોહ પણ વધ્યો એટલે મનુષ્ય પ્રકૃતિનું દોહન બેફામપણે કરવા લાગ્યો. જેના કારણે નવા નવા ઉદ્યોગો શરૂ થયા. આ કારખાનાઓ વાતાવારણમાં ઝેરી ધુમાડો અને ઉષ્મા ફેલાવવા લાગ્યા. ઉત્પન્ન થતો ઝેરી કચરો હવા, પાણી, ખોરાક અને જમીનમાં પ્રસરવા લાગ્યો. શહેરીકરણ, વસતી વિસ્ફોટ, વાહનવ્યવહાર અને ઔદ્યોગિકીકરણ આ બધી સમસ્યાઓના કારણે પૃથ્વી પર અનેક પ્રકારના પ્રદુષણો વધવા માંડ્યા. મનુષ્યના મલીન મન વડે પર્યાવરણમાં ઠલવતા કચરાને, ગંદકીને પ્રદુષણ કહે છે. વિજ્ઞાનનું વરદાન હવે અભિશાપ બનવા લાગ્યું છે. વિજ્ઞાનનો જાદુઈ ચિરાગ હવે માનવજાતને જ પીડવા લાગ્યો છે, ને યાતનારૂપ બન્યો છે.

જીવન એ ઈશ્વરની મહામૂલી ભેટ છે. આ જીવન માટે શુદ્ધ હવા, પાણી અને ખોરાકની જરૂર હોય છે. વર્તમાન વિશ્વ માટે આજે ઘણી ગંભીર સમસ્યાઓ વિકરાળ બની રહી છે. વસતી વધારો, ગરીબી, અન્ન અને પાણીની અછત, બેકારી આ બધી ગંભીર સમસ્યાઓ છે. પણ પ્રમુખ સમસ્યા છે : 'પ્રદુષણ અને તેની મહત્તમ અસરના કારણે ઉદ્‌ભવતી ગ્રીન હાઉસ અસર તથા ગ્લોબલ વૉર્મિંગ.' આજે વિજ્ઞાનના વિકાસની સાથે વિનાશની પણ જાણે સ્પર્ધા જામી હોય તેવું જણાય છે. વિજ્ઞાનના કારણે આજે મનુષ્યનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. હવા, પાણી અને ખોરાકમાં પ્રતિદિન મલિનતા વધતી જઈ રહી છે. હાલ વાતાવરણમાં પ્રતિદિન કાર્બન મોનોક્સાઈડ, કાર્બનડાયોક્સાઈડ તથા અન્ય ઝેરી વાયુઓ ઉદ્યોગોના કારણે વધતા જઈ રહ્યા છે. જેના કારણે જમીન અને વાતવરણ પ્રદૂષણ, ગ્રીન હાઉસ અસર તથા ગ્લોબલ વોર્મિંગ સર્જાય છે. કાર્બનડાયોક્સાઈડ વાયુના પ્રદુષણના કારણે પૃથ્વીનું તાપમાન વધે તેને 'ગ્રીન હાઉસ અસર' કહે છે. પરંતુ પૃથ્વી અને દરિયાના પાણીનું તાપમાન વધવાની સ્થિતિને 'ગ્લોબલ વોર્મિંગ' કહે છે. આ બધી સમસ્યાઓ માનવસર્જિત છે, આફતરૂપ બની રહી છે.

આજે ગ્લોબલ વૉર્મિંગના કારણે પૃથ્વી પરની દરેક ઋતુઓ ભારે અનિયમિત બનતી જઈ રહી છે. વિશ્વના દરેક દેશો તેની ઝપટમાં આવી રહ્યાં છે તેના કારણે પૃથ્વી પર ક્યાંક અનાવૃષ્ટિ તો ક્યાંક અતિવૃષ્ટિ, ક્યાંક વધુ ગરમી કે વધુ ઠંડી, ક્યાંક ગાઢ ધુમ્મસ કે શ્વાસ ન લઈ શકાય તેવી વિષમય હવા, આ બધી સમસ્યાઓનો સામનો કરવો

# શિક્ષણ સૃષ્ટિ

પડી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે દુષ્કાળ, પૂર, વાવાઝોડુ, ભૂકંપ, સુનામી જેવી આફતો પણ ઉદ્ભવવા માંડી છે. જે માનવજીવન માટે ખતરાની ચેતવણી સમાન છે. આજે દુનિયાના બધાજ દેશો આ સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે.

અમેરિકા, જાપાન, જર્મની, રશિયા જેવા પોતાને મહાસત્તા ગણવતા દેશો પણ ગ્લોબલ વૉર્મિંગની અસરથી બચી શક્યા નથી. ભારત, પાકિસ્તાન, ચીન, ઈંગ્લેન્ડ, અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા જેવા ઘણા બધા દેશો પર પણ આ મુશ્કેલી આવી પડી છે. અને તે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જાન્યુઆરી-૨૦૧૮માં અમેરિકામાં ૫૦ સેન્ટીગ્રેટ તાપમાન થઈ પડેલી બરફવર્ષા તથા ઓસ્ટ્રેલીયામાં ૪૮ સેન્ટીગ્રેડ થઈ ગયેલ ઊંચુ તાપમાન એ ગ્લોબલ વૉર્મિંગના જ પરિણામ છે. આપણે સવારથી જ સાંજ સુધીમાં જે જે વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા છીએ તે દરેક વસ્તુ ગ્લોબલ વોર્મિંગ જન્માવવા માટે જવાબદાર છે. ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વીનું તાપમાન વધતા ધ્રુવ પ્રદેશનો બરફ પીગળતો રહેશે અને તેના કારણે સમુદ્રના પાણીની સપાટી ઊંચી આવતા સમુદ્રની નજીક રહેલા વિશ્વના ઘણા મોટા શહેરો પર પાણીમાં ડૂબવાની સ્થિતિ સર્જાશે. આમ ગ્લોબલ વોર્મિંગના કારણે ઘણી ભયાનક સમસ્યાઓ સર્જાય રહી છે.

'અતિની ગતિ સર્વત્ર વિનાશક હોય છે.' આપણી આ અતિની ગતિ પૃથ્વીના ગોળાને 'ધગધગતો ગોળો' બનાવતી જઈ રહી છે, તો ક્યાંક વળી હિમગોળો. આવા અતિ ગરમ-ઠંડા તાપમાન વચ્ચે મનુષ્યને જીવવું મુશ્કેલ બની રહ્યું છે. સૌરઉર્જા, પવનઊર્જાનો વપરાશ વધશે તો આ સમસ્યાના નિરાકરણમાં મદદ મળશે.

વધતી માનવ વસ્તીની જરૂરિયાત પૂરી પાડવા આપણે કુદરતના વરદાન સમા વૃક્ષોને કાપવા માંડ્યા છીએ. હવે તે માટે અટકવું જોઈએ. વૃક્ષોને બચાવવા પડશે ને વધુને વધુ વૃક્ષો વાવવા પડશે. તો જ કાર્બન ડાયોક્સાઈડ વાયુના પ્રમાણમાં ઘટાડો થશે અને આપ મેળે પૃથ્વીનું જીવવા યોગ્ય તાપમાન જળવાતું રહેશે. તો ગ્લોબલ વોર્મિંગની સળગતી સમસ્યા ઠંડી પડશે. પૃથ્વીને 'અગનગોળો' કે 'હિમગોળો' બનતી અટકાવવા માટે આપણે બધાએ આ સમજવું પડશે. આ આપણા જ અસ્તિત્વને બચાવવાની સમજ છે.

આજે અમુક દેશો બીજા દેશનો નાશ કરવા માટે અણુબોમ્બની ધમકી આપી રહ્યા છે ત્યારે વિજ્ઞાનના વિકાસના કારણે ઉદ્ભવેલ પ્રદુષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી ભયજનક સમસ્યાઓજ અણુબોમ્બ જેટલી વિનાશક બનતી જઈ રહી છે.

જેના કારણે માનવી પૃથ્વી પર અણુબોમ્બ ઝીંક્યા વગર જ રિબાઈ-રિબાઈને મૃત્યુ પામશે. મનુષ્યે આજે કુદરતી સંપત્તિનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ તે જરૂરી બન્યું છે. તો જ વિજ્ઞાનનો વિકાસ શાપરૂપ બનવાના બદલે આશીર્વાદરૂપ બનતો રહેશે.

આપણી પેઢી વિશ્વની આ ગંભીર સમસ્યાને જવાબદારીપૂર્વક વિચારશે, તેના નિરાકરણ માટે પ્રયાસો કરશે તો જ આવનારી પેઢી પૃથ્વી પર સુરક્ષિત જીવી શકશે. આટલી જનજાગૃતિ જળવાશે તો આ પૃથ્વી પર વિજ્ઞાન દાનવરૂપ બનાવવાના બદલે દેવરૂપ બનતું રહેશે. હવે આપણે બધા સર્વના અસ્તિત્વ અને કલ્યાણ માટે આટલી જાગૃતિ કેળવતા રહીએ.

મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭

## સ્ત્રી ભ્રૂણ આક્રંદ...!

**- મંદાક્રાન્તા**

માતા મારી તુજ જગતમાં આવવા તું મને દે!
તારી કૂખે જનમ લઈને અંક તારે સુવા દે!
તારે ઉરે પયપાન કરી અંક તારે સુવું છે!
તારા ખોળે નચિંત મનથી ઊંઘવા તું મને દે!

માતા મારી તુજ જગતમાં શું નથી કેં જગા કે?
પિતૃ ગૃહે અમ સદનમાં શું નથી કે ખાવા કે?
ભોળાં ભાંડુ નિત હરખથી વાટ કેવી જુએ છે?
શાને આવાં તરકટ કરી રોકવાનું સુઝે છે?

વ્હાલી મમ્મી ઉપવાસ કરી પૂજતી'તી રન્ના દે!
આપી જ્યારે ફૂલસમ કળી રોકવાનું સુઝે કાં?
વ્હાલી માતા મુજ સરીખડી તું નથી શું મહિલા?
તું કાં ભૂલે જગતભરમાં સ્ત્રી થકી બે કુટુંબો!

રે' શે ક્યાંથી જગતભરમાં માનવી જાત જિંદા?
ચાલુ રે'સે તરકટ થકી ક્રૂર સ્ત્રીભ્રૂણ હત્યા?

- કાલિદાસ વ. પટેલ (વગોસણા)

## નારી સૃષ્ટિ



**શ્રી સ્વામી જિતાત્માનંદ**
શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ

# મહિલાઓની પૂર્ણતા માટેનાં મૂલ્યો

મહિલાઓની કેળવણીમાં જુદા મૂલ્યોની જરૂરત છે. એ મહિલાઓના જીવનમાં પૂર્ણતા અને સ્વતંત્રતા લાવે છે. દસમાં અધ્યાયમાં ભગવદ્ ગીતા મહિલાઓના કેટલાક મુખ્ય સદ્‌ગુણો બતાવે છે; ચારિત્ર્ય અને કૌશલજન્ય કીર્તિ, શ્રી, દ્રષ્ટિપૂર્ણ વાણી, ભાવિ માટે જરૂરી સ્મૃતિ, બુદ્ધિસ્વાતંત્ર્ય અને ક્ષમા. મૂલ્યપ્રેરિત જીવનની આડપેદાશ કુશળતા છે. મહિલાઓમાં આ મૂલ્યોએ મહાન જીવનો આપ્યાં છે. શ્રીરામકૃષ્ણનાં સહધર્મચારિણી શારદાદેવીનું જગજ્જનની રૂપે તેમણે પૂજા કરી અને એ દ્વારા શારદાદેવીએ જાણે કે નારીજાતિના ઉપદેશક તરીકે પુનઃર્જન્મ ધારણ કર્યો. અને ઐતિહાસિક ગુણસમૃદ્ધિથી, ઉચ્ચતર આધ્યાત્મિક અનુભૂતિઓ, માનવજીવનના ગહન અંતઃપ્રેરણાઓના જ્ઞાન, પાપીઓને સંતોમાં પરિવર્તિત કરી દેવાની અને ઊંચે ચડાવવાની મહાન અદ્‌ભુત શક્તિઓથી અને છેવટે વિશ્વમાતૃત્વના વાત્સલ્યથી વિભૂષિત કરી દીધાં. નાત, જાત, રાષ્ટ્રના કશા જ ભેદભાવો વગર તેઓ પોતાનાં પ્રેમ, લાગણી, સેવા અને આશીર્વાદો સૌ પર વરસાવતાં રહ્યાં. સમગ્ર વિશ્વને હચમચાવી મૂકનાર સ્વામી વિવેકાનંદની જેમ તેઓ પણ એક મહાન માર્ગદર્શક નીવડ્યાં. સ્વામી વિવેકાનંદનાં સિંહણસમાં આયરીશ મહિલા શિષ્યા ભગિની નિવેદિતાનાં અને સ્વીમીજીનાં પણ તેઓ માર્ગદર્શક બની રહ્યાં. તેમના મહાન જીવન દ્વારા કસોટી કરાયેલ ન હોય તેવી બીજી વિશુદ્ધિ, બુદ્ધિ, દૈહિક પુષ્ટતા, આધ્યાત્મિક ગહનતા, અભિવ્યક્તિની ક્ષમતા - શક્તિ - થી શું વળે? આ બધી શક્તિઓ જાતીય રીતે મહિલાઓમાં બીજરૂપે પડેલી હોય છે. જ્યારે ડાબા મગજલક્ષી બુદ્ધિપ્રધાન કેળવણી, શાસ્ત્રીય બુદ્ધિપ્રધાન કે આર્થિક સ્વતંત્રતા અને સામાજિક મુક્તાચાર લાવે છે. જમણા મગજનું મૂલ્યલક્ષી શિક્ષણ, ચિત્તશુદ્ધિ, ઈશ્વરશ્રદ્ધા, ચારિત્રિક સંતુલન અને અન્ય માટેના ત્યાગ જેવાં મૂલ્યો માટે પ્રેરણા આપે છે. આ મૂલ્યો છેવટે સ્ત્રીઓના આધ્યાત્મિક મોક્ષમાં ફલિત થાય છે. અને તેમને દિવ્ય જીવન તરફ દોરી જાય છે. વિવેકાનંદની દ્રષ્ટિએ સ્ત્રીશિક્ષણના પાયા, ઉમાકુમારીના ભાવથી છોકરીઓના સેવા કરવામાં છે. 'આ શક્તિની જ પૂજા છે, ખાલી વિચારોમાં જ નહિ, ખાલી કલ્પનામાં જ નહિ, પણ ખરેખરા આંખે જોઈ શકાય તેવા રૂપમાં.' એમણે કહ્યું; 'સ્ત્રીત્વના ભૌતિક દેહસૌંદર્યપ્રધાન પશ્ચિમનો આદર્શ તેમને મન ફૂલથી ઢાંકેલા શબ જેવો જ હતો.' ભગિની નીવેદિતા લખે છે :

'ભારતીય કેળવણીએ વિવેકાનંદની આ દ્રષ્ટિનો ફેલાવો અને એની પૂર્તિ કરવાં પડશે..... અને જ્યારે આ થશે..... તો ભારતીય મહિલાને એના હકનો મોભો દુન્યવી સ્ત્રીત્વની વચ્ચે મેળવતાં હવે વધારે સમય નહિ લાગે.'

વિવેકાનંદની એક બીજી મોટી શિષ્યા ક્રિસ્ટીને લખ્યું છે:

'આપણામાનાં કેટલાંક માને છે કે જો સ્વામી વિવેકાનંદના સ્ત્રીશિક્ષણ સંબંધી વિચારો સાચા જુસ્સાથી સ્ત્રીઓમાં ફેલાવવામાં આવે તો, એમનામાંથી એક એવું સત્વ ઊભું થશે કે જે વિશ્વના ઈતિહાસમાં અનન્ય હશે. જેમ પ્રાચીન ગ્રીસની મહિલાઓ ભૌતિક રીતે લગભગ સંપૂર્ણ હતી, તેમ આ એની પૂર્તિ રૂપે બૌદ્ધિક અને આધ્યાત્મિક રૂપે સંપૂર્ણ હશે. સુંદર, પ્રેમાળ, કોમળ, અતિસહનશીલ, ઉદાર હૃદયી, પ્રખર બુદ્ધિશાળી અને છેલ્લે આધ્યાત્મિક રીતે સૌથી મહાન હશે.'

**મૂલ્યલક્ષી આગેવાનો ઉદ્ધારકો છે**

ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બીએ એના નોબેલ વિજેતા ઈતિહાસ અભ્યાસ લેખમાં ચાર પ્રકારના ઉદ્ધારકો (પયગંબરો) ગણાવ્યા છે.

**મૂલ્યલક્ષી કેળવણી**

'તલવારધારી ઉદ્ધારકો' - સ્ટેલિયન, એલેક્ઝાંડર કે નેપોલિયન જેવા રાજકીય મહારથીઓ જાણે કે દેવો બનીને આવ્યા. પણ એની અસર થોડાક દસકાઓમાં કે થોડીક સદીઓમાં જ ફીકી પડી ગઈ. 'યંત્રધારી ઉદ્ધારકો' આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકો હતા. એમની જબરજસ્ત મહત્તા અને સંશોધનો તેમજ સેંકડો જીવનરક્ષક ઉપયોગી ઉપકરણોની ભેટ મળી હોવા છતાં અણુધડાકા તેમજ સેંકડો પરમાણુઓની વિશ્વવિનાશના ભયની ભૂંડી અસરને પરિણામે તેમના જીવનકાળ પૂરતા જ મહાન પુરુષ તરીકે પૂજાયા. સ્ટેલિયન અને હિટલર તો પતિત દેવતાઓની પેઠે તરત જ દટાઈ ગયા. એક ગ્રીક મૃતકનો મૃત્યુલેખ આમ વંચાય છે:

'આ આગેવાનોમાં શું ખૂટતું હતું કે તેઓ આગેવાન બન્યા? અથવા તો તેમણે પોતાના કયા ગુણને અજમાવ્યો કે જેથી તેઓ આગેવાન ન બન્યા? દેવ જેવી તાકાત તેમણે દેખાડી થતાં અન્ય માણસોની પેઠે જ એ મર્યા.'

'કલમ ઉદ્ધારકો' - હોમર, રૂસો કે માર્ક્સ જેવા એ જબરજસ્ત બુદ્ધિવૈભવવાળા હતા. છતાં નવા મૂલ્યકેન્દ્રિત સમાજને આકાર આપવાની તેમની પ્રતિભા મર્યાદિત રહી. પોપે લખ્યું:

'હોમર મહાન પ્રતિભાશાળી હતો. વર્જિલ વધારે સારો કલાકાર હતો. એકમાં આપણે માનવનાં વખાણ કરવાં જોઈએ. બીજામાં કામને વખાણવું જોઈએ. હોમર આપણને પરાણે

જ સત્તાથી દોરી જાય છે, જ્યારે વર્જિલ આપણને આક્રમણકારી ભવ્યતાથી ખેંચે છે.'

છતાં હોમર ન તો ગ્રીસની સંસ્કૃતિને પતનમાંથી બચાવી શક્યો, કે ન તો એનો પુનરુદ્ધાર પણ કરી શક્યો. મહાન રોમની સંસ્કૃતિમા પતનમાં વર્જિલની બાબતમાં પણ આ જ સાચું છે. હરમાન હેસ જેવા નોબલ વિજેતા, યાસુનારી કાવાબાટા અને અર્નેસ્ટ હોમિંગ્વે ક્રમશઃ ગાંડપણ અને આપઘાતથી મર્યા. અલબત્ત, હોમર, શેક્સપિયર, દાન્તે કે ટાગોર જેવા મહાન લેખકો પોતાના વિચારોના ઉચ્ચતર પરિણામોથી હજુયે લાખ્ખો લોકોને પ્રેરણા આપે છે. તેમાંથી હજુ સુધી તો આ સાંસ્કૃતિક કટોકટીમાં માનવોનો કોઈ ઉદ્ધારક પાક્યો નથી.

એવા ઉદ્ધારકો તો કેવળ આધ્યાત્મિક પયગંબરો જ છે કે જેઓ ઈશ્વરના પુત્ર ઈશુ ખ્રિસ્ત કે બુદ્ધ જેવા ઉદ્ધારકો છે. એમનો પ્રકાશક પ્રભાવ હજારો વર્ષથી એવો જ ચળકતો રહ્યો છે. આધુનિક સમયમાં રામકૃષ્ણ - વિવેકાનંદ, આખી દુનિયાને સંપ્રકાયિક દંભ - અભિમાન ઝઘડાઓની જકડમાંથી બચાવવા માટે, અવતારરૂપે ઊપસી આવ્યા છે.

સ્વામી વિવેકાનંદ જેવાના વ્યક્તિત્વની મહત્તા અહીં ધ્યાન દોરે છે. રોમાં કોલાંએ કહ્યાં મુજબ, 'ચાર પ્રકારની માનવીય શક્તિએ એમનામાં આત્માની મહાન સિમ્ફની સર્જી હતી. આવું વ્યક્તિત્વ જ આજના નેતાઓની સામે ઊભું રહી શકે. ઑલ્વીન ટોફલર પોતાના 'ફ્યુચર શૉક' નામના પુસ્તકમાં લખે છેઃ પોતાના આત્માની પ્રમાણભૂતતા સાથે કોઈ પયગંબરી નેતા, સર. સી. પી. સ્નોના કહ્યા મુજબ, 'તેમના હાડકાંમાના ભવિષ્યને પામી શકે.'

### સર્વગ્રાહી કાર્ય અને આત્મસંયમ : રાજાઓ માટેનો ભારતીય આદર્શ

ધાર્મિક કાર્ય એટલે શું ? બધાં જ સત્કર્મો આ વિશ્વસત્ય પર અવલમ્બેલાં છે કે 'હું અને મારો ભાઈ એક છીએ.' ઘણાના ભલાં માટે જ કોર્યો કરાતાં હોય, ઘણાનું કલ્યાણ કરતાં હોય તે સત્કર્મ છે. ચાણક્યના સૂત્રે ભારતીય રાજાઓને પ્રેર્યા કે તેમણે રાજકાજમાં સફળતા મેળવવી જોઈએ. અને એની નીવડેલ પદ્ધતિ તરીકે માનવની ભીતર પડેલી દિવ્યતાના પ્રકટીકરણ તરફ દોરી જતા કર્મને સત્કર્મ કે ધાર્મિક કર્મ કહ્યું છેઃ

'सुखस्य मूलं धर्मः' -

સુખનું મૂળ સત્કાર્ય (ધર્મ)માં પડ્યું છે.'

'धर्मस्य मूलं अर्थः' -

ધર્મનું મૂળ નૈતિક રીતે મેળવેલ ધન છે.'

'अर्थस्य मूलं राज्यम्' -

ધનનું મૂળ રાજ્યમાં રહેલ છે.'

'राज्यस्य – शासनस्य मूलं इन्द्रिविजयः'

રાજ્યનું મૂળ રાજકર્તાના ઈન્દ્રિયનિગ્રહમાં છે.

'इन्द्रियविजयस्य मूलं विनयः'

ઈન્દ્રિયવિજયનું મૂળ સાચી નમ્રતામાં પડેલું છે.'

'विनयस्य मूलं वृद्धोपसेवा' -

વિનયનું મૂળ જ્ઞાનીજનોની સેવામાં રહેલું છે.'

'वृद्धोपसेवयो विज्ञानम्' -

જ્ઞાનીજનોની સેવામાંથી શાણપણ આવે છે.'

'विज्ञानेन आत्मानं सम्पघेत' -

વિજ્ઞાન - શાણપણથી આત્માને ઓળખવો.'

'सम्पादितेन जितात्मा भवति' -

આત્માને ઓળખવાથી માણસ 'જિતાત્મા' બને છે.'

આજે યુવાનોના પરિચાલકો પોતાના સંગઠનમાં અહંકેન્દ્રીય નિષ્ઠાનો વિકાસ કરી રહ્યા છે અને બઢતી જેવા ખુરસી - પદ - મોભાને માન - પદવી - સ્થાન - સત્તાને ઝંખી રહ્યા છે. જ્યારે પ્રથમ રામકૃષ્ણ મઠના કર્મચારીઓ મઠમાં આવવાનું માંડી વાળતા ત્યારે વિવેકાનંદે પોતે જ વાળવું. ચોળવું, રસોઈનાં મોટાં મોટાં વાસણો માંજવા અને જૂની ઢબનાં પ્રથમ મઠનાં પાયખાનાં સાફ કરવા જેવાં સાવ નીચી કક્ષાનાં કામોમાં ઝંપલાવ્યું હતું. તેમના ગુરુભાઈઓ આશ્ચર્ય અને બાઘા થઈ જોઈ રહ્યા. અલબત્ત, પોતાના નેતાને તેઓ અનુસર્યા તો ખરા જ. 'તમારે જો નેતા થવું હોય તો પહેલાં બીજાની સેવા કરો' - એમ તેમણે શીખવ્યું. મૈસુરના મહારાજાને વિવેકાનંદે આ પ્રેરક શબ્દો લખ્યા હતાઃ

'મારા ઉમદા પ્રિન્સ, જીવન ટૂંકુ છે અને આ જીવનની વ્યર્થતા - પરિવર્તનશીલ છે. અહીં ફક્ત એવા જ માણસો સાચી રીતે જીવે છે કે જે બીજા માટે જીવે છે. બીજા તો જીવતા કરતાં મરેલા વધારે છે.'

'જે લોકો બધાં કર્મોને યજ્ઞ તરીકે અન્યના કલ્યાણ માટે સ્વીકારે તે બધાં પાપોથી મુક્ત થાય છે (અને સફળતા મેણવે છે) પણ જેઓ પાતોના લાભ માટે જ - પોતાના ભલા માટે જ કાર્ય કરે છે, તે પાપ જ ખાય થે અને પોતાના હેતુ માટે હારી જાય છે.'

ધર્મજ્ઞાનના પ્રતીક સમા ગાંધારીએ યુદ્ધ કરવાનો સ્વીકાર થાય તે પહેલાં પોતાના યુત્ર દુર્યોધનને ધર્મને માર્ગે વળવાની સલાહ આપી હતી. પણ દુર્યોધન પોતાની માતાને સાંભળવા માગતો ન હતો, મહાભારતમાં ગાંધારીએ પોતાના પુત્ર દુર્યોધનને ખૂબ ખૂબ સમજાવ્યો.

''न हि राज्यं महाप्राज्ञ स्वेन काम्येन शस्यते ।''
अवासुं रक्षितुं वापि भोक्तु वा भरतर्षभ ॥
वश्येन्द्रिय जितात्मानं घृतदण्डं विकारिषु
परीक्षाकारिणां धीमन् अत्यन्तं श्री र्निषेवते ॥

'હે મારા અતિ તેજસ્વી વીર પુત્ર, જો કાઈ પોતાના વ્યક્તિગત ફાયદા માટે લડે તેને રાજ્યપ્રાપ્તિ થતી નથી અને કદાચ એ મળે, તો પણ એને સાચવી કે ભોગવી શકશે નહિ. જો કોઈ નેતા સંયત ઈન્દ્રિયોવાળો ન હોય તો આમ જ થાય, એ વખતે એના સહાયક મંત્રીઓ એનું કશું સાંભળશે નહિ; જો તે ઉદ્વિગ્ન મનથી કોઈ ઉતાવળો નિર્ણય લેશે તો તે દુરાચારીઓને સજા પણ નહિ કરી શકે.' ■

## નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# સાચું સગપણ સ્નેહનું

**"લવણ વિના જેવું ફિક્કું અન્ન, ભાવ વિના જેવું ભોજન, કીકી વિના જેવું લોચન, 'સ્નેહ' વિના એવું જીવન!"**

સ્નેહ એટલે માનવીની ઉરગંગોત્રીમાંથી સ્વયં વહેતી પ્રેમની પાવન અમૃતધારા. સ્નેહની અનુભૂતિ કે સ્નેહનો અહેસાસ જ અદ્‌ભુત અને અલૌકિક છે. સ્ત્રી તો સાક્ષાત્ સ્નેહની પ્રતિમા છે કારણ કે સર્જનહારે સ્ત્રીના હૈયામાં જ સ્નેહનું ઝરણું વહાવ્યું છે. હૃદયની ઋજુતા, ભાવપૂર્ણતા અને કોમળતા એ સ્ત્રીના વિશિષ્ટ ગુણ છે. દિલના ઊંડાણને પામવું, દિલના ભાવને ચહેરા પરથી પારખી લેવો અને આંખમાંથી દર્શાવાતી સંવેદનાનો મર્મ સમજી લેવો, બસ આ જ તો સ્ત્રીની વિશેષતા છે.

સ્ત્રીના જીવનમાં સ્નેહનું ઘણું મહત્વ છે. કુદરતી રીતે અને અનાયાસે જ સ્ત્રીને દરેક પ્રત્યે જે નિર્દોષ સ્નેહ હોય છે એવો સ્નેહ બીજું કોઈ રાખી ના શકે. પછી એ પોતાનું કુટુંબ હોય, પતિ હોય કે બાળક હોય સ્ત્રી હંમેશા દરેકને સ્નેહ આપે છે અને બધા પાસેથી ફક્ત સ્નેહની જ અપેક્ષા રાખે છે. એના હૈયાના ઊંડાણમાં જ સ્નેહ છે એના લીધે તે બીજાના દિલનો ભાવ બહુ ઝડપથી સમજી શકે છે. બીજાનાં દુઃખ-દર્દનો પણ તે અનુભવ કરી શકે છે.

સ્નેહમાં સમર્પણભાવ છે. કોઈ પણ શરત કે શંકા વિના એકબીજા માટે કાંઈક કરવાની ભાવના એ જ સ્નેહ છે. જ્યાં એકબીજાના બધા જ અવગુણ બાદ થઈ જાય છે. સામેની વ્યક્તિ જેવી હોય તેવી તેનો સ્વીકાર કરવો એ સ્નેહ-જેમાં એકબીજાની ઉણપ, અધૂરપ કે અભાવનું કોઈ મહત્વ રહેતું નથી. સ્ત્રીઓ ખૂબ લાગણીશીલ હોય છે. લગ્ન કરીને પિયરને છોડીને હૃદયમાં સ્નેહનો સાગર લઈને સાસરે આવે છે. કુટુંબમાં દરેક પ્રત્યે સ્નેહનો ભાવ હોય છે પણ સ્વાભાવિક છે કે એનો સવિશેષ સ્નેહ પોતાના પતિ પ્રત્યે હોય છે. પતિ-પત્ની વચ્ચેનું સાચું સગપણ સ્નેહનું જ તો હોય છે ને? પુરુષ માટે સ્નેહ – પ્રેમ એના જીવનના એક ભાગરૂપે હોય છે પણ સ્ત્રીઓ માટે પણ સ્નેહ જ એના જીવનનું સર્વસ્વ છે.

સ્નેહ વિના જીવનમાં કાંઈ નથી. જ્યાં સ્નેહ છે ત્યાં શ્રદ્ધાં છે શંકા નહિ અને જ્યાં સ્નેહ છે, શ્રદ્ધા છે ત્યાં જ વિશ્વાસ પણ છે અને ત્યાં જ સુખી સમૃદ્ધ દામ્પત્યજીવન શક્ય છે. લગ્નજીવનના સુખનો આધાર જ સ્નેહ અને વિશ્વાસ પણ છે. સ્નેહના જતન માટે ઘણો ત્યાગ કરવો પડે છે. પતિનો પ્રેમ પામવા પત્નીને કેટલો ત્યાગ કરવો પડે છે. બધું છોડીને જ્યારે તે સાસરે આવે છે ત્યારે બધાની ફરજ બને છે કે એને સ્નેહથી આવકારે. સ્નેહ આપશો તો સ્નેહ પામશો. આમ પરિવારમાં આવનારી વહુ સાથે સ્નેહનું સાચું સગપણ નિભાવવાનું છે.

આજના યુગમાં પતિ-પત્ની એકબીજાને મિત્ર માને છે અને બંને સાથી મળીને જીવનના દરેક પ્રશ્નોની અને સમસ્યાની ચર્ચા કરે છે. જીવનમાં મુશ્કેલીનો સામનો કરી નવી રાહ શોધે છે. એકબીજાનાં સુખ-દુઃખને સમજે છે. આ બધા માટે પતિ-પત્ની વચ્ચે સ્નેહ હોવો જરૂરી છે. જીવનસાથી સાથે સુખ-દુઃખની દરેક ક્ષણોમાં સામેલ રહેવું એનું નામ જ લગ્નજીવન છે. પતિ-પત્નીએ સ્નેહથી પ્રેમથી એકબીજાના પૂરક બની સાથે રહેવાનું છે, સાથે જ જીવવાનું છે કારણ કે બંને એકબીજા વિના અધૂરાં છે.

જેમ શ્વાસોચ્છ્‌વાસ વિના કે અન્નપાણી વિના જીવન અશક્ય છે તેમ જીવનમાં કોઈનો સાચો સ્નેહ અને પુરેપુરો પ્રેમ પામ્યા વિના જીવનને આનંદ અને સંતોષથી જીવવાનું પણ અશક્ય છે. અઢી અક્ષરનો આ શબ્દ 'સ્નેહ' કે 'પ્રેમ' ભલભલા લોકોની જીંદગી બદલી શકે છે જો એમાં સ્વાર્થ ના હોય તો – જે સ્નેહ રાધાને શ્યામ ઉપર હતો, જે લાગણી મીરાને એના ગિરધર ગોપાલ ઉપર હતી એમાં ક્યાંય કોઈ સ્વાર્થ ન હતો. ફક્ત સ્નેહનું સગપણ, બીજી કોઈ આશા નહિ ત્યારે જ આજે પણ કોઈ રાધા કે મીરાંને ભૂલી શકતું નથી ને? ખરેખર સાચું સગપણ તો સ્નેહનું જ છે. સ્નેહ વિના સંસાર સૂનો છે.

માટે જ તો ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે એની ૬૩ વર્ષની પાકટ વયે પણ આર્જેન્ટિનાની એક સુંદર કવયિત્રીને પત્રમાં લખેલું કે....

"સ્ત્રીહૃદયના સાચા સ્નેહને હું જીંદગીભર ઝંખતો રહ્યો છું. વર્ષો સુધી મેં એકલતાનો ભાર વેઠ્યો છે. નોબલ પ્રાઈઝ સાથે મારી સામાજિક પ્રતિષ્ઠા અને મૂલ્ય વધ્યાં છે. પરંતુ મારામાં રહેલી વ્યક્તિ હંમેશા અવગણના પામતી રહી છે. અને એ ફક્ત સ્ત્રીના સ્નેહ દ્વારા જ સંતોષ પામે તેવી છે."

"પોથી પઢી જગ મુઆ પંડિત ભયા ના કોઈ ઢાઈ અક્ષર "પ્રેમ" કા પઢે સો પંડિત હોઈ" ■

**પ્રાગજીભાઈ પટેલ**
લેખક :નારી શક્તિના પ્રખર પક્ષધર

# સ્ત્રીઓએ કેટલીક વાતોનું ધ્યાન રાખવું જોઈએ

એમ કહેવાય છે કે, પતિ-પત્નીએ એકબીજાથી કંઈ છુપાવવું ન જોઈએ, પરંતુ સુખી દાંપત્ય જીવન માટે એ જરૂરી છે કે, પત્નીએ પોતાના પતિથી કેટલીક વાતો છાની રાખવામાં જ ડહાપણ છે.

કોઈપણ પુરુષ ભલે કેટલોય આધુનિક વિચારસરણી ધરાવતો કેમ ન હોય, તે ક્યારેય પોતાની પત્નીના પૂર્વ પ્રેમસંબંધોને ભૂલી શકતો નથી. તેના મનના ખૂણામાં ક્યાંક તો જરૂર આ વાતની ખટક રહી જવાની કે, મારી પત્ની લગ્ન પહેલાં કોઈને પ્રેમ કરતી હતી તેમ જ તેને એ પણ બીક રહેવાની કે ક્યાંય હજી પણ તેઓ વચ્ચે સંબંધ હોય ! ભલે પત્નીને પતિની તરફ ગમે તેટલી વફાદારી હોય તો પણ લગ્નપૂર્વના પ્રેમસંબંધોને ગુપ્ત રાખીને પોતાનો પરિચય આપવો જરૂરી છે.

ઘણીવાર કુટુંબમાં શાંતિ રહે એ માટે સ્ત્રીઓ અનેક વાતો પતિથી છાની રાખતી હોય છે, પરંતુ તેમ કરવામાં તે એક પ્રકારનો અપરાધભાવ અનુભવે છે. જેની સાથે તે સમગ્ર રીતે પ્રાણથી પણ વધારે પ્રેમ કરે છે. અને જેનામાં શ્રદ્ધા રાખી લગ્નના ચાર ફેરા ફરી પવિત્ર બંધનમાં બંધાઈ છે એવા જીવન સાથી સાથે વિશ્વાસઘાત કેમ કરવો ? તેણે પોતાના પતિને પોતાના જીવન સંબંધી બધા રહસ્યો તેમજ સંબંધોમાં પણ સાથી બનાવવો જોઈએ. અને કોઈ વાત છાની ન રાખવી જોઈએ એમ તે માનવા લાગે છે. આ એક સિધ્ધાંત તરીકે સાચી છે, પરંતુ જે વાતથી પોતાનો પ્રેમ તૂટી જવાની સંભાવના હોય, ઘરનું વાતાવરણ અશાંત થાય એવી વાતો ગુપ્ત રાખવી એ જ વધુ સારું છે.

સ્ત્રી-પુરુષના સંબંધો પર જે સંશોધનો થાય છે, જેમણે આ વિષયનો પુરો અભ્યાસ કર્યો છે તેમના મતે પુરુષવર્ગની માનસિકતા અને મન:સ્થિતિને જાણીને સ્ત્રીઓએ કેટલીક વાતોનું ધ્યાન ચોક્કસપણે રાખવું જોઈએ તેમાં સૌથી પહેલાં તો એ કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પોતાના પૂર્વસંબંધોનો સ્વીકાર સ્ત્રીએ કદી ન કરવો જોઈએ. કારણ કે પુરુષનો સ્વભાવ એવો હોય છે કે, તે પોતાની પત્ની હંમેશા અક્ષત રહી હોય, જેણે બીજા પુરુષ સાથે શારીરિક તો શું માનસિક સ્તરે પણ ક્યારેય સંબંધ ન બાંધ્યો હોય એવા રૂપમાં જ જોવા ઈચ્છે છે.

સ્ત્રીમાં એક ખાસ આવડત એ હોવી જોઈએ કે બીજી રીતે પણ પોતાને લગ્ન પહેલાં કોઈની સાથે સંબંધ હતા એવી હકીકત કે વહેમ પતિને હોય, કોઈ સાક્ષી પણ હાજર હોય તો પણ શક્ય હોય ત્યાં સુધી પ્રયત્નો કરીને તેને ખોટા પાડવા અને વિપરીત પરિસ્થિતિને પણ કાબુમાં રાખવી. આ આવડત કેવી હોય, એ માટે કોઈ સ્પષ્ટ સિદ્ધાંત નથી. પણ પરિસ્થિતિને હિંમતભેર સાંભળીને એ પરિવારને છિન્નભિન્ન થતું અટકાવી શકે તે માટેની એક યોગ્યતા છે.

પૂર્વ પ્રેમી જો વેર લેવાના હેતુથી કોઈ વાત ઉપજાવી કાઢીને પોતાના પતિ સમક્ષ તેને સિધ્ધ કરવાનો પ્રયત્ન કરે, અગર પોતાની બહેનપણી દ્વારા એવી વાત પોતાના પતિ પાસે આવી હોય તો પણ એવા આક્ષેપોનો ચૂપચાપ સ્વીકાર ન કરવો, જો વાત સંપૂર્ણપણે પતિની સામે સ્પષ્ટ થઈ જાય તો પણ એટલો વિશ્વાસ તો પતિને કરાવી જ દો કે, લગ્ન પહેલાના એ સંબંધ તદ્દન હળવા હતા. એક બીજાના હાથ પકડવા, આલિંગન આપવા કે ચુંબન લેવા સુધી પણ પહોંચ્યા ન હતા. જો આટલું કરવામાં પણ સફળ થશો તો સંબંધ તૂટવાની ક્ષણોમાંથી પોતાને પણ અને પોતાના પતિને બચાવી શકાશે.

આપણો સમાજ પણ લગ્ન પહેલાંના શારીરિક સંબંધોને માન્યતા આપતો નથી અને તે યોગ્ય જ છે. પરંતુ મોટે ભાગે યુવક-યુવતીઓ યુવાનીના ઉન્માદમાં લસરી પડે છે, એ વસ્તુ એક હકીકત જેવી છે. તેથી દરેક પરણેલા પુરુષને પોતાની પત્ની માટે સૌથી મોટી ચિંતા એ હોય છે કે, પોતાની પત્નીનો કોઈ અન્ય પુરુષ સાથે શારીરિક સંબંધ તો નહી હોય? અને તેથી ઘણીવાર પતિ વારંવાર પૂછી પૂછીને પત્ની પાસેથી તેના લગ્નપૂર્વેના પ્રસંગોનો અહેવાલ માંગે છે. પત્ની લાખ ના પાડે તો પણ પત્નીના મોંએથી તેવી વાતોનો સ્વીકાર સાંભળવા ઈચ્છે છે.

પુરુષ પોતાની બડાઈ કે હોશિયારી બતાવવા પોતાની યુવાનીના પ્રસંગો સંભળાવીને, કઈ કઈ છોકરીઓ સાથે પોતાના કેવા સંબંધો રહ્યા હતા એવા પ્રેમ પ્રસંગો પોતાની પાસે વર્ણવીને પત્ની પાસેથી પણ પોતે કોલેજમાં ભણતી હતી ત્યારે તેને પણ એવો એક પ્રેમી હતો એવી વાત સાંભળવા માંગે છે. સ્ત્રીનું મન ખૂબ કોમળ હોય છે. તેમ છતાં અને વારંવાર પૂછવા છતાં કદી પોતાના લગ્નપૂર્વેનાં પ્રેમ સંબંધો વિશે કાંઈ હરફ સુધા પણ ઉચ્ચારવાની ભૂલ કદી ન કરવી.

પુરુષ લગ્ન પહેલાનાં પોતાના લફરાની વાતો ભલે કહે, તેમાં તેને પોતાની હોશિયારી લાગશે. પણ તે પત્નીના એવા સામાન્ય સંબંધની વાત પણ કદી સહન કરી શકશે નહીં અને બીજું કાંઈ અજુગતું ન બને તો પણ વાતવાતમાં તે વાતને પકડીને પત્નીને મહેણા માર્યા કરશે.

પતિ પાસે લગ્નપૂર્વેના પ્રેમસંબંધોની વાતો ભૂલેચૂકેય કરીને દુ:ખ વહોરશો નહિં. પતિ પોતે ભલે ગમે તેવો હોય, પરંતુ તેને પત્ની તો 'સતી સાવિત્રી' જેવી જ જોઈએ, પુરુષ પોતે

# નારી સૃષ્ટિ

ચારિત્રની દૃષ્ટિએ ગમે તેટલો દોષી કેમ ન હોય? પરંતુ પત્નીરૂપે તે સફેદ દૂધ જેવા શુદ્ધ ચારિત્રવાળી પત્નીને જ ઈચ્છે છે. આ પુરુષજાતિનો સંસ્કાર અને સ્વભાવ છે.

જો પતિના જૂના પ્રેમસંબંધો વીતેલી ઘટના હોવાથી આજે તે ઈતિહાસ બની જાય છે. તો પત્નીના લગ્ન પહેલાના સંબંધો આજના સંદર્ભમાં મરેલા માની લેવા પડે. પરંતુ વર્ષો વીતી ગયા હોય એવી વાતને યાદ કરીને પુરુષો સ્ત્રીના ચારિત્ર્ય પર લાંછન લગાડવાનું ચૂકતા નથી.

ખોટું બોલવું તે ઠીક નથી તે વાતને સમર્થન આપવા છતાં ક્યારેય જૂઠ જ સત્ય કરતાં ઘણું વધારે કલ્યાણકારી સાબિત થયું છે. વાસ્તવમાં કોઈ પણ વિનાશક સત્ય કરતાં મીઠું અને કલ્યાણકારી અસત્ય સારૂં છે. પતિની પાસે લગ્ન પહેલાંના સંબંધોની વાત પત્નીએ કરવાની ભૂલ ક્યારેય ન કરવી જોઈએ. પતિ એવી વાત કહેવા માટે ફોસલાવે-પટાવે, તેના પ્રેમપ્રસંગ સંભળાવીને પોતે ગુસ્સે ન થવાનું વચન આપે, તો પણ પત્નીએ હંમેશા સાવધાન રહેવું જોઈએ. પત્નીના વર્ષો પહેલાના પ્રેમસંબંધોને ભૂલી જવા એ કેટલાક સમજુ પુરુષો જ કરી શકે, પરંતુ સહનશીલ પતિ પણ પોતાની પત્નીના લગ્ન પહેલાંના શારીરિક સંબંધોની વાત સહન કરી શકતો નથી, એટલે અશાંતિ ઉત્પન્ન કરવાવાળી વાતોને રહસ્ય બનાવી રાખવામાં જ ફાયદો છે.

## નારી સૃષ્ટિ

# મા તુજે સલામ



**બી. જી. કાનાણી**
જાણિતા લેખક અને નિબંધકાર,
પ્રિન્સિપાલ શ્રી ઉમિયાજી મહિલા, કોલેજ, ધ્રોલ

ઉપર જીસકા અંત નહીં, ઉસે આસમાં કહેતે હૈ, જમીં પર જીસકા અંત નહીં. ઉસે માં કહેતે હૈ ! આ કાવ્ય પંક્તિમાં કવિએ માં ને આકાશ અને ધરતીને માતા જેવી મહાન ગણી છે. માં એ માત્ર એક સંબોધન નથી પણ માનવતાનું મહા તીર્થ છે.

ઈશ્વરે સ્ત્રીને માતા બનવાનું ગૌરવ આપ્યું છે. પોતાના જીવનમાંથી એક નવો જીવ સ્ત્રી જ જનમાવી શકે છે. પુરુષ માત્ર દાણા વાવી ખસી જાય છે. પછી એ દાણાનું જતન કરવાનું. પોતાના લોહી માંસથી સિંચવાનું પોષવાનું અને યોગ્ય સમયે તેને જન્મ આપવાનું કામ પોતાના જીવના જોખમે પણ સ્ત્રી જ કરે છે. કરી શકે છે. આવી મહાન મહિલાઓએ - માતાઓએ ક્યાં પુરુષ સમોવડી થવાની જરૂર છે ? ઈશ્વરે જ મહિલાઓને પુરુષ કરતાં એક સ્થાન ઊંચે બેસાડેલ છે. જરૂર છે આમ મહિલાઓને સ્ત્રીભૃણ હત્યાનો સખત વિરોધ કરી દીકરીનું ગૌરવ જાળવાની.

સ્ત્રી વગરના ઘરની કલ્પના પણ ભયંકર છે. સ્ત્રીભૃણ હત્યા સમાન બીજું કોઈ ભયંકર પાપ નથી. દીકરી તો વહેતુ ઝરણું છે. દીકરી તો વહાલનો દરિયો છે. ભારતના ઉપનિષદોએ ચાર સંસ્કારપીઠો દર્શાવી છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ અને અતિથિ દેવો ભવ આ ચાર સંસ્કારપીઠોમાં ઉપનિષદોએ સૌથી પહેલુ સ્થાન માતૃદેવો ભવને આપ્યું.

ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું પછી તેને થયું આવડી મોટી સૃષ્ટિમાં બધી જ જગ્યાએ હું એકલો શી રીતે પહોંચી શકીશ? તેથી જ ઈશ્વરે માં નું સર્જન કર્યું છે. માં વિના સૃષ્ટિનું સર્જન અને સંચાલન જાણે કે અશક્ય બાબત છે. માં તો રત્નની ખાણ જ ગણાય છે. માં ના હોત તો આજે વિશ્વને વાલ્મિકી જેવા રામાયણકાર કે વેદવ્યાસજી જેવા મહાભારતકાર ન મળત. રામ જેવા મર્યાદા પુરુષોત્તમ કે કૃષ્ણ જેવા ગીતાકાર યુગપુરુષ ન મળત. ભગવાન બુદ્ધ કે મહાવીર ન મળત. આચાર્ય ચાણક્ય કે વીર વિક્રમ કેવા રાજનિતીજ્ઞ ના મળત. આદી શંકરાચાર્ય કે વિવેકાનંદ જેવા જગતગુરુ ન મળત. સરદાર જેવા અખંડ ભારતના સર્જક ન મળત. સાવરકર, સુભાષચંદ્ર કે ભગતસિંહ જેવા સમર્પિત રાષ્ટ્ર ભક્તો ન મળત. આર્યભટ્ટ, સી.વી.રામન કે વિક્રમ સારાભાઈ જેવા વૈજ્ઞાનિક ના મળત. ભારતનું ગૌરવ વધારનાર સંતો, કવિઓ, તત્વચિંતકો, ક્રાંતિવીરો, વૈજ્ઞાનિકો કે ઉદ્યોગપતિઓ ન મળત. આવા નામો માટે પુસ્તકોના પાનાઓ પણ ટૂંકા પડે. આ બધા રત્નો, અમૂલ્ય રત્નો છે. હિન્દુસ્તાનની મહિલાઓએ માતાઓએ આપેલ અમુલ્ય રત્નો છે. તેથીજ ભારતીય સંસ્કૃતિ અને શાસ્ત્રોએ પણ લખવું પડ્યું છે કે માતૃદેવો ભવ.

**દૂનીયાભરની સમૃદ્ધિ ત્રાજવાના એક પલ્લામાં મૂકો અને બીજા પલ્લામાં માં ને બેસાડો તો માતાનું પલ્લું નીચે નમી જશે. માં વિશે મહાનિબંધ લખીને ડોક્ટરેટની ડીગ્રી મેળવીએ તો એ ડીગ્રી પણ માં સામે ઝાંખી પડે.**

'માં' વિષે રત્નકણિકાઓ

- ત્રણ લોકમાં માતા સમાન બીજો કોઈ મોટો ગુરુ નથી - મહર્ષિ વેદવ્યાસ
- માં એ મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને જગતજનની છે.- મહર્ષિ અરવિંદ ઘોષ
- હું જે કંઈ છું તે દૈવી પ્રકૃતિવાળી મારી માતાની પ્રસાદી છે. - અબ્રાહમ લિંકન (અમેરિકા)
- માંનુ હૃદયતો પ્રેમનું મંદિર છે. - મોરારીબાપુ
- માતૃપદ જ જગતનું શ્રેષ્ઠ પદ છે. - સ્વામી વિવેકાનંદ
- માતાઓ જ સર્વ સંસારને ઉંચકી શકે છે. માતાઓ જ દેશને ઊંચે ઉઠાવી શકે છે. - સ્વામી રામતીર્થ

મો. ૯૯૯૮૦૩૯૧૧૧


BIS
HUID JEWELLERY
JC™
SONI
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678

## સમાજ સૃષ્ટિ



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# ધ્યેયસિદ્ધિનો રસ્તો એકમાર્ગી નહીં, પણ બહુમાર્ગી છે !

ફોર્મ્યુલા વનની રેસમાં ઝૂકાવનાર મોટરચાલક હંમેશા રસ્તા પર સીધી દૃષ્ટિ રાખીને રેસમાં કાર દોડાવશે, જ્યારે કોઈ ગાઢ જંગલમાં ઝરણાંઓ, નદીઓ, પર્વતોની વચ્ચેથી માર્ગ કરનાર સાહસપ્રેમી આગળ વધવા માટે જુદા જુદા રસ્તા ખોવળવાનો પ્રયત્ન કરશે. મોટરકારના ચાલકની નજર સમક્ષ એક જ લક્ષ હોય છે, જ્યારે ગાઢ જંગલો વીંધનારાઓ આમતેમ જઈને માર્ગ શોધતાં હોય છે.

આગળ વધવાની ક્રિયા બંનેની સમાન છે, પણ એમની રીત તદ્દન ભિન્ન છે. વ્યક્તિના જીવનમાં સમસ્યા આવે, ત્યારે એ કાં તો એનો એક જ ઉકેલ શોધે છે અને માને છે કે જો એ ઉકેલ સિદ્ધ થાય, તો જ એના પ્રશ્નોનું નિરાકરણ થશે. જ્યારે બીજી વ્યક્તિ સામે સમસ્યા આવતા જુદા જુદા રસ્તાઓ શોધીને એ આગળ ધપતી હોય છે. એક સ્થળે આગળ વધતાં સમસ્યા જાગે, તો બીજા રસ્તે ઉકેલ શોધવાનો પ્રયત્ન કરે છે. એક એકમાર્ગી રસ્તાનો ચાલક છે, તો બીજો બહુમાર્ગી માર્ગનો પ્રવાસી છે.

જીવનમાં કોઈપણ પ્રશ્ન કે સમસ્યા મૂંઝવે, ત્યારે મોટે ભાગે વ્યક્તિ એ સમસ્યાના રોંદણા રડવા શરુ કરે છે. આવેલી સમસ્યા માટે નસીબને દોષ આપે છે. પોતે સમસ્યા હલ કરવા માટે નિર્બળ હોય, તો જાતે પ્રયત્ન કરવાને બદલે ગ્રહો, કુંડળી કે જ્યોતિષનો આશરો લે છે. આવી વ્યક્તિ પોતાની સમસ્યાના મુકામ પર ઊભી રહી ગઈ હોય છે. ત્યાં જ થોભી જાય છે કે સમસ્યા પર જ અટકી જાય છે.

બીજા પ્રકારના લોકો એ સમસ્યાનો ઉકેલ વિચારે છે, પરંતુ એમની વિચારધારા એવી હોય છે કે આ સમસ્યાનો આ એક જ ઉકેલ છે. એ સિવાય એના મનમાં એ વિશે બીજો કોઈ વિચાર, રસ્તો કે વિકલ્પ આવતો નથી. એ વિચારે છે કે 'પ્રમોશન' મળતું નથી, હવે એ સમસ્યાનો ઉકેલ 'બૉસ'ને ખુશ કરવાનો છે, એથી બનશે એવું કે એ એક જ માર્ગે ચાલવાનું રાખશે અને 'બૉસ'ને ખુશ કરવા રાત-દિવસ પ્રયત્ન કરશે.

એની સમસ્યા એક અને એના ઉકેલનો રસ્તો પણ એક. આને વર્ટિકલ વિચારધારા કહે છે. એ કાટખૂણે જ વિચારતો હોય છે. પરિણામે જો એ 'બૉસ'ને પ્રસન્ન કરી શકે નહીં, તો પોતાને નિષ્ફળ માનશે. એની મુશ્કેલી એ હોય છે કે એના ચિત્તમાં બીજા કોઈ વિકલ્પ આવતા નથી. કોઈ બીજો રસ્તો વિચારતો નથી.

ત્રીજા પ્રકારના લોકો પોતાની એક સમસ્યાના અનેક વિકલ્પોની શોધ કરે છે. માત્ર એક જ નહીં, બલ્કે બીજા રસ્તાઓનો વિચાર કરે છે. એ વિકલ્પો વિચારે છે કે કામ કરવાની મારી પદ્ધતિમાં કોઈ મૌલિક અભિગમ કે નવીન વિચાર પ્રગટ કરીને પ્રગતિ કરું. એ વિચારે છે કે એના કામમાં સાથીઓનો પુરતો સહકાર મળતો નથી, તો સાથી કર્મચારી સાથે મનમેળ સાધીને હસીને કામ કરું તો પણ પ્રમોશન મળે. એ વિચારે કે મારા કામમાં વિશેષ લગન લગાડું, જેથી મારી તરક્કી થાય. આમ, આવી વ્યક્તિ પાસે એક પ્રશ્નના અનેક ઉપાય હોય છે. જો બૉસ અસંતુષ્ટ થશે, તો બધું નિષ્ફળ જશે, એવું એક જ ઔષધ એની પાસે હોતું નથી.

એક જ સમસ્યાનો એક જ ઉકેલ શોધનારને માટે બીજાં સઘળા રસ્તા બંધ થઈ જશે. એની વિચારધારા એકમાર્ગી રસ્તે જ ચાલે છે. એની પાસે એક સવાલનો એક જ જવાબ છે અને જો એ જવાબ મેળવવામાં નિષ્ફળતા પામે, તો એ પોતાને સદંતર નિષ્ફળ માનશે. પ્રયત્નથી પરવારી જશે.

એક સવાલના અનેક ઉત્તરો શોધવાની વૃત્તિને કેટલાક લોકો અનિર્ણયાત્મકતા કહે છે, તો કેટલાક એને દ્વિધા તરીકે ઓળખાવે છે. એ વ્યક્તિ 'આ કરવું' એ નક્કી કરી શકતી નથી એમ પણ કહે છે. કેટલાક એવું દૃષ્ટાંત પણ આપે છે કે એક વ્યક્તિએ પાણી કાઢવા માટે જમીનમાં ત્રીસ ફૂટ ઊંડો કૂવો ખોદ્યો. એમાં પણ નિષ્ફળતા મળતાં ત્રીજી જગાએ ત્રીસ ફૂટ ઊંડો કૂવો ખોદ્યો. એમાં પણ નિષ્ફળતા મળતાં ત્રીજી જગાએ ત્રીસ ફૂટ ઊંડો કૂવો ખોદ્યો. એને એકે કૂવામાં પાણી ન મળ્યું. હકીકત એ હતી કે જો એણે એક જ જગાએ ચાલીસ ફૂટ ઊંડો કૂવો ખોદ્યો હોત, તો એને પાણી મળી ચૂક્યું હોત.

આવી અનિર્ણયની મનઃસ્થિતિ વિશે અનેક કથાઓ મળે છે, પરંતુ અહીં એ અનિર્ણયાત્મકતાની વાત નથી, પણ નર્ણય કરતાં પહેલાં દરેક માર્ગ, દરેક શક્યતા કે દરેક ઉકેલો વિચારવાની વાત છે. આનું કારણ એ કે ક્યારેક આવો વિચાર કરતાં આપણને સાવ જુદો માર્ગ પણ જડી આવે. આપણા સવાલનો કોઈ

# સમાજ સૃષ્ટિ

જુદો ઉકેલ પણ મળી આવે.

પોતાના સંતાનને અભ્યાસમાં નિષ્ફળતા મળે, તો કેટલાક એમ સ્વીકારીને જ ચાલશે કે એને વિદ્યા ચડતી નથી. અભ્યાસમાં એ સાવ નબળો છે. કેટલાક આના ઉત્તરરૂપે તત્કાળ કહેશે કે એ રમતગમતમાં એટલો બધો સમય બગાડે છે કે એ અભ્યાસ અંગે ગંભીર નથી, તો કેટલાક એવી ફરિયાદ કરશે કે આખું વર્ષ મહેનત કરવાને બદલે એ છેલ્લો મહિનો જ અભ્યાસ કરે છે અને તેને પરિણામે સારો ગ્રેડ મેળવી શકતો નથી.

આપણી પાસે પરિસ્થિતિનો સ્વીકાર કરવા માટે કારણો પણ તૈયાર હોય છે અને તેથી બીજા વિકલ્પોનો ક્યારેય વિચાર કરતા નથી. આપણે એમ વિચારતા નથી કે એને આર્ટ્સમાં રસ છે, તેમ છતાં સાયન્સ વિદ્યાશાખામાં અભ્યાસ કરવો પડે છે, તેથી કદાચ આમ થતું હોય, ઘણીવાર વ્યક્તિ જે ફેકલ્ટીમાં અભ્યાસ કરતો હોય, તેમાં એની રૂચિ ન હોય તેથી આવી પરિસ્થિતિ સર્જાતી હોય છે. એને ક્રિકેટમાં રસ હોય, તેથી એ અભ્યાસ કરતો નથી એમ વિચારવામાં આવે છે, પરંતુ એવો વિચાર કરતા નથી કે એને રસ છે એવા ક્ષેત્રમાં પ્રોત્સાહન આપીએ તો એ ભવિષ્યમાં સારો ક્રિકેટર પણ બને. મહેન્દ્રસિંહ ધોની જેવા ક્રિકેટરોને સમય જતાં અભ્યાસને બદલે ક્રિકેટ અપનાવવું પડ્યું અને એ પ્રભાવશાળી કપ્તાન બન્યો.

પ્રત્યેક વ્યક્તિમાં એક વિશિષ્ટ રૂચિ અને પ્રતિભા નિહિત હોય છે. જેમ શંકરાચાર્યમાં તીવ્ર સંન્યાસભાવ હતો,અર્જુનમાં બાણાવાળી થવાની ઉત્કટતા હતી, શ્રીમદ્ રાજચંદ્રને ભલે વેપાર કરવો પડ્યો, પણ એમનું મન તો આત્મસાધના અને મોક્ષપ્રાપ્તિમાં રમમાણ હતું.

એવું પણ બને કે વ્યક્તિનું ચિત્ત એક ક્ષેત્રમાં કુશળ હોય અને એને બીજા ક્ષેત્રમાં કામ કરવું પડે. દરેક વ્યક્તિની સમસ્યાનો એકસરખો ઉકેલ હોતો નથી. એને માટે એણે કોઈ નવો વિચાર કરવો જોઈએ અથવા તો ઉકેલની નવી રીત શોધવી જોઈએ. એક વ્યક્તિ એવી હોય છે કે રાતદિવસ પોતાનું કામ ટેબલ પર બેસીને ખંતપૂર્વક કરી શકતી હોય છે અને બીજી વ્યક્તિ એવી હોય છે કે જેના ચિત્તમાં મૌલિક લાભદાયી વિચારો આવતા હોય છે. આથી એક વ્યક્તિને માટે આકરી મહેનત એ એનો ઉકેલ છે, તો બીજાને માટે મૌલિક ચિંતન એ એનો ઉકેલ અને ઉત્તર છે.

જેમ કેટલીર વ્યક્તિ માર્કેટિંગમાં કુશળ હોય છે, તો કેટલીક પરચેઝીંગમાં માહિર હોય છે. કોઈ સર્જકને તમે શિસ્તબદ્ધ એકધારા જીવનમાં બાંધી શકતા નથી, તો વૈજ્ઞાનિકને આવું એકધારું શિસ્તબદ્ધ જીવન વિશેષ પસંદ પડે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન કે થોમસ આલ્વા એડિસનના જીવનમાં આપણે એ જ જોઈએ છીએ કે એમણે પ્રયોગશાળામાં રહીને પોતાનું કાર્ય કર્યું.

આનો અર્થ એટલો જ કે બધાને એક લાકડીએ હાંકી શકાય નહીં. સમસ્યાનો ઉકેલ એ એકમાર્ગી રસ્તો નથી, પણ અનેકમાર્ગી રસ્તો છે. આપણા રોજિંદા જીવનમાં આપણે 'ટૂ ડાયમેન્શન'નો વિચાર કરીએ છીએ. પરંતુ એક પ્રશ્નનાં ઘણાં પાસાં હોઈ શકે, માટે જીવનમાં 'થ્રિ ડાયમેન્શન'થી વિચાર કરવો જરૂરી છે.

સમસ્યાના ઉકેલના અનેક માર્ગો પર દૃષ્ટિપાત કરવાથી કોઈક નવી વસ્તુ પણ મળી આવે. મોટેભાગે લોકો પોતાની સમસ્યાનો એકમાત્ર ઉકેલ હોવાનું માને છે અને એનું પરિણામ એ આવે છે કે તેઓ એ સમસ્યાથી ઘેરાઈ જાય છે. ઘણી વાર એ સમસ્યાથી ઘેરાઈ જાય છે. ઘણી વાર એ સમસ્યા એમના ચિત્ત પર છવાઈ જાય છે અને ક્યારેક શેક્સપિયરના હેમ્લેટના પાત્રની માફક વ્યક્તિ પોતીકી સમસ્યામાં ઘેરાઈ જાય છે.

આનો અર્થ એટલો જ કે તમે એક સવાલના એક જવાબની વિચારધારામાંથી મુક્ત બનો. એક સાવલના જુદા જુદા જવાબો પણ હોઈ શકે. તમારે માત્ર એક જ કૂવામાં ઊંડે ખોદવાનું નથી, પણ તમે જુદા જુદા કૂવામાં પણ ઊંડે ખોદી શકો છો. એવું પણ બને કે જો તમે તમારી સમસ્યાના એક જ ઉકેલને જોશો તો કદાચ ત્યાં જ અટકી જશો અને એને પરિણામે બીજા ઘણા ઉકેલોથી અજ્ઞાત રહેશો. જ્યારે જુદા જુદા ઉકેલ શોધનાર વ્યક્તિ એના એક ઉપાયમાં નિષ્ફળતા મળતાં અટકી જશે નહીં, એ તરત જ બીજો ઉપાય અજમાવવાની કોશિશ કરશે અને અનેક જુદા જુદા રસ્તાઓ એને દેખાશે. એની પાસે સમસ્યાના ઉકેલ માટેની પદ્ધતિની પસંદગી રહેશે અને તેથી એવું પણ બને કે સમસ્યાના ઉકેલનો કોઈ મૌલિક, કારગત, લાભદાયી, સચોટ માર્ગ પણ હાથ લાગી જાય.



**પ્રફુલ્લ કાનાબાર**
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત છે.

# પૈસો જ્યારે સ્ટેટસ સિમ્બોલ બની જાય છે...

કેટલાક મોટા મંદિરોમાં દર્શન માટે ભક્તજનોની લાંબી લાઈનો થતી હોય છે. અતિશય ધનવાન વ્યક્તિને એ લાઈનમાં ઉભા રાખવાને બદલે પાછલા દરવાજેથી દર્શન કરવા માટે લઈ જવાય છે. આવી ધનવાન વ્યક્તિઓ પાસે કોઈ જ સત્તા નથી હોતી પણ એમના માટે પૈસો જ સ્ટેટસ સિમ્બોલ બની ગયું હોય છે!

દુનિયામાં દરેક વ્યક્તિનું એક સ્ટેટસ હોય છે. જો કદાચ સમાજમાં સ્ટેટસ ન હોય તો પણ પોતાના મનમાં તો ખુદની એક છબી હોય જ છે. જેમકે કોઈ વ્યક્તિનો ફોટો દેશના વડાપ્રધાન સાથે અખબારમાં છપાયો હશે તો પણ ફોટામાં એની નજર સૌથી પહેલાં પોતાના ફોટા પર જ પડશે. આમ દરેક વ્યક્તિના મનમાં પોતાનું એક આગવું મહત્વ હોય જ છે એમાં કાંઈ ખોટું પણ નથી.

કોઈ પણ બીઝનેસમેન કરોડપતિ થઈ જાય તો ખુદનું મહત્વ એના પોતાના ક્ષેત્રમાં તો વધારી જ ચૂક્યા હોય છે પણ એ જ વ્યક્તિ જ્યારે અબજોપતિ થઈ જાય ત્યારે પૈસો એના માટે સ્ટેટસ સિમ્બોલ બની જશે. અતિશય ધનવાન થયા બાદ એમને ઓળખતા લોકો પણ મોટે ભાગે એમને સ્પેશીયલ ટ્રીટમેન્ટ આપવા લાગે છે. સૌથી મહત્વની વાત તો એ છે કે એક વાર માણસ પાસે અઢળક ધન આવે એટલે એ ખુદના મહત્વનો વ્યાપ વધારવા પ્રયાસ કરવા લાગશે. એને પણ સારી રીતે ખબર હોય છે કે એની પાસે લતાજી જેવો અવાજ કે બચ્ચનજી જેવી લોકપ્રિયતા નથી. એની પાસે અન્ય કોઈ વિશિષ્ટ કળા પણ નથી પરંતુ આવા કિસ્સામાં પૈસો જ એનું સ્ટેટસ બની જાય છે!

ફિલ્મ "પ્રેમનગર"ના એક દ્રશ્યમાં રાજેશ ખન્ના અને હેમામાલિની એકદમ મોંઘી અને ક્લાસિક કારમાં વિશાળ મહેલની હદની જમીનમાં પ્રવેશે છે. (એ શૂટિંગ મૈસૂરના ભવ્ય મહેલ પાસેનું છે. એ સુંદર લોકેશન મારું જોયેલું છે.) ફિલ્મમાં કેમેરો બારીની બહાર ફેલાયેલી વિશાળ જમીન પર ફરે છે. કાર ડ્રાઈવ કરતાં કરતાં જ રાજેશ ખન્ના મોંઘી બ્રાન્ડની વ્હીસ્કીના પેગની ચૂસકી લગાવીને કહે છે "લતા, યહાં સે હમારે અધિકાર, અહંકાર ઔર અભિમાન કી હદ શરુ હોતી હૈ" હેમાં આશ્ચર્યથી કહે છે "યહ તો સેંકડો હજારો એકર ઝમીન હૈ" ખન્ના કહે છે "ઈન્સાન કો આખિર કિતની જમીન ચાહિયે?" છે ફૂટ બાય તીન ફૂટ?

ફિલ્મમાં આ ડાયલોગ એક ગર્ભશ્રીમંત અને અબજોપતિનું પાત્ર ભજવતા ખન્નાના મોઢે બોલાય છે. "શરાબી"માં પણ ગર્ભશ્રીમંતનું પાત્ર ભજવતા અમિતાભ બચ્ચનને આપણે પૈસા કરતાં વધારે માનવીય સંબંધોને મહત્વ આપતો જોયો છે. ત્યારે વિચાર આવે છે કે શું આવું માત્ર ફિલ્મોમાં જ હોય છે?

અમુક અપવાદોને બાદ કરતાં જવાબ છે... હા.. અત્યારે સમગ્ર દુનિયાનું ચિત્ર જ એવું છે કે જે લખપતિ છે અને કરોડપતિ થવું છે, કરોડપતિને અબજોપતિ થવું છે અને માત્ર એટલું જ નહીં પરંતુ વિશ્વના ટોપ ટેનમાં સ્થાન મેળવવું છે ! ટૂંકમાં એ લોકોની ડીક્શનેરીમાં 'સંતોષ' નામના શબ્દને સ્થાન જ નથી.

અહીં અઢળક પૈસા કમાનાર વ્યક્તિની ટીકા કરવાનો બિલકુલ ઈરાદો નથી કારણકે આજના જમાનામાં પૈસો લાઈફ લાઈન છે. એ વાત પણ સાવ સાચી છે કે પૈસો માણસના જીવનની પાયાની જરૂરીયાત છે. પેટની ભૂખ ભાંગવા માટે પૈસો કમાવો અનિવાર્ય છે. આજના જમાનામાં નિર્ધન માણસને કોઈ માનથી જોતું નથી. માણસની આર્થિક હેસિયત પરથી જ એની સફળતાનું માપ કાઢવામાં આવે છે. પૈસાનું મહત્વ આજકાલ તો આશ્રમ લઈને બેઠેલા સાધુ સંતો પણ સ્વીકારે છે. અહીં સૌથી મોટી તકલીફ એ છે કે પૈસાને આપણે વિનિમયના સાધન તરીકે જોવાને બદલે સુખના વિકલ્પ તરીકે જોતા થઈ ગયા છીએ.

બીજી એક આડવાત.. ધન કમાવામાં જેટલી કુનેહની જરૂર પડે છે એટલી જ કુનેહની જરૂર ધન વાપરવામાં પણ પડે છે. પૈસા કમાવા માટે પુરુષાર્થની જરૂર પડે છે પણ વાપરવા માટે સંસ્કારની જરૂર પડે છે. અઢળક પૈસા કમાવવામાં કાંઈ જ ખોટું નથી પણ એનો સદુપયોગ કરતાં આવડી જાય તો જીવન ધન્ય બની જાય. ■



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# ફાંસીના માંચડે હાથમાં ગીતા રાખી તેઓ બોલ્યા હતા : 'વંદે માતરમ્'

ભારતની સ્વતંત્રતા સંગ્રામની એક હૃદયંગમ કથા અહીં પ્રસ્તુત છે.

ભારતને મળેલી આઝાદીની ભીતર અનેક વીર ક્રાંતિકારીઓના ત્યાગ, બલીદાન અને વીરતાની કહાણીઓ ભંડારાયેલી છે. હા, એમાંથી કેટલાયે વીર ક્રાંતીકારીઓના નામથી દેશની નવી પેઢી અજાણ છે અથવા બહુ ઓછું જાણે છે. **દેશની આઝાદી માટે જેમણે પોચાનું સર્વસ્વ અર્પણ કરી દીધું એમાંથી એક હતા મદનલાલ ઢીંગરા.** એમના માટે મેડમ કામાએ કહ્યું હતું કે સ્વતંત્ર ભારતના દરેક ચૌરાહા પર મદનલાલની પ્રતિમાઓ લાગશે અને દેશ તેમને યાદ કરશે.

પરંતુ દુર્ભાગ્ય એ વાતનું છે કે મદનલાલ ઢીંગરાના નામથી દેશની પ્રજા અજાણ છે અને આજે કોઈ ભાગ્યે જ તેમને યાદ કરે છે. ખુદ તેમનું શહેર જ તેમને ભૂલી ગયું છે. શહીદ મદનલાલ ઢીંગરાનો જન્મ અમૃતસરમાં એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. લાહોરમાં શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ તેઓ એન્જિનિયરિંગનું ભણવા ઈંગ્લેન્ડ ગયા. લંડનમાં રહી શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા. લંડનમાં એક ભારત ભવન હતું. ભારત ભવનમાં તેઓ વીર સાવરકર અને બીજા ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા. અહીં એ બધાંએ ૧૮૫૭ની ક્રાંતિની ૫૦મી વર્ષગાંઠ મનાવી.

એ વખતે લંડનમાં કર્ઝન વાઈલી નામનો અધિકારી લંડનમાં ભણતા અને ભારતની આઝાદી માટે ગુપ્ત ચળવળ કરતા ભારતીય વિદ્યાર્થીઓ પર નજર રાખતો હતો. આ વાતની ખબર મદનલાલ ઢીંગરાને પડી ગઈ. મદનલાલે એ પણ જોયું કે આ અંગ્રેજ અધિકારી વારંવાર ભારતીય વિદ્યાર્થીઓને અપમાનિત કરતો હતો. અંગ્રેજ અધિકારીનું આ વલણ દેશભક્ત ભારતીય વિદ્યાર્થીઓને પસંદ નહોતું.

આ સમયગાળા દરમિયાન જ મદનલાલ ઢીંગરા વીર સાવરકર અને શામજી કૃષ્ણ વર્માના સંપર્કમાં આવ્યા હતા અને લંડનના ભારત ભવનના સભ્ય બની ગયા હતા. એ જ વખતે તેમણે મનોમન સંકલ્પ કર્યો કે ભારત માતા માટે જરૂર પડે હું મારા જીવનની આહુતિ આપી દઈશ.

વીર સાવરકરે યુવાન મદનલાલ ઢીંગરાને બધી બાજુએથી પારખી લીધા. તેમને પૂરી ખાતરી થઈ કે મદનલાલ ભારત માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરવા માટે સમર્થ છે.

એક દિવસ મદનલાલ અચાનક વીર સાવરકરની સામે ઊભા રહી ગયા. એ વખતે તે બંને એકલા જ હતા. વીર સાવરકર સામે જોઈને મદનલાલે પૂછ્યું : **'સાવરકરજી, તમે જ મને કહો કે શું મારે મારા પ્રાણ ન્યોછાવર કરવાનો સમય આવી ગયો છે ?'**

સાવરકરજી બોલ્યા : 'જ્યારે કોઈ પણ વ્યક્તિને એમ લાગે કે તેના માટે વિશેષ સમય આવી ગયો છે તો તેણે સમજી લેવું જોઈએ કે સમય આવી ગયો છે.'

મદનલાલે કહ્યું : 'જી, હું તૈયાર છું.'

એ પછી તેઓ બંને કોઈ વાત કરતા રહ્યા એ દિવસ બાદ મદનલાલ ઢીંગરા કેટલોક સમય એકાંતમાં રહ્યા અને તેઓ તેમના જીવનની કોઈ મહત્વપૂર્ણ ઘટનાની યોજના ઘડવા લાગ્યા. મદનલાલ ઢીંગરાને અંગ્રેજ અધિકારી કર્ઝન વાઈલીનું લંડનમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ સાથેનું અપમાનજનક વર્તન ગમતું નહોતું. તેમણે આ અંગ્રેજ અધિકારી સાથે બદલો લેવાની યોજના ઘડી કાઢી.

**તા.૧ જુલાઈ ૧૯૦૯ની વાત છે. આ દિવસે લંડનમાં એક જાહેર કાર્યક્રમ યોજાવાનો હતો.** આ કાર્યક્રમમાં કર્ઝન વાઈલી હાજર રહેવાનો હતો. મદનલાલ ઢીંગરા પહોંચી ગયા અને કોઈ કાંઈ સમજે તે પહેલાં મદનલાલે અંગ્રેજ અધિકારી કર્ઝન વાઈલીના શરીરમાં બે ગોળીઓ ધરબી દીધી. વાઈલીનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું.

આ ઘટનાથી આખા ઈંગ્લેન્ડમાં સનસનાટી ફેલાઈ ગઈ. ભાગ્યની વિડંબના એ હતી કે મદનલાલ ઢીંગરાના પિતાએ અંગ્રેજો સાથેની વફાદારી નિભાવતા પોતાના જ પુત્રના આ કાર્યની ટીકા કરી. તેઓ એવું પણ બોલ્યા કે આવા પુત્રના પિતા હોવા બદલ હું શરમ અનુભવું છું. એ જ રીતે મદનલાલનો મોટો ભાઈ પણ લંડનમાં ભણતો હતો તેણે પણ નાના ભાઈના આ કૃત્યની નિંદા કરી પરંતુ મોટાભાઈને જ્યારે મદનલાલની ભારતમાતા પ્રત્યેની કર્તવ્ય નિષ્ઠાની જાણ થઈ ત્યારે તેમણે પિતાથી ખાનગીમાં મદનલાલનો કેસ લડવા માટે તેમના વકીલને ખાનગીમાં ફીના નાણાં આપ્યા. પરંતુ મદનલાલને વાતની ખબર પડી એટલે તેમણે સ્પષ્ટ કહી દીધું કે હું એ વકીલની મદદ નહીં લઉં ને જેમણે એટલે કે મારા પિતાએ અંગ્રેજો પ્રત્યેની વફાદારી દર્શાવી છે અને વકીલને ફી ચૂકવી છે.

ઈંગ્લેન્ડની કોર્ટમાં કેસ ચાલ્યો. કેસની સ્ક્રિપ્ટ પહેલેથી જ નક્કી હતી. અંગ્રેજોની કોર્ટે મદનલાલ ઢીંગરાને ફાંસીની સજા ફરમાવી.

(અનુ. પેઈજ ૩૮ ઉપર)

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE





રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items

Shree BALAJI
FIBRE GLASS

2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.

Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com
















**પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# પાટનગર દિલ્હી - સ્વપ્ન નગરી સીમલા

## પાટનગર દિલ્હી

યમુના નદીના કિનારે ૨૪૦ મી.ની. ઊંચાઈએ આવેલ ઐતિહાસિક અને આધુનિક દિલ્હી શહેર ભારતનું પાટનગર છે. દિલ્હી માત્ર ભારતનું જ નહીં વિશ્વનું અગત્યનું શહેર છે. પૌરાણિક કથાનુસાર પાંડવોનો સંબંધ આજના દિલ્હી સાથે હતો. એ સમયે એનું નામ ઈન્દ્રપ્રસ્થ હતું. સાત વસ્તીઓવાળુ આ દિલ્હી શહેર સાતવાર ભાંગ્યુ અને ફરીથી વસ્યુ છે. એ પાંડવોના ઈન્દ્રપ્રસ્થ તરીકે અને ૨૦૦૦ વર્ષ પહેલાં પ્રિયદર્શી અશોકનું પાટનગર પાટલીપુત્ર હતું. આદીકાળથી જ દિલ્હી અનેક આક્રમણોના કારણે રક્તસ્નાન કરતું રહ્યું છે. ૧૯૪૭ના વિભાજન વખતે પણ દિલ્હી રક્તરંજીત થયેલ. એજ દિલ્હી ૧૯૪૮માં મહાત્માં ગાંધી અને ૧૯૮૨ માં ઈન્દીરાગાંધીના મહાબલિદાનનું સ્થળ બન્યું. આમ દિલ્હીનો ઈતિહાસ લોહીના અક્ષરોથી લખાયેલો ઈતિહાસ છે. અનેકવાર વિકસીને વેરાન બનેલું આ શહેર અનેક શાસકોના ઉદય તથા પતનનું સાક્ષી છે. આ દિલ્હી ભારતનું પાટનગર હોવા ઉપરાંત પર્યટન, રાજકરણ અને વેપારનું મુખ્ય કેન્દ્ર છે. દિલ્હી માં અનેક જોવાલાયકને માણવાલાયક સ્થળો આવેલા છે.

**લાલકિલ્લો :** લગભગ ૨ ચો.કિમી.ના વિસ્તારમાં બંધાયેલ લાલકિલ્લાનું નિર્માણ ૧૬૩૮ થી ૧૬૪૭ વચ્ચે થયેલ છે. શાહજહાંએ બંધાવેલ આ ભવ્ય કિલ્લામાં દિવાનેઆમ, દિવાનેખાસ, રંગ મહેલ, મુમતાઝ મહેલ વિ. જોવાલાયક છે. કિલ્લામાં પ્રવેશતાંજ રસ્તાની બંને બાજુએ હસ્ત શિલ્પ અને હાથીદાંતની વસ્તુઓની દુકાનો આવેલ છે. અહીં રોજ સાંજે ધ્વનિ પ્રકાશના માધ્યમ દ્વારા મહત્વપૂર્ણ ઐતિહાસિક કાર્યક્રમો દર્શાવાય છે. રાષ્ટ્રીય તહેવારોમાં અહીં ધ્વજવંદનનો કાર્યક્રમ રખાય છે.

**જુમા મસ્જિદ :** લાલ કિલ્લાથી થોડે દુર આવેલી આ ભારતની સૌથી મોટામાં મોટી મસ્જિદ છે. તેના પ્રાંગણમાં એક સાથે ૨૫૦૦૦ વ્યક્તિઓ નમાજ પઢી શકે છે. મસ્જિદમાં ૪૦ મી. ઉંચાઈ ધરાવતા બે મિનારા છે. મસ્જિદને ત્રણ વિશાળ પ્રવેશદ્વાર છે. આ મસ્જિદ મોગલ સ્થાપત્ય કલાનું ઉત્તમ ઉદાહરણ છે.

**રાજઘાટ, શાંતિવન, વિજયઘાટ :** લાલ કિલ્લા પાછળ રીંગરોડ પર યમુના નદીના કિનારે રાષ્ટ્રપિતા ગાંધીજીની સમાધી રાજઘાટ છે. આ સમાધી પર કાયમ જ્યોત જલતી રહે છે. તેના સાથે જ સ્વ. જવાહરલાલ નહેરુની સમાધી શાંતિવન તથા લાલબહાદુર શાસ્ત્રીની સમાધી વિજયઘાટ આવેલી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.ઈન્દીરાગાંધીની સમાધી શક્તિસ્થલ અને રાજીવગાંધીની સમાધી અહી જ આવેલી છે.

**રાષ્ટ્રપતિ ભવન :** ભારતના રાષ્ટ્રપતિનું આ સરકારી નિવાસસ્થાન છે. રાયસીના ટેકરીને તોડીને બનાવવામાં આવેલ આ વિશાળ ભવન ૧૯૨૯માં પૂર્ણ થયેલ. ભવનમાં ૩૪૦ રૂમ છે. ભવનના બાહ્ય ભાગમાં આવેલ 'મુગલ ગાર્ડન'માં વિવિધ પ્રકારમના સુંદર અને સુવાસિત ફૂલો ખીલે છે. આ ભાગને દર વર્ષે ફેબ્રુઆરીમાં જનસામાન્ય માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. રાષ્ટ્રપતિ ભવન જોવા માટે સંબંધિત અધિકારીની મંજુરી લેવી પડે છે.

**કુતુબમિનાર :** દિલ્હીના પ્રતીક સમાન આ કુતુબ મિનાર દિલ્હીથી ૧૫ કિમી. દૂર છે. મૂળ હિન્દુ મંદિરનો નાશ કરીને કુતુબુદીને ૧૧૯૩માં એનાં બાંધકામની શરૂઆત કરી હતી. આ વિશાળ મિનાર ૭૩ મી. ઊંચો છે. એ પાંચ માળનો છે. તેના પ્રત્યેક માળ પર ઝરુખા આવેલા છે. મીનારની બાજુમાં મસ્જિદના ચોગાનમાં ૭ મી. ઉંચો એક અદ્દ્ભુત લોહસ્તંભ આવેલ છે. આ લોહસ્તંભ પાંચમી સદીમાં રાજાચંદ્રવર્મા એ ઉભો કરાવ્યો હતો. આ વિશાળ સ્તંભને બાથ ભીડીને પર્યટકો પોતાની ઈચ્છાપૂતિની કામના કરે છે.

**ઈન્ડીયા ગેટ :** પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલો સૈનિકોની સ્મૃતિમાં ૪૨ મી. ઉંચોસ્તંભ બનાવવામાં આવ્યો છે. તેના પર શહીદ થયેલા સૈનિકોનાં નામ કોતરેલ છે. અહીં અમરજવાન જ્યોતિ સતત પ્રજ્વલિત રહે છે. આ સ્થળ બોટકલબની પાસે જ આવેલું છે. તેની સામે બીજો એક સ્તંભ છે. ૧૯૭૧માં ભારત પાકિસ્તાન યુદ્ધમાં શહીદ થયેલાઓની યાદમાં બાંધવામાં આવ્યો છે.

**લોટસ ટેમ્પલ :** નહેરુ પ્લેસથી આગળ કાલકાજી મંદિરથી લગભગ ૨ કિમી. દૂર આ મંદિર આવેલુ છે. તેને જોઈને તેની પ્રશંસા કર્યા વગર તમે રહેશો નહીં. તમામ ધર્મ પ્રત્યે આદરભાવ કરતું મંદિર બહાઈ સંપ્રદાય દ્વારા બાંધવામાં આવ્યું છે. તેનો આકાર કમળના ખીલેલા ફુલ જેવો છે. એ કારણે જ આ મંદિર લોટસ ટેમ્પલ નામે ઓળખાય છે.

**બીરલા મંદિર :** આ મંદિર શેઠ શ્રી બલદેવદાસ બીરલાએ ૧૯૩૩માં બાંધવાની શરૂઆત કરેલ જે ૧૯૩૯માં પૂર્ણ થયેલ. મહાત્મા ગાંધીજીએ આ મંદિરનું ઉદ્ઘાટન કરેલ. આ મંદિર વિશાળ જગ્યામાં ઊંચી પગથી પર બાંધવામાં આવ્યું છે. મંદિરની મધ્યમાં લક્ષ્મીનારાયણ મંદિર, ડાબી બાજુ શિવજીનું મંદિર અને જમણી બાજુ દુર્ગાદેવીનું મંદિર છે. આ મંદિર ભારતીય સંસ્કૃતિના કેન્દ્ર સમાન છે.

**દિલ્હી પ્રાણી સંગ્રહાલય :** દિલ્હીનું આ અદ્યતન પ્રાણીસંગ્રાહલય છે. જે મથુરા દિલ્હી રોડ પર આવેલું છે. આ પ્રાણી સંગ્રહાલયમાં લગભગ ૧૦૦૦ જેટલા વિવિધ જાતનાં પ્રાણીઓ તેમજ ૨૦૦ થી વધુ જાતનાં વિવિધ પક્ષીઓ આવેલા છે. આ પ્રાણી સંગ્રહાલયમાં હાથી પરની સવારી થઈ શકે છે.

# યાત્રા સૃષ્ટિ

**આંતરરાષ્ટ્રીય ઢીંગલી સંગ્રહાલય :** બહાદુરશાહ ઝફર માર્ગ પર આવેલા નહેરુ હાઉસમાં ઢીંગલી સંગ્રહાલય આવેલું છે. એમાં ૮૫ દેશોમાંથી એકત્ર કરેલા ૭૦૦૦ થી વધુ ઢીંગલા-ઢીંગલી એમની સ્થાનીક વેશભુષામાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ સંગ્રહાલયમાં ભારતની વિવિધ વેશભૂષાઓ દર્શાવતા લગભગ ૫૦૦થી વધુ ઢીંગલા-ઢીંગલી આપેલા છે.

**અપ્પુઘર અને પ્રગતિ મેદાન :** પ્રગતિ મેદાનની બાજુમાંજ આવેલુ અપ્પુઘરએ બાળકો માટેનું મનોરંજન સ્થળ હોવા છતાં તમામ ઉમરની વ્યક્તિઓને ગમી જાય એવું છે. અહીં ૫૦થી વધુ જુદા જુદા પ્રકારની રાઈડ્સ આવેલી છે. જ્યારે પ્રગતિ મેદાનમાં નવેમ્બર માસમાં આંતરરાષ્ટ્રીય વેપાર મેળો ભરાય છે ત્યારેએ લઘુવિશ્વનું રૂપ ધારણ કરે છે.

**તીનમૂર્તિ ભવન :** ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનું આ નિવાસ સ્થાન હતુ. એ પહેલા તે બ્રિટિશ કમાન્ડર ઈન ચીફ નું નિવાસ સ્થાન હતું. અત્યારે અહીં નહેરુજી સંબંધિત વિવિધ વસ્તુઓના સંગ્રહનું મ્યુઝીયમ છે. આ ઉપરાંત દિલ્હીમાં સંસદભવન, ઈંદીરાજીનું નિવાસ સ્થાન, મહાત્મા ગાંધીજીને ગોળી લાગેલ એ સ્થળ. ઉપરાંત અનેક સ્થળો જોવાલાયક છે.

**મુખ્ય શહેરોથી અંતર**

| | |
|---|---|
| અમદાવાદ : ૮૮૮ કિમી. | જયપુર : ૨૬૦ કિમી. |
| જમ્મુ : ૫૮૫ કિમી. | આગ્રા : ૨૦૦ કિમી. |
| ચંદીગઢ : ૨૫૦ કિમી. | લખનૌ : ૫૭૫ કિમી. |
| અમૃતસર : ૪૪૪ કિમી. | સીમલા : ૩૭૫ કિમી. |
| રાજકોટ : ૧૧૧૧ કિમી. | પટણા : ૧૦૧૧ કિમી. |
| કલકતા : ૧૪૪૪ કિમી. | |

## સ્વપ્ન નગરી સીમલા

સમુદ્રની સપાટીથી ૨૨૧૩ મી.ની. ઉંચાઈએ આવેલ અર્ધચંદ્રાકાર પહાડી પર ફેલાયેલ આ નગરી ૧૨ ચો. કિમી.નું ક્ષેત્રફળ ધરાવે છે. 'પર્વતીય શહેરોની રાણી' તરીકે ઓળખાતુ સીમલા ચારેબાજુ હિમાલયની બર્ફાચ્છીત પર્વતમાળા, ગીચ જંગલો અને ખીણોથી ઘેરાયેલ હિમાચલ પ્રદેશનું પાટનગર છે. ૧૮૧૯માં અંગ્રેજોનું અહી આગમન થયુ અને સીમલાનું સંપૂર્ણ વાતાવરણ એક અતિ આધુનિક અંગ્રેજ ગિરિમથક જેવુ થઈ ગયું. અંગ્રેજોના સમયમાં ત્યાં વાહનો જઈ શકતા ન હતાં. પ્રથમ વિશ્વયુદ્ધ સુધી તો હિન્દીઓ પણ ત્યાં પ્રવેશી શકતા નહતા. માલ રોડ પર અંગ્રેજ સ્થાપત્ય શૈલીના અનેક મકાનો આવેલા છે. સ્વતંત્ર ભારતનું થોડા સમય માટે સીમલા પંજાબનું પાટનગર હતું. સીમલા અત્યારે હિમાચલ પ્રદેશની રાજધાની છે. પાઈન અને દેવદારના વૃક્ષોથી ઘેરાયેલુ, બાગ-બગીચા અને પુષ્પકૂંજોથી સમૃદ્ધ સીમલા ઉનાળામાં તો પ્રવાસીઓથી ઉભરાઈ જાય છે. સીમલાનું નામ તે પ્રદેશની અધિષ્ઠાત્રી શ્યામલા દેવીના નામ પર રખાયું છે.

**જાખુ હિલ :** સીમલાથી ૨ કિમી. દૂર ૨૫૦૦ મી.ની ઉંચાઈએ આવેલ જાખુહિલ હિમાચલ પ્રદેશની સૌથી વધુ ઉંચાઈ પર આવેલ છે. જાખુહિલ પર હનુમાનજીનું પ્રાચીન મંદિર આવેલ છે. અહીં અસંખ્ય વાંદરાઓ જોવા મળે છે. અહીંથી એક તરફ શહેરનું સંપૂર્ણદશ્ય તો બીજી તરફ હિમાલયની બર્ફાચ્છાદીત ગિરિમાળાઓનું દશ્ય મનને સ્પર્શી જાય છે. હનુમાનજી લક્ષ્મણજી માટે સંજીવની જડીબુટ્ટી લઈને પાછા ફરતી વખતે થોડીવાર વિશ્રામ કરવા આ સ્થળે રોકાયા હતા.

**કૂફરી :** સીમલાથી ૧૬ કિમી. દૂર આવેલ આ સ્થળ શિયાળુ રમતોત્સવ માટેનું મુખ્ય કેન્દ્ર છે. અહી પર્યટકો માટે ખાસ સ્કીઈંગની વ્યવસ્થા છે. જાન્યુ-ફેબ્રુઆરીમાં જ્યારે અહીં બરફ જામી જાય છે. ત્યારે સહેલાણીઓ અહીં બરફ પર સરકવાનો આનંદ લેવા આવે છે.

**પ્રોસ્પેક્ટ હિલ :** સીમલાથી ૫ કિમી. દૂર આ સ્થળેથી સીમલા તારા દેવી, સમર હિલ અને સોલનના આકર્ષક દશ્યો જોવા મળે છે. અહીંથી એક જ સમયે સુર્યાસ્ત અને ચંદ્રોદયનું અવિસ્મરણીય દશ્ય જોઈ શકાય છે. અહીં ૨૧૪૫ મી.ની ઊંચાઈએ કામના દેવીનું મંદિર આવેલ છે.

**નાલ દેહરા :** સીમલાથી ૨૨ કિમી. દુર આવેલ આ સ્થળ તેના કુદરતી સૌંદર્ય અને સૌથી જૂના ગોલ્ફ મેદાન તરીકે જાણીતું છે. અહીં દેવદાર અને ચીડના વૃક્ષોથી ઘેરાયેલ ટેકરીઓની શોભા અવર્ણનીય છે. નાલદેહરા નજીક મહેશ મંદિર હોવાથી પણ પ્રવાસીઓનો અહીં ઘસારો રહે છે.

**ચૈલ :** એક સમયે આ સ્થળ પતિયાળા રાજ્યનું ગ્રીષ્મ પાટનગર હતુ. અહીં પતિયાળાના મહારાજાનો ભવ્ય મહેલ આવેલો છે. આ સ્થળ સીમલાથી ૪૫ કિમી. દૂર છે. અહીં વિશ્વનું સૌથી ઊંચા સ્થળે આવેલુ ક્રિકેટ મેદાન છે. પતિયાળાનો મહેલ અત્યારે ભવ્ય વૈભવી હોટલમાં ફેરવાઈ ગયો છે.

**ચાહવીક ધોધ :** સીમલાથી ૭ કિમી. દુર આવેલ આ સ્થળ સીમલાનું મનમોહક અને આકર્ષક પર્યટનનું સ્થળ છે.

**મુખ્ય શહેરોથી અંતર**

| | |
|---|---|
| દિલ્હી : ૩૭૫ કિમી. | ધર્મશાલા : ૨૮૦ કિમી. |
| કાલકા : ૦૮૮ કિમી. | કુલ્લૂ : ૨૪૦ કિમી. |
| અંબાલા : ૧૫૧ કિમી. | 'મનાલી : ૨૮૦ કિમી. |
| ચંદીગઢ : ૧૧૬ કિમી. | |

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫



**ડો. ક્રિષ્ના પાંડે**
લેખિકા પ્રખ્યાત હૃદયરોગ નિષ્ણાત તથા ક્રિષ્ના શેલ્બી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ડેપ્યુટી મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કાર્યરત છે. આ ઉપરાંત દિલ્હીની પ્રખ્યાત હોસ્પિટલો ખાતે કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે.

# કરીએ હૃદયની વાત દિલથી

રાજેશભાઈ એક સફળ આઈ.ટી. વ્યાવસાયિક તેમની ઉંમર ૪૮ વર્ષ તે દિવસની સાંજ મને બરાબર યાદ છે. તે દિવસે મારી દિકરીની બર્થ-ડે હતી. દર્દીઓથી ખચાખચ ભરેલી ઓ.પી.ડી. પતાવીને હું હોસ્પિટલથી હજી ઘરે પહોંચી જ હતી કે મોબાઈલની રીંગ રણકી. હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં રાજેશભાઈને લાવવામાં આવ્યા હતા. તેમને છાતીમાં અત્યંત ગભરામણ અનુભવાતી હતી અને ખૂબ ભારેપણું લાગતું હતું. જાણે કે કોઈએ છાતી ઉપર મોટો પથ્થર ના મૂકી દીધો હોય!


રાજેશભાઈના ઈ.સી.જી., TMT અને 2-D ઈકો સહિતના બધા જ ટેસ્ટ કરાવવામાં આવ્યા. ઉપરાંત, રાજેશભાઈ અને તેમના પરિજનો પાસેથી વિગતવાર માહિતી પૂછતાં જાણવા મળ્યું કે કામના લાંબા કલાકો, વ્યાયામનો અભાવ અને જંક ફૂડ તેમની દૈનિક જીવનશૈલીનો ભાગ બની ગયો હતો.

તમામ તપાસ કર્યા બાદ જાણવા મળ્યું કે, રાજેશભાઈના હૃદયની ધમનીઓમાં કેટલાંક બ્લોકેજ થવાના શરુ થયા હતા પરંતુ, સદભાગ્યે આ બ્લોકેજીસ સમયસર ઓળખાઈ શકાયા. કોલેસ્ટોરેલ ઘટાડવા માટે રાજેશભાઈની દવા શરૂ કરવામાં આવી. ઉપરાંત, તેમની જીવનશૈલીમાં પરિવર્તન લાવવા મટે સવારે અડધો કલાક મોર્નિંગ વૉક શરુ કરાવવામાં આવ્યું.

ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલના ફૂડ અને ન્યુટ્રીશન વિભાગમાં ડાયેટિશિયનને કન્સલ્ટ કરવામાં આવ્યા અને ડાયેટ પ્લાન તૈયાર કરવામાં આવ્યો કે જેમાં ફક્ત ઘરે બનાવેલ ખોરાક તથા ફળો, શાકભાજી અને કઠોળથી પોષણયુક્ત આહારનો સમાવેશ થયો હોય.

૬ મહિનામાં રાજેશભાઈએ ૮ કિલો વજન ઘટાડ્યું. તેમને વધુ સ્ફૂર્તિ અનુભવાવા લાગી અને સાથે સાથે તેમના હૃદયે પણ અનેકગણી સ્વસ્થતા પ્રાપ્ત કરી!

વાચક મિત્રો, રાજેશભાઈની ઉક્ત સત્ય ઘટના આપણને યાદ અપાવે છે કે, હૃદયની સંભાળ માટે કોઈ મોટી ઘટના થવાની રાહ જોવાની જરૂર નથી. વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD)ના કારણે થાય છે. પરંતુ, સારા સમાચાર એ છે કે ઘણા ખરાં કેસોમાં તેને સંપૂર્ણપણે અટકાવી શકાય છે.





કોરોનરી આર્ટરી ડિસીઝ શું (CAD) છે?

જ્યારે હૃદયની ધમનીઓમાં ખરાબ કોલેસ્ટોરોલ, ચરબી અને અન્ય પદાર્થોનો સંગ્રહ થાય છે, ત્યારે આ ધમનીઓ સંકુચિત થાય છે. આથી, હૃદયને પુરતું લોહી મળતું નથી. જેના પરિણામે છાતીમાં દુઃખાવો (એન્જાઈના), શ્વાસની તકલીફ અને હાર્ટ એટેક પણ આવી શકે છે.

તો ચાલો, આપણે હૃદયરોગથી બચવા માટેના ઉપાયો વિશે વિચારીએ. કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD) શરૂ થતાં પહેલાં જ અટકાવી શકાય છે. જેને માટે હૃદયને અનુકૂળ આહાર લેવો અત્યંત આવશ્યક છે.

હંમેશા ધ્યાનમાં રાખો કે તમારી આહારચર્યા તમારા હૃદયને સ્વસ્થ પણ રાખી શકે છે અથવા નુકસાન પણ પહોંચાડી શકે છે. આથી, આહારમાં તાજા ફળો અને શાકભાજી, ઓટ્સ, બ્રાઉન રાઈસ, દાળ, કઠોળ, ઓલિવ ઓઈલ, નટ્સ, ડ્રાયફ્રુટ્સ વિગેરેનો સમાવેશ કરો. આ ઉપરાંત, તળેલી વાનગીઓ, ફાસ્ટ ફૂડ, ઠંડા પીણાં, મીઠાઈઓ, માંસ તેમજ ટ્રાન્સ અને સેચ્યુરેટેડ ફેટ ધરાવતાં આહારનો ત્યાગ કરવો જોઈએ.

નિયમિત વ્યાયામ તે હૃદયની સ્વસ્થતાનું બીજું સોપાન છે. દરરોજ ૩૦ મિનિટ ઝડપથી ચાલવું (brisk walking) હૃદય માટે અત્યંત ફાયદાકારક છે. તેના માટે વિવિધ આધુનિક સાધનો ધરાવતા જિમમાં મોંઘીદાટ ફી ભરીને જવાની બિલકુલ જરુર નથી. નિયમિત ચાલવા જવું અત્યંત મહત્વપૂર્ણ છે.

બ્લડ પ્રેશર અને તણાવને નિયંત્રણમાં રાખવું હૃદયની સ્વસ્થતા માટે અત્યંત અનિવાર્ય છે. ઉચ્ચ રક્તચાપ (High Blodd Pressure) હૃદયને નુકસાન પહોંચાડી શકે છે. આથી, બ્લડપ્રેશર નિયંત્રણમાં રાખવા

# આરોગ્ય સૃષ્ટિ

માટે આહારમાં મીઠું ઓછું હોય તે હિતાવહ છે. તણાવથી બચવા માટે જીવનમાં નિયમિત યોગાભ્યાસ અને ધ્યાનને સ્થાન આપવું જોઈએ.

માથું દુઃખતું હોય, છાતીમાં ગભરામણ લાગતી હોય, છાતી ઉપર અત્યંત ભાર મહેસૂસ થયો હોય, સામાન્ય સંજોગોમાં પગથિયાં ચડતી વખતે કે ચાલતી વખતે અત્યંત હાંફ અનુભવાતી હોય તો તાત્કાલિક હૃદયરોગ નિષ્ણાંતની સલાહ લેવી જોઈએ.

અનેક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ્સમાં હૃદયની સ્વસ્થતા ચકાસવા માટે હેલ્થ ચેક-અપ પ્લાન્સ ઉપલબ્ધ હોય છે, જેમાં હૃદયને લગતા તમામ પરીક્ષણો વ્યાજબી દરે કરવામાં આવે છે. આ પ્રકારના હેલ્થ-ચેકઅપ પ્લાન લેવાથી બે દર્દીને મુખ્યત્વે બે ફાયદા થાય છે. ૧. હૃદયરોગના નિષ્ણાત ડૉક્ટરની તપાસ વિગેરે આ પ્રકારના હેલ્થ ચેકઅપ પ્લાનમાં સમાવિષ્ટ હોય છે. આથી, પ્લાન અનુસાર દર્દીના તમામ પરીક્ષણો એકસાથે અને એક જ સ્થાને થઈ જાય છે. ૨. તમામ પરીક્ષણો સમાવિષ્ટ કરી એક પેકેજ બનાવેલ હોવાથી તે દર્દીને ઘણું જ સસ્તું પડતું હોય છે.

આપણી ધમનીઓમાં જમા થતી ચરબી અને ખરાબ કોલેસ્ટોરોલ પણ હૃદયરોગના કારણોમાંનું એક મુખ્ય કારણ છે. ઉપરાંત, દારૂ અને સિરાગેટ જેવા વ્યસનો પણ હૃદયરોગમાં ઉદ્દીપક તરીકે ભાગ ભજવે છે. ડાયાબિટીસ પણ હૃદયરોગમાં મહત્વનો ભાગ ભજવે છે.

વાચક મિત્રો, રાજેશભાઈને ના તો કોઈ સર્જરીની જરૂર પડી, ના કોઈ મોંઘીદાટ સારવારની નિયત સમયાંતરે હૃદયને લગતી તમામ તપાસ, નિયમિત દવાઓ, ધ્યાન-યોગાભ્યાસ દ્વારા તણાવમુક્ત જીવનશૈલી, વ્યાયામ, પૂરતી ઊંઘ, વ્યસનમુક્ત જીવનશૈલી, સંતુલિત આહારચર્ચા વિગેરે દ્વારા આજે તેઓ પહેલાં કરતાં પણ વધુ સ્વસ્થ અને સ્ફૂર્તિપૂર્વકનું જીવન જીવી રહ્યા છે અને જિંદગીને ખરા અર્થમાં માણી રહ્યાં છે.

આપણે સૌએ તે સમજવાની જરૂર છે કે કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD) કોઈ અચાનક થતી બીમારી નથી પરંતુ, તેના લક્ષણો ધીમે-ધીમે શરીરમાં દેખાવાના શરૂ થાય છે જેને સમયસર ઓળખીને અટકાવવું અત્યંત અનિવાર્ય છે. તમારું હૃદય દરેક પળે ફક્ત તમારા માટે ધડકે છે. આથી, તમારા હૃદયની સ્વસ્થતા જોવાની જવાબદારી પણ તમારી જ છે.

## (અનુ. પેઈજ ૩૩ નું શરૂ) 'વંદે માતરમ્'

તા. ૧૭ ઑગસ્ટ ૧૯૦૯ના રોજ લંડનની પૈટન વિલે જેલમાં ક્રાંતિવીર મદનલાલ ઢીંગરાને ફાંસી આપવામાં આવી. તેમને ફાંસી આપવામાં આવી રહી હતી ત્યારે ગળામાં ફંદા વખતે જ તેમના એક હાથમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા હતી અને મોટા અવાજે બોલ્યા હતા 'વંદે માતરમ્'.

મદનલાલ ઢીંગરા ભારત માતાની સ્વતંત્રતા માટે લંડનની જેલમાં ફાંસીના માંચડે ઝૂલી પડ્યા.

મદનલાલ ઢીંગરાની એ ઈચ્છા હતી કે તેમનું અંતિમ વક્તવ્ય ફાંસી પહેલાં દુનિયા સુધી પહોંચી જાય. પરંતુ અંગ્રેજોની સખતાઈના કારણે શક્ય નહોતું. પરંતુ વીર સાવરકરે એ વક્તવ્ય છપાય તેવી વ્યવસ્થા કરી અને આખી દુનિયાએ તે વાંચ્યુ. બન્યું એવું જ મદનલાલ ઢીંગરાને ફાંસી અપાઈ તે પહેલાં જ તેમનું અંતિમ વક્તવ્ય છપાઈ જતાં અંગ્રેજ સરકાર ગભરાઈ ગઈ અને મદનલાલ ઢીંગરા ખુશીથી જેલમાં જ નાચવા લાગ્યા હતા. મદનલાલ ઢીંગરાનો અંતિમ સંદેશ આ પ્રમાણે હતો : "એક હિન્દુ હોવાની હૈસિયતથી હું સમજું છું કે અગર કોઈ અમારી માતૃભૂમિની વિરુધ્ધ કોઈ જુલ્મ કરે છે તો તે ઈશ્વરનું અપમાન કરે છે. અમારી માતૃભૂમિનું જે હિત છે તે શ્રીરામનું જ હિત છે. એની સેવા શ્રી કૃષ્ણની જ સેવા છે. મારા જેવા એક હતભાગી સંતાન માટે બીજું શું હોઈ શકે જે પોતાની માતાની વેદી પર પોતાનું રક્ત અર્પણ કરે. ભારતવાસીઓ અત્યારે એટલું જ કરતાં શીખે કે તેઓ મરતાં શીખે અને એને શીખવાનો એક માત્ર ઉપાય છે કે તે સ્વંય મરે. એટલા માટે હું મરીશ અને મને આ શહાદત પર ગર્વ છે. ઈશ્વરને મારી એટલી જ પ્રાર્થના છે કે હું એ જ માતાના ગર્ભમાંથી પેદા થાઉં અને ફરીથી એ જ ઉદ્દેશ્ય માટે પોતાના પ્રાણ અર્પણ કરી શકું.

આવા અદ્વિતીય સંદેશ પર દુનિયા વારી ગઈ. મદનલાલે અંગ્રેજ અધિકારીને ગોળીથી વીંધી નાખ્યો તેની આર્યલેન્ડે પણ પ્રશંસા કરી. આર્યલેન્ડના અખબારોએ 'આર્યલેન્ડની પ્રજા મદદનલાલ ઢીંગરાનું સન્માન કરે છે' જેવા વિદ્યાનો લખ્યાં અને તેવા પ્લેકાર્ડસ પૂરા દેશમાં ફેરવ્યા.

ઈંગ્લેન્ડના કેટલાક લેખકોએ પણ મદનલાલ ઢીંગરાની બહાદુરીની સરાહના કરી હતી.

તા.૧૭ ઑગસ્ટ ૧૯૦૯ના રોજ 'વંદે માતરમ્'ના નારા સાથે લંડનની પૈટન વિલે જેલમાં ફાંસીને માંચડે લટકી ગયેલા વીર શહીદ મદનલાલ ઢીંગરાની શહાદત ભારતના સ્વતંત્રતા સંગ્રામનું એક ઓછું જાણીતું પરંતુ સુવર્ણપૃષ્ઠ છે.

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# વ્યાયામ - કસરત

મિત્રો, સ્વાસ્થ્ય સારું હોય તે કોને ન ગમે. સ્વાસ્થ્ય સારું હોવું એ તો પહેલું સુખ છે. પણ આપણામાંથી કેટલા લોકોને એ વાતનો ખ્યાલ છે કે સ્વાસ્થ્ય સારું રાખવા મુખ્ય ચાર આવશ્યકતાઓ છે.

૧. સમતોલ આહાર ૨. આવશ્યક આરામ ૩. શરીરની ચોખ્ખાઈ અને ૪. પુરતો વ્યાયામ એટલે કસરત

આ ચારમાંથી પુરતા વ્યાયામ સિવાયની બાકીની ત્રણ આવશ્યકતાઓનું આપણે ધ્યાન રાખતા જ હોઈએ છીએ પણ વ્યાયામની વાત આવે ત્યારે આપણી પાસે કેટલા બધા બહાના મળી આવે છે. રાત્રે સુવાનું મોડું થયું. કસરતશાળા કે અખાડો મારા ઘરથી ખૂબ દૂર છે. સવારે વહેલું ઉઠાતું નથી, સમય જ ક્યાં છે વગેરે વગેરે. પણ મારી દષ્ટીએ કસરત નહીં કરવાનું મુખ્ય કારણ તો આપણો સમાજ કસરતનું મહત્વ જ નથી સમજી શક્યો તે છે. એટલે જ તો આપણા સમાજમાં હૃદયની બીમારી એટલે હાર્ટ એટેક, ડાયાબીટીસ એટલે કે મધુ પ્રમેહ. ઓબેસીટી એટલે કે ખૂબ વજન વધેલુ ઘાટઘુટ વગરનું બેડોળ શરીર, આર્થરાઈટીસ એટલે કે સંધીવા વગેરે પ્રશ્નો અને બીમારીઓ વધતા ચાલ્યા છે અને યાદ રાખજો કે એક વખત આ પહેલું સુખ આપણા હાથમાંથી જતું રહે પછી તે પાછું મેળવવું ખુબ જ કઠીન કામ છે. એટલે જ તો જાગ્યા ત્યારથી સવાર એમ સમજી વ્યાયામને પૈસા કમાવા જેટલું જ મહત્વ સૌ કોઈએ આપવું જોઈએ.

હા જેના રોજબરોજના કામમાં ખૂબ શારીરિક શ્રમ થતો હોય તેને કસરતની જરૂર ખાસ નથી હોતી. જેવા કે મજુરો, ટપાલીઓ, નર્સો તથા ફેક્ટરીમાં કામ કરતા કામદારો. કારણ કે તેઓનું રોજીંદુ કામ જ તેમને કસરત પુરી પાડે છે.

વ્યાયામની સૌથી વધુ જરૂર જો કોઈને હોય તો તે વધુ ભણેલા અને શ્રીમંત લોકોને જ હોય છે જેઓ એરકન્ડીશન ઘરમાંથી નીકળી, પોતાની ગાડીમાં ઓફિસે જાય અને આખો દિવસ ઓફિસમાં બેસીને કામ કરે અને સાંજે પોતાના



ઘેર અથવા હોટલમાં પકવાન જમી એર કન્ડીશનમાં સૂઈ જાય.

કસરત વિશે સમાજમાં ઘણી ગેરસમજ છે. લોકો સવાર સાંજ ચાલવા જાય તેને જ આદર્શ વ્યાયામ સમજી જીવન જીવતા હોય છે. તો વળી કોઈ વ્યાયામશાળામાં એટલે કે જીમ્નેશીયમમાં જઈ વજનો ઉંચકવાની કસરતો કરે છે. અને તેને જ ઉત્તમ વ્યાયામ સમજે છે. જ્યારે ઘણા લોકો ફક્ત યોગાસનને જ કસરત સમજી રોજ ફક્ત યોગાસનો જ કરી જીવતા હોય છે. પણ સત્ય આનાથી કંઈક જુદુ જ છે. વ્યાયામના શરીરને ત્રણ જાતના ફાયદા છે.

(૧) શરીરના સ્નાયુઓને મજબુત બનાવવાનું તથા આકાર આપવાનું. (૨) હૃદયને મજબુત કરવાનું એટલે કે સ્ટેમીના વધારવાનું. (૩) શરીરના દરેક દરેક સાંધાને વળી શકે તેવી સ્થિતિમાં રાખવાનું એટલે કે ફ્લેક્સીબલ રાખવાનું.

અને શારિરીક સુખ માટે ત્રણેય ફાયદા થવા જરૂરી છે અને ફાયદા માટે જુદા જુદા પ્રકારની કસરતો કરવાની હોય છે.

૧. શરીરના સ્નાયુઓને વધારવા તથા શરીરને દેખાવમાં સુંદર બનાવવા વજનદાર અને શ્રમ પડે તેવી કસરતો કરવી જોઈએ. જેમકે દંડ, બેઠક, સૂર્યનમસ્કાર, ડંબેલ્સ અને વજન ઉપાડવાની એટલે કે વેઈટ લીફટીંગ. પણ આ સાથે એક વાતનો ખ્યાલ રાખવાનો કે સ્નાયુઓની વૃદ્ધિ માટે પ્રોટીનની જરૂર પડે છે. માટે આવી કસરત કર્યા પછી વધારે પ્રોટીનવાળો ખોરાક લેવો જરૂરી છે. જેવો કે દુધ, ઈંડા, માંસ, કઠોળ, દાળ વગેરે.

૨. હૃદયને મજબુત બનાવવા એટલે કે સ્ટેમીના વધારવા અને શરીરની વધારાની ચરબી ઓગાળવા, ચાલવું, દોડવું, દોરડા કુદવા, એરોબીક્સ, ડાન્સ, તરવું, સાયકલ ચલાવવી, બહારની રમતો રમવી જેવી કે હોકી, બાસ્કેટ બોલ, ફૂટબોલ વગેરે કસરતો કરવી જોઈએ. પણ આ સાથે ઓછી ચરબીવાળો ખોરાક લેવો જોઈએ.

૩. શરીરના દરેક સાંધાને પુરતી કસરત મળે તથા આખું શરીર રબ્બરની જેમ વળી શકે તેવું બનાવવા યોગાસનો કરવા, પગ સીધા લાંબા રાખી પગના અંગુઠા પકડવા, એરોબીક્સ, મબલખ, જીમનાસ્ટીક અને સૂર્ય નમસ્કાર જેવી કસરતો કરવી જોઈએ.

તો મિત્રો, તમે તમારા શરીરને જાણો અને પછી તમારે કઈ કસરત કેટલા પ્રમાણમાં કરવી તે નક્કી કરો. જો તમારો સ્ટેમીના ઓછો હોય એટલે કે તમે થોડું ચાલવાથી, દોડવાથી કે સીડી ચઢવાથી હાંફી જતા હોય તો સમજવું કે તમારે સ્ટેમીના વધારવાની કસરત કરવી જરૂરી છે. તેનાથી ચરબી પણ ઓગળી જશે એ શરીર સપ્રમાણ થઈ જશે. જેનાથી શરીર પણ ભરાવદાર અને ઘાટીલું થઈ જશે. જો તમારું શરીર જકડાયેલું રહેતુ હોય અને પલાઠીવાળી નીચે વધારે સમય બેસવાથી તકલીફ થતી હોય તો તમારા સાંધાને છુટા એટલે કે ફ્રી થાય તેવી કસરત કરવી જોઈએ જેમાં યોગાસન મુખ્ય છે. હા, સાથે સાથે આટલી વાતો જરૂર યાદ રાખશો.

(૧) બની શકે તો વ્યાયામનો સમય સવારનો જ રાખશો. (૨) વ્યાયામ સમયે બને તેટલા ઓછા, ખુલતા અને સુતરાવ કપડા પહેરજો. (૩) કસરત પુરી થયા પછી તુરત પંખા નીચે ન ઉભું રહેવું તથા ઠંડા પાણીથી ન નહાવું. તેનાથી તમને શરદી લાગી શકે છે. (૪) વ્યાયામ બની શકે તેટલા ખાલી પેટે જ કરવી.

બસ આટલી તકેદારી સાથે તમે વ્યાયામ કરશો તો તમને તમારું છીનવાયેલું પહેલુ સુખ પાછું મળી જશે.

મો. ૮૪૮૮૮૮૧૨૧૩


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
લાંબા
સમય
સુધી ચાલે
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
~: Also available :~
EAU DE PARFUM
BAN® SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

## કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

# "વિવેક" ચૂકયા તો... ખેતીમાં ગોઠણભેર થઇ જવાય હો...!

દારૂ અને દૂધના બે ગ્લાસ ભર્યા હોય તો શું પીવાય ? દરદીની ખબર પૂછવા ગયા હોઈએ તો-પછી ભલેને ઘર હોય કે દવાખાનું - દરદીની સાથે કેમ વર્તાય ? કોઈ સ્નેહી-સંબંધીના મૃત્યુ પ્રસંગે બેસણામાં ગયા હોઈએ ત્યારે કેવી વાતો કરાય અને કેવી ન કરાય ? અરે ! કોઈના લગ્ન પ્રસંગમાં જમતા હોઈએ અને તાણ્ય કરી કરીને ભાવતી મીઠાઈ પીરસાતી હોય છતાં પોતાને કેટલું ખાવું એ બાબતની ખબર પડે એને "વિવેકભાન" કહેવાય એવું સમૃદ્ધખેતી કૃષિ સામયિકના લેખક શ્રી કાંતિભાઈ ભૂતે એક લાખણમાં કહ્યું છે, મને બહુ ગમ્યું છે.

પણ આ વાત તો સમગ્ર માનવસમાજના રોજબરોજના જીવન વ્યવહારોમાં ટાણે-કટાણે બનતા રહેતા પ્રસંગવેળાએ આમ નાગરિકે કેમ વર્તાય, એ બાબતની જનરલ શીખ આપનારી થઈ ગણાય.

જ્યારે આપણે તો રહ્યા ખેડૂત. એક એવા વ્યવસાયના સંચાલક કે જે આખોય વ્યવસાય સંપૂર્ણ રીતે કુદરતને ભરોસે અને પાછો આખુંયે વરસ ઉધારે હાલતો ધંધો છે ભાઈ! વરસાદનું ઓછું-વધુ કે નેવકું ન વરસવું, એના હિસાબે દુષ્કાળો પડવા કે રેલહોનારત અને વાવાઝોડાં ખાબકવાં, મોલાતોમાં રોગ-જીવાતોના ઉપદ્રવ, ઋતુ ઋતુના વાતાવરણીય બદલાવના હિસાબે મોલાતોમાં ઝીંકાતા સવા-કવા, અરે ! ધંધાની તાસીર તો જુઓ ! ખેતીનું આખું પરિસર જીવંત. પાકનું બીજ જીવંત, એમાંથી ઉગેલા છોડવા અને ઝાડવાં જીવંત, વચ્ચે ઉગતું નિંદામણ જીવંત, અંદર હરતાં-ફરતાં કીટ પતંગિયા ને ઉંદર - કાચિંડા - અળસિયાં અને ઝીણા જીવ-જંતુ બધાં જ જીવતાં ! અરે ! અંદર મોલને ઉપયોગી કામ કરતા મજૂર અને પશુઓ તો જીવંત ખરા, પણ ઊભા ખેતીપાકોને ખાઈ-ખુંદી-બગાડી નુકશાન કરનારા રાની રોઝ-ભૂંડ-હરણાં અને હવે ખેતીમાં બળદ-વપરાશ ઘટતાં વધી પડેલા વાછરડા-ખુંટિયા સુધ્ધા હોય છે જીવતા ! પરિણામે કોઈ બાબતમાં ન એકધારાપણું આવે કે ન ધાર્યું ઉત્પન્ન મળે.

અને ખેતીધંધાની બધી મિલ્કતોની તો ખબર છે ને ? ખેતરનું એક કટકું ગામની ઉગમણી દશ્યે હોય તો બીજું હોય આથમણી ! ક્યાંક ક્યાંક તો કૂવા-દાર હોય પડાથી કેટલેય દૂર, ક્યાં ઓઘા-ગંજી, ક્યાં ખળા-ખળવટ ? બધું હોય એટલું વેર-વિખેર ને ખુલ્લું કે ક્યાં વાડ કે વંડી કરવી કે ક્યાંક્યાં તાળાં દઈ રખોપાં કરવાં? અને સાલો ધંધો જ એટલો શરીરશ્રમ માગનારો છે કે જેના આંખ-મગજ થોડાકેય સબૂત હોય એ ખટારાની નીચે ગરી ગાભો મારવા 'ક્લીનર' બનવા તૈયાર, પણ ખેડૂતની વાડીએ ખેડ્યના કામે આવવાનું કહીએ તો કહે ના ! કારણ કે અહીં તો પરસેવો વળી જાય એવું કામ હોય ! કહોને ખેતીમાં મગજ વિનાના માનવીઓ પાંહેથી જ કામ લેવાનું છે ભાઈઓ ! અને આ બધી પરિસ્થિતિઓમાંથી પાર ઉતરી પોતે અને કુટુંબે પાડેલ પરસેવાની કમાણીરૂપ આછું-પાતળું જે કંઈ ઉત્પન્ન મળ્યુ હોય તે વેચવા ટાણું આવ્યે પાછી કઠણાઈ તો જુઓ ? એના મૂલ કરે બીજા-ખરીદનારા ! પોતાની પેદાશના મૂલ કરવાનોયે જેને અધિકાર નહીં-આવો છે આ વ્યવસાય ખેતીનો ભાઈઓ!

આવી બધી વાતો કરી હું ખેતીમાં પડતી તકલીફોના રોદણાં રોવા નથી બેઠો હો મિત્રો ! હું એમ કહેવા જઈ રહ્યો છું કે આટલી આટલી મુશ્કેલીઓથી ઉભરાતા વ્યવસાયના સંચાલક આપણે કહોને એક અણ-ચડાઉ અને તોફાની વછેરાની પર સવાર થવા નીકળેલા અસવાર છીએ મિત્રો ! એટલે એ ક્યારે રેવાળ ચાલ ચાલશે કે ક્યારે ચારેપગે બાદડૂક થઈ કેવી ઠેક લગાવશે એનું કંઈ નક્કી નથી. એટલે એના અસવાર તરીકે ક્યારે ચોકડું ખેંચવું. કે ક્યારે ઢીલું મૂકવું ? કે એ દોડતા ઘોડા પરથી હેઠા પડી ન જવાય માટે એની કેહવાળી પકડી રાખવી કે પછી પડી જવાયું હોય તો પાછા ઢસડાઈ ન મરીએ એ ખ્યાલ રાખી ટાણાહર પેઘડામાંથી પગ સેરવી લેવા ? શું કરવું, એ બધું તો એ વખતની પરિસ્થિતિ જોઈ નક્કી કરવું પડે. પણ એમાં તાત્કાલિક વિવેકસભર નિર્ણય લેવામાં અસવારની જરીકેય ચૂક થઈ ગઈ તો પરિણામ શું આવે એની કલ્પના કરી શકો છોને? એટલે ખેડૂતે પરિસ્થિતિવશ શું કરાય અને શું ન કરાય એનો વિવેક ન રખાયો હોય તો ભૂંડેહાલે પસ્તાવાનો વારો ન આવી પડે એ માટે "વિવેક"ને કેન્દ્રમાં રાખી થોડી વાતો કરી લેવાનું મન થયું છે.

(૧) ... અમારા શેઢાપાડોશી અમરાભાઈની ભૂરી ભેંશના નવસુંદરા પાડાને શરીરે જૂ-ટોલા પડ્યા. અમરાભાઈએ આયે "જીવાત" જ છેને ? એવું જાણી કપાસમાં જીવડાં મારવાની "ફોલીડોલ" દવા પાણીમાં ભેળવી પાડાને ધમાર્યો ! શું થયું હશે ? કલ્પના કરી શકો છો. ટોલા તો ગયા પણ નવસુંદરા પાડાનો જીવ પણ સાથે લેતા ગયા !

(૨) .... બાઘાભાઈના બેય અણપલોટ ગોધલા ખબરબારા ખીલેથી છૂટી ગયા અને બાજુમાં ઊભેલ રજકાના ક્યારામાંથી કૂણી કૂણી કૂટ્ય ચરી ગયા, ને આફરો ચડી ઢમઢોલ થઈ ગયા. બાઘાભાઈ તો હાંફળા-ફાંફળા થઈ પશુડૉક્ટરને ઝટ ઝટ બોલાવી લેવાની વાત મૂક પડતી. ને બાજુના ગામે જઈ મંત્રોથી આફરો ઉતારવાવાળા ભરવાડને તેડી લાવ્યા ! એણે તો આવી ટચલી આંગળી અને અંગુઠા વચ્ચે ઊંધીબાજુ મીઠાની કાંકરી પકડી મંત્રો બોલતા બોલતા સાત સાત વાર બંન્ને ગોધલા પર ફેરવી -પણ કંઈ વળ્યું નહીં. બે ક્લાકે બન્ને ગોધલા તરફડિયાં મારી મારી મરણને શરણ થઈ ગયા અને બાધો પોકે પોકે રોયો.

(૩) ....અમારા જ ગામનો ગ્રેજ્યુએટ થયેલ જુવાનિયો, પોતાની ખેતી સંભાળે. કપાસમાં દવા છાંટવા મોંઘી મજૂરી દઈને ૩ દાડિયા કરેલા. કામ સાંજ પહેલાં વહેલું પુરુ થઈ ગયું. હવે ? આટલા વહેલા મોંઘા દાડિયાને થોડા છોડી મુકાય ? નિર્ણય લીધો - 'લગાડોને બીજી વાર !' એક જ દિવસમાં એની એ દવા ફરીવાર છંટાય તો શું પરિણામ આવે. તમે જ કહો ! બે ક્લાકની મજૂરીના લોભે વિવેક ગયો અને ચાર દિ' પછી જોયું તો આ શું ? કપાસના છોડવાને કારેલીના પાન ? અને ફૂલ જોયા હોય તો બધા શરણાઈ ઘાટના ! ઝેરી રસાયણના રીએક્શનના કારણે કપાસની સીઝન આખી વેડફાઈ ગઈ બોલો !

સૌરાષ્ટ્રમાં 'કપાસ' મુખ્યપાક ગણાવા માંડ્યો છે. એ આગતરો હોય તો ઉતારો વધુ બેસે છે એ વાતેય ખરી, પણ એવું સાહસ કોણે કરાય ? જેમની પાસે ઉનાળે પિયતનું થોડુંકેય પાણી અને 'ટપક'ની સોઈ હોય એમણે. પણ બિલકુલ પાણી નથી એવા ખેડૂતો "ધણ વાંહે ઢાંઢીઢાંઢી" ની જેમ વાવણીના વરસાદ પહેલાં જ કોરી જમીનમાં કપાસનાં બીજ ચોપી દેતા હોય છે. કોઈને ક્યાં ખબર હોય છે કે

# કૃષિ સૃષ્ટિ

પહેલો વરસાદ ધરવનો આવશે કે થોડોક વરસી, જમીન માહ્યલાં બીજ ભીંજાવીને ભાગેડુની જેમ હડી કાઢતોકને હાલ્યો જાય એવો આવશે ? ને ફરી એક-બે દિવસમાં બીજીવાર આવે તો તો બીજ સલામત ઉગાવો લઈ લે. પણ દહ દા'ડા-વીહ દા'ડા બીજીવાર ડોકાય જ નહીં એટલે ભોંયમાં ભંડારેલાં બિયાંનું શું થાય કહો ! નીચેની જમીન હોય સાવ કોરી, ને ઉપરથી આકરો સુરજનો તાપ ! બીજ બધાં કોંટાઈને ફટાકીયા જ થઈ જાય-કહોને મોંઘાભાવના બીજ અને મહેનત બધું વરસાદના પાણી વાંકે જાય બધું પાણીમાં ! કોરામાં બીજ ચોપણીથી ઉજેર સારો થાય એ વાત સાચી હોવા છતાં પાણીવાળા ખેડુતોનો વદાડ કરી, બિલકુલ પિયતના પાણીની સોઈ વિનાના ખેડુતોએ પોતાની પરિસ્થિતિ જોઈ યોગ્ય નિર્ણય લેવાય એનું નામ વિવેક.

**વિવેક ચૂક્યાનું કેવું માઠું પરિણામ ?** હું ૧૯૬૩માં કૃષિના સ્નાતક કોર્સમાં ભણતો હતો ત્યારે ખેડૂતો રા.ખાતર કે પેસ્ટીસાઈડ્ઝમાં ઓછું સમજતા. અમને વિદ્યાર્થીઓને રા.ખાર અને દવાની બાટલીઓની કીટ લઈ એવા વપરાશ અંગેનું નિદર્શન કરવા ખેડુતોની વાડીઓમાં મોકલતા. સુપર ફોસ્ફેટ ખાતર પાકની વાવણી પહેલા ચાસમાં ઊંડું વવરાવતા અને દવા છાંટવાના તો તે દિવસોમાં પંપ પણ નહોતા-ડોલમાં દવાવાળું પાણી ભરી સાવરણીની મદદથી દવા છંટકોરતા, પણ પછી તો લાભ દેખાયો અને સૌએ શરૂ કર્યું - સારું કર્યું. પણ પછી તો "લોભને થોભ નહી" એ ન્યાયે પૈસા કમાવાની વાત એવી એટલે "વિવેક" ભુલાઈ ગયો અને રા.ખાતરો થેલીઓમોઢે ધબેડવા માંડ્યા અને પાક-સંરક્ષણના નામે ઝેરીલા રસાયણોના ટીપણાં ભરી ભરી છોડવાને ધમારવા મંડી પડ્યા. અરે ! જેમ વધુ રા.ખાતર એમ વધુ ઉત્પાદન ! વધુ ઘેરીલી દવા કતો નરવ્યું ઉત્પન્ન ! એમ વધુ પિયતના પાણી તો નક્કોર ઉત્પાદનની ધૂનમાં કૂવાના તળ તો ખાલી કર્યાં, પણ ધરતીના પેટાળમાં હજાર હજાર ને બારસો બારસો ફૂટ ઊંડે પહોંચી પાણી નહીં, મોળાં-ભાંભળાં-ખારાં-કડવાં ને ઊનાં ફળફળતાં પ્રવાહી કાઢી મોલાતને પાવા માંડ્યા બસ "ઉત્પાદન વધુ મળવું જોઈએ" એ એકજ ધૂન ખેડૂતોના મગજ પર સવાર થઈ ગઈ અને ખાતર-પાણી કે દવાનો કેટલો ઉપયોગ કરાય કે કેટલો ન કરાય એ બાબતનો વિવેક છાંડ્યે શું પરિણામ આવ્યું તે અનુભવ્યુંને આપણે ?

જમીન જકડાઈ ગઈ, એના ગુણધર્મો તૂટ્યા, કણાયોજન બગડ્યું, પોચાપણું ગયું, અંદરના સૂક્ષ્મજીવો નષ્ટ થયાં-કહોને જમીનનું "જમીનપણું" જોખમમાં મુકાયું ! અને ઝેરછાંટણાંથી તો પર્યાવરણની પથારી ફરી ગઈ ! જમીન, પાણી, હવા અને પાક, બધા ઝેરી બન્યાં અરે ! ઉત્પન્ન પણ ઝેરી બન્યું. ખાનાર-વાપરનારાની તંદુરસ્તીને હાનિ-અને, હાઈ-લો બીપી, હૃદયરોગ, ડાયાબીટીસ, કેન્સર જેવા જીવલેણ દર્દોની તો એવી વધી ફાટ્ય કે શેરીએ અને ઘરે ઘરે ઉમેદવારી નોંધાણી ! તમો માનશો / માત્ર તંદુરસ્તી જોખમાઈ એટલું જ નહીં, સ્વભાવ પણ બદલાવા માંડ્યા છે,કોઈને "ઊઠ"નથી કહેવાતું. ઉઠ કહીએ ત્યાં ઠેકડો મારી અવળો ફરી જાય છે બોલો !

આમ તો સમાજ-જીવનમાં પણ દરેક માનવી જીવનભર વહેવારો-તહેવારો અને સારામાઠા પ્રસંગોમાં કેમ વર્તવુ એનો વિવેક જાણતો સમજતો અને પાળતો હોય છે, પણ ક્યારેક જો ચૂક પડી જાય તો કેવુ વહમું પડી જાય એનો એક દાખલો ટાંકુ.

અમારે જૂના ગામ ચોસલામાં એક દાદા. સિમાડે વાડી બરાબર ઘઉંના ખળાનું કામ હાલે. દાદા રખોપુ કરવા ખળે વાહુ ગયેલા. રાત અંધારી. લાગ જોઈ ૩ જણા ખળે ચોરી કરવા પહોંચી ગયા અને તૈયાર ઢગલામાંથી ઘઉંની ફાંટો બાંધતાં કંઈક સંચલ થઈ ગયો અને દાદા જાગી ગયા. ચોર લોકો ભરેલી દાણાની ફાંટો લઈને માંડ્યા ભાગવા, પણ દાદાને કઠણાઈ માથા મારતી હતી તે દાદાએ ઊભા થઈ માર્યો હાંકલો કે "મારા દિકરાઓ ! ભાગી ભાગીને કેટલેક જાહો ! સવારે તમારી વાત છે, બધાયને ઓળખી ગયો છું" આ "ઓળખી ગયો છું " વેણ સાંભળતાં જ ત્રણેય જણ વળ્યા પાછા અને દાદાને એવા માર્યા એવા માર્યાકિ 'હવે મરી ગયા છે' એમ માની પડતા કરી હાલ્યા ગયા. એ તો છોકરાંના ભાગ્ય અને દાદાની બાજરી હજુ બાકી રહી ગયેલી એટલે ઘણી સારવાર અને આરામને અંતે દાદા જીવી તો ગયા પણ ખળે વાહુ જાય એવા ન રહ્યા ! દાદા ચોરોને ઓળખી ગયા હતા એ સારી વાત હતી. પણ એ ને એ જ ટાણે હલઘડી "ઓળખી ગયો છું" એમ કહેવાથી આ મોંકાણ થઈ.

દીકરા-દીકરીના સંબંધ નક્કી કરવામાં પણ જો 'જાત' જોવાને બદલે એકલી 'જુવાર' જોવાઈ ગઈ હોય તો જીવન કેવા રગદોળાઈ જતા હોય છે એની આપણને સૌને જાણ છે જ. કહેવાનું મારું એ જ છે કે જરા સરખી ભૂલથી જીવનમાં પણ આવું બની શકતું હોય તો... ખેતીમાં તો ઝીણી મોટી પ્રવૃત્તિઓ અને પરિસ્થિતિઓના ચઢાવ-ઉતાર ડગલે ને પગલે આવ્યા કરતા હોય છે.

તમે જુઓ ! હવે સજીવખેતી અભિગમ બાબતે સરકારશ્રીનુંએ ધ્યાન ગયું છે. કૃષિકોલેજોમાં એનું શિક્ષણ અપાય અને સંશોધનકેન્દ્રોમાં જરૂરી બાબતોના સંશોધનો હાથ ધરાશે. અને આવી ખેતીથી જે ઉત્પન્ન થાય તેના ભાવો થોડા વધુ મળે તો જરૂર લેવા, પણ પૈસા કમાવાની લાલચે વાડી-ખેતરમાં ભૂલમાંયે વર્જ્ય વસ્તુઓનો ઉપયોગ થાય કે શુદ્ધ ઉત્પાદનની સાથે બીજા અશુદ્ધ ઉત્પાદનની સહેજ પણ મિલાવટ કરવાની નીતિ આપણી બને તો તો ધૂળ પડેને આપણી જગતાતની ઓળખમાં ! આ વાત આપણા ડાબા કાળજે લખાયેલી હોવી ઘટે મિત્રો !

બીજા ધંધાઓનો આપને વદાડ નહીં. આપણે તો આપણી જમીન, આપણા પાસેની પિયતની પાણીની સોઈ, આપણી જરૂરિયાત, આપણા ખિસ્સાનો મેળ-આ બધાને ધ્યાને લઈ આપણા ખેતીપાકની પસંદગી, એમાં વાપરવાની જણસો, આપણે રાખવા જોઈતાં પશુઓ, આપણી ખેતી કરવાની પદ્ધતિઓ, સંરક્ષણના ઈલાજો અને રાખવા જોઈતા મજૂર-ભાગિયા, તેમની સાથેના વ્યવહારો અને આર્થિક-વહીવટી સોઈના સ્રોતો-સંબંધો બધાની સાથેના વિવેકપૂર્ણ વ્યવહારો જ વ્યવસાયમાં ઉજાસ બક્ષતા હોય છે. આ બાબતોમાં જો જરીકે ચૂક પડી જાશે તો આંખનું કાઝળ ગાલે ઘસાઈ જઈ ચહેરો વધુ વહરો બની જશો હો ભાઈઓ !

આ પૃથ્વી પર પ્રકૃતિએ માનવ ઉપરાંત અનેક ઝીણામોટા જીવો-પશુ-પક્ષી, કીટ-પતંગિયા અને વૃક્ષો અને વનસ્પતિ વસાવ્યાં છે. આમાંથી કોઈ પ્રકૃતિના નિયમોને નેવે મૂકી ક્યાંય "અવિવેક" કરતા ભાળ્યા હોય તો કહો ! સર્વજીવોમાં શ્રેષ્ઠ કહેવાતો માણસજીવ અને એમાંયે આપણે ખેડૂતો એટલે કોણ છીએ ખબર છે ને ? સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું છે ને કે "આ ધરતી પર છાતી કાઢીને જો કોઈને ચાલવાનો અધિકાર હોય તો તે ધરતીની ધૂળમાંથી અન્ન પકાવી અન્યોની જઠરાગ્નિ ઠારવાનું કામ કરનાર શ્રમિક ખેડૂતને જ છે." મોટા મોટા ઉદ્યોગપતિઓ ટાટા-બિરલા કે અનિલ અંબાણીને નહીં, ખેડૂતને 'અન્નદાતા'ના બિરૂદથી નવાજ્યો છે.

એટલે આપણી જવાબદારી બને છે કે આપણે જે અન્ન પકાવીએ એ અન્યોની તંદુરસ્તીને વેડે નહીં એવું હોય. અરે ! આપણાથી પાણીનો બગાડ, ધરતીનું ધોવાણ, વૃક્ષોનું નિકંદન કે ગાયની અવગણના તથા કુદરતી સ્રોતોનો જરાપણ હ્રાસ થાય એવી પ્રવૃતિ આપણાથી થવાની હોય તો તો ખેડુત કહેવાશું કેમ?

- મો. ૯૩૨૭૫૭૨૨૯૭

# કૃષિ સૃષ્ટિ



**એચ. એસ. પટેલ - I.A.S. Rtd.**
નિ. કલેક્ટર, કમિશ્નર
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.

# લોકોપયોગી માર્ગદર્શન

## જમીન મહેસુલ અધિનિયમમાં ખેડુત ખાતાવહીનું કાયદાકીય સ્વરૂપે Revenue Title નું સ્થાન

જમીન/મિલ્કતના વ્યવસ્થાપન માટે જમીન મહેસુલ મુળભુત કાયદાનું સ્ત્રોત છે. પાયાની દ્રષ્ટીએ જમીન મહેસુલ ઉઘરાવવાનું માટેનું વ્યવસ્થાતંત્ર અંગ્રેજ શાશન વ્યવસ્થા દરમ્યાન અમલમાં લાવવામાં આવેલ. ત્યારબાદ ૧૯૦૮માં આ કાયદામાં પ્રકરણ-૧૦એ જે હાલ આ કાયદાનું મુખ્ય હાર્દ છે તે Record of Rights હક્કપત્રકના નિયમો છે. આમ, તો આ વ્યવસ્થાને પણ ફેરફારનું રજીસ્ટર Mutation Register યાને ગામનો નમુનો નં.૬ તરીકે મહત્વ ધરાવે છે. જેથી કોઈપણ જમીન મિલ્કતમાં વેચાણ, તબદીલી, વહેંચણી, વારસાઈ, બોજો વિગેરેની કાર્યવાહી થાય ત્યારે તેની નોંધણી કરવામાં આવે છે અને આ નોંધોની Presumptive Value માન્યતા આધારિત મુલ્ય વધુ સ્પષ્ટ કરવામાં આવે તો આ વ્યવહારો વિરુધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી માન્ય રાખવામાં આવે છે. Unless Contrary Proved અને કોઈપણ વાદ વિવાદ થાય તો સીવીલ કોર્ટને હક્ક પ્રસ્થાપિત કરી આપવાની સતા છે. અને તે આધારે હક્કપત્રકમાં ફેરફાર થાય છે. હવે જે હક્કપત્રકમાં નોંધ કરવામાં આવે છે. ખાસ કરીને વેચાણ / ખરીદી / વહેંચણી વિગેરેના કિસ્સામાં. ત્યારે નોંધ પ્રમાણિત અધિકારીએ ખાત્રી કરવાની છે કે ખેતીની જમીન ખરીદનાર ખેડુત ખાતેદાર છે કે કેમ અને ગુજરાતમાં ગણોતધારાની કલમ-૬૩ હેઠળ કોઈપણ બિનખેડુત વ્યક્તિ કલેક્ટરની મંજુરી સિવાય ખેતીની જમીન ખરીદી શકતો નથી. રાજ્ય સરકારે ખેડુત ખાતેદાર માટે જમીન ખરીદતી વખતે અથવા તો ખેતીની જમીન બિનખેતીમાં ફેરવતી વખતે અથવા તો નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાના પ્રસંગે 1951થી હક્કપત્રકની નોંધો અને હવે છેલ્લા ૨૫ વર્ષની નોંધોની ખરાઈ કરવાની સુચનાઓ આપી છે. પરંતુ આની પાછળનો મુળભુત હેતુ જમીન ધારક ખેતીની જમીન ધરાવવા માટે પાત્રતા ધરાવે છે અન તે માટે અગાઉના વ્યવહારો Revenue Title ચકાસવાના ભાગરૂપે કરવામાં આવે છે. અગાઉ ખેડુત ખરાઈ પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ પણ કરવામાં આવેલ પરંતુ તે મેળવવામાં અનેક ગેરરીતીઓ થતી હોવાનું ધ્યાને આવતાં હવે તેના આગ્રહના બદલે જુદી રીતે ચકાસણી ખરાઈ કરવાના પરિપત્રો મહેસુલ વિભાગ દ્વારા તા. ૦૮-૦૪-૨૦૨૫થી કરવામાં આવેલ છે અને આ કરવામાં રાજ્યસરકાર સરળીકરણ કર્યાનું જાહેર કરે છે અને સરકારે શા માટે જ્યારે ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવાના તબક્કે અથવા જમીન નવીશરતની પરવાનગીના તબક્કે આ ચકાસણી કરવાનો આગ્રહ કરે છે. ખરેખરતો મહેસુલ વિભાગની આ નિરંતર પ્રક્રિયા છે. અગાઉ હક્કપત્રકની RTS ટીમ હતી અને તે દરેક મહેસુલી ગામોની નોંધોની ચકાસણી કરતી, જેથી ગેરકાયદેસર નોંધો પ્રમાણિત કરવામાં નિયંત્રણ રહેતુ અને આજે પણ વેચાણ વ્યવહારના તબક્કે કાયદેસરતાની ચકાસણી કરવી અનિવાર્ય છે પરંતુ એક યા બીજા કારણોસર અગાઉની નોંધોનો આધાર લઈ બિનખેડુત વ્યક્તિઓની નોંધો મંજુર થાય છે અને જ્યારે વિલંબિત સ્વરૂપે નોંધ રીવીઝનમાં લેવામાં આવે ત્યારે સમય મર્યાદાના મુદ્દા ઉપર હાઈકોર્ટ જુદા નિર્ણયો આપે છે.

ઉપયુક્ત પુર્વભુમિકા એટલા માટે આપવામાં આવી કે છેવટે હક્કપત્રકની નોંધો કે બિનખેતીમાં ફેરવવા કે નવીશરતની જમીનોની પરવાનગી વખતે મહેસુલી ટાઈટલની ખરાઈ કરવાની છે અને તે પણ ખેતીની જમીનનો ધારક ખરેખર ખેડુત ખાતેદાર છે કે કેમ, અગાઉ મહેસુલ વિભાગ દ્વારા રેવન્યુ એકાઉન્ટ મેન્યુઅલ અંતર્ગત વાર્ષિક ખેડુત ખાતેદાર પાસેથી જમીન મહેસુલ ઉઘરાવવાના ભાગરૂપે ખેડુત ખાતાવહી આપેલ અને તેમાં જુની પદ્ધતિ પ્રમાણે ખાતેદાર ધારણ કરેલ ૮અ મુજબની જમીન, વસુલ કરવા પાત્ર મહેસુલની રકમ હતી અને આ ખેડુત ખાતાવહી મામલતદાર દ્વારા આપવામાં આવતી અને દર વર્ષે તલાટી તેમાં નોંધ કરી આપતા. આમ આ ખાતાવહી જે તે સમયે મહેસુલ ઉઘરાવવા માટેનો એક દસ્તાવેજી પુરાવો હતો. અમો જ્યારે ચોર્યાસી પ્રાન્ત સુરત હતા ત્યારે સેટલમેન્ટ કમિશ્નરના અધિકારીઓ સાથે નવીન ખેડુત ખાતાવહીનો નમુનો ઘડેલ અને રાજ્યસરકારને આ ખેડુત ખાતાવહીને કાયદાનું સ્વરૂપ આપીને ખેડુત ખાતેદાર મહેસુલી તંત્રનો ઓસીયાળો (Dependent) ન બને તે માટે સુચન કરેલ અને તે આધારે રાજ્યસરકારે જમીન મહેસુલ અધિનિયમમાં હક્કપત્રકના પ્રકરણ-૧૦'ક' પછી ૧૦ 'ખ' ખેડુત ખાતાવહીનું પ્રકરણ ઉમેરીને કલમ-૧૩૫ એલ થી એસ. ઉમેરીને ખેડુત ખાતાવહીને કાયદેસરના દસ્તાવેજનો દરજ્જો આપવામાં આવ્યો છે અને તે મુજબ ખેતીની જમીનનો ધારકનું જમીનનું ક્ષેત્રફળ (Holding) અને આ ખાતાવહીમાં જ્યારે કોઈપણ જમીનની તબદીલી કે ફેરફાર થાય તો તલાટીએ આ ખાતાવહીમાં નોંધ કરી આપવાની છે એટલે ખાતેદારે ઉતારા લેવાની ભાંજગઢ ન રહે અને આ દસ્તાવેજને દારપણાના દાખલા તરીકે (Solvency Certificate) પણ માન્ય રાખવાની જોગવાઈ કરેલ છે. સાથોસાથ દર વર્ષે તલાટીએ દરેક ખેડુત ખાતેદારને ૭ × ૧૨ ના ઉતારાની

(અનુસંધાન પેઈજ ૨૦ ઉપર)

# બાલ સૃષ્ટિ



સંપાદક :
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

# ગુનગુનિયા ગુરુ



: લેખિકા :
ગિરા પિનાકીન ભટ્ટ
બાળ સાહિત્યકાર અને
દિલ્હી સાહિત્ય અકાદમી
એવોર્ડ વિજેતા
મો. ૯૯૦૯૯ ૪૧૨૬૨

એક નાનું ખાબોચિયું એમાં કેટલીક માછલીઓ રહે. બધી માછલીઓ કૂદાકૂદ ને તોફાન-મસ્તી કર્યા કરે. પરંતુ એમાં એક માલછી સાવ ડરપોક. બધાં એને માજી માછલી કહે. આ માજી માછલી પાણીની ઉપર આવતાં પણ ફફડે.

એક દિવસ બધી માછલીઓ એને પરાણે પાણી ઉપર લઈ આવી. પછી ખાબોચિયાના ખૂણેખૂણા બતાવ્યા. ખૂણામાં કેટલાક મચ્છરો ઊડાઊડ કરતા હતા, તે આ બધું જોઈ રહ્યા હતા. કેટલીક માછલીઓ માજીની બીક ભગાડવા આગળ પાછળ ફરતી, અને શિખામણ આપતી હતી. આવું જોઈ એક મોટો મચ્છર માજી માછલીની પાસે આવ્યો, પછી કહેવા લાગ્યો, 'અલી માજી માછલી, આવડી મોટી થઈને ડરે છે શું?'

માજી માછલીમાં થોડી હિંમત આવી. ને પૂછ્યું : મેં તમને ઓળખ્યાં નહીં હો... તમે .... તમે ... કોણ?'

'હું... હું... ગુનગુનિયો. આ ખાબોચિયાની આસપાસ, મારા કુટુંબ કબીલા સાથે જ રહું છું. જો, મારી સામું જો, મારા કબીલા સામું જો... અમે તો સાવ નાના જીવ છીએ. છતાં... કોઈથી ડરતા નથી. જો... નીચે બેસીએ છીએ. ઝાડ પાન, સારા ખરાબ, ગંદકી કે જીવ જનાવર બધા ઉપર બેસીએ છીએ. જો .... અમે તો હવામાં પણ ઊડીએ છીએ. આમ ડરી ડરીને કંઈ જિંદગી ન જિવાય?'

'તારી વાત સાચી ગુનગુનિયા, હવે... હવે મારામાં થોડી હિંમત આવી ગઈ છે હોં.'

'હિંમત લાવવી જ પડે. જીવવા માટે ડરને ડંગોરો મારી ભગાવવો પડે, સમજી?'

માજીને તો આવું બધું સાંભળી, જોઈને મજા પડી ગઈ. એને તો બહારની દુનિયા રંગીન લાગી. ધીમે ધીમે એનો ડર જતો રહ્યો. એ તો રોજ હવે બહાર આવે ને પેલા ઊડતા મચ્છરોને જોયા કરે. માજીને પણ પાણી ઉપર આવેલી જોઈ ગુનગુનિયો મચ્છર રાજી થાય, એ એની પાસે આવે. એમ કરતાં કરતાં બન્ને વચ્ચે માયા બંધાઈ. હવે તો માજી બહાર આવે ને ગુનગુનિયાને કહે,

ગુન ગુન ગા, આઘોપાછો થા.
તારી હિંમત મેં જોઈ, તું છે મોટો ભા.
ગુન ગુન ગા, આઘોપાછો થા.

માજી માછલીને ગુનગુનિયાનો આવો ગણગણાટ મીઠો લાગે. હવે બન્ને રોજ રોજ સાથે રહે ને સુખ દુઃખની વાતો કરે.

એક સમયે ગુનગુનિયાને પૂછ્યું. 'અલી, તું અત્યાર સુધી આવી ડરપોક કેમ હતી?'

માજી માછલી બોલી : હું જ્યારે નાની હતી ને ત્યારે મારી મા પાસે રહેતી. તોફાનમસ્તી કરતી, તરતી, કૂદતી ને મસ્તીમાં રહેતી. પરંતુ એક દિવસ માણસ નામના એક જાનવરે પાણીમાં જાળ નાખી ને અમે જાળમાં ફસાયાં.

બધી ફસાયેલી માછલીઓ બહાર નીકળવા તરફડતી હતી. મારી માનો પણ બહાર નીકળવા માટેનો તરફાટ મેં જોયો છે. જ્યારે હું તો હતી સાવ નાની એટલે જાળનાં નાનાં નાનાં છિદ્રોમાંથી નિકળી ગઈ, પણ મારી મા ફસાઈ ગઈ. ત્યારથી હું જાળ, માણસને બહારની દુનિયાથી ડરતી થઈ ગઈ.'

'લે... કર વાત, આમાં તે કંઈ ડરી જવાય? અહીં તો બીએ એ બીજા. એમ તો અમારા માટે પણ માણસોએ મચ્છરજાળી ક્યાં નથી લગાવી? એટલે શું એમનાથી આમ ડરી જવાનું? જો માજી, બીએ તેને સહુ બિવડાવે, એટલે આમ ડરવાનું નહીં સમજી?'

હા... હા... સમજી ગઈ, મારા ગુનગુનિયાજી ગુરુ.

ગીત રૂડું ગણગણવાનું તમે કરો ને શરૂ....

કોણ કહે છે કે નાનો ઉપદેશ ન આપી શકે ને મોટો એ ન સ્વીકારે. સમજશક્તિ, હોશિયારી, આવડત હોય તો... એ નાનો શું કે મોટો શું?



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

# પાટડી દરબાર સમાજના પુસ્તકનું વિમોચન કરતાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ









તારીખ : ૦૮-૦૬-૨૦૨૫ વિશ્વ ઉમિયાધામ ખાતે પાટડીના રાજવી દરબારો અને દેસાઈ ભાયાતોની ૭૫૦ વર્ષના ઈતિહાસનું પાટીદારોનું ગૌરવવંતુ રજવાડુ સોનાની હાટડી પુસ્તકનું વિમોચન **ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ.** આ પ્રસંગે પાટડી દરબારશ્રી કર્ણીસિંહજી દેસાઈ સહિત પાટડીના મૂળ વતની ૪૦૦ થી વધુ પરિવાર તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી આર. પી. પટેલ તેમજ હોદ્દેદારશ્રીઓ તથા દાતા ટ્રસ્ટીશ્રી ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં આ પ્રસંગે શ્રી કર્ણીસિંહજી દેસાઈને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના માનદ્ ટ્રસ્ટી તરીકે સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમ બાદ માન.મુખ્યમંત્રી સાહેબ તેમજ અન્ય મહાનુભાવોએ જગત જનની મા ઉમિયાના મંદિર નિર્માણના કાર્યની મુલાકાત લીધેલ.

## સારસ્વત ચિંતન શિબિર






વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૨૧ જૂન ૨૦૨૫ ના રોજ "સારસ્વત ચિંતન શિબિર"નું આયોજન સંસ્થાના પ્રમુખ શ્રી આર.પી.પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના સુપ્રસિધ્ધ ૩૬ લેખકોએ ઉપસ્થિત રહીને ધાર્મિક સાહિત્યના સંશોધન અને પ્રકાશન અંગે ગહન ચિંતન રજુ કર્યુ હતું. આ શિબિરમાં પ્રો.મફતભાઈ પટેલ, ડો.બળવંત જાની, મણીભાઈ પ્રજાપતિ, પ્રો.ઈશ્વરભાઈ ઓઝા, પ્રિ. સોમાભાઈ પટેલ, ડો.પ્રભુદાસ પટેલ, ડો.જીતેન્દ્ર અઢિયા, મૌલિક સોની, ડો.ભાવેશ જેતપરિયા, અમૃતલાલ હિંગરાજિયા, ગિરા પિનાકીન ભટ્ટ, નરભેરામ રાંકજા, રસિક પટેલ, સુનીતા વ્યાસ, ગીતા ઉનડકટ, ભૂપેન્દ્ર ધોળકિયા, રાજેન્દ્ર પટેલ, ડો. બીના પટેલ, અજિત દેસાઈ, ધવલ માકડિયા, પ્રો.ડો.જે.એમ. પનારા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રવૃત્તિ અહેવાલ

## પૂનમના દિવસે નવચંડી યજ્ઞ તેમજ શિવલિંગનું ધરા સાથે તામ્રદંડ દ્વારા જોડાણ અંતર્ગત પૂજાનું આયોજન





જગતજનની મા ઉમિયાના ભવ્ય મંદિરમાં દેવાધિદેવ ભગવાન મહાદેવનું જે શિવલિંગ સ્થાપિત થનાર છે, તે શિવલિંગનું ધરા સાથે તામ્રદંડ દ્વારા જોડાણ અંતર્ગત પૂજાનું આયોજન કરેલ. જેનાં દાતાશ્રી તથા મુખ્ય યજમાન શ્રી વિનોદભાઈ પરષોત્તમભાઈ રબારા(પટેલ) પ્લેટીનમ દાતાશ્રી - VUF (ડિરેક્ટરશ્રી - ઈન્ફીનીટ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રા.લી., અમદાવાદ) બનીને મા ઉમિયાના કૃપા પાત્ર બન્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારશ્રી, દાતાશ્રીઓ અને સંગઠન કાર્યકરો મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.





વિશ્વ ઉમિયાધામ ખાતે તા. ૧૧-૦૬-૨૦૨૫ (જેઠ) પૂનમના દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય યજમાન તરીકે શ્રી પરમ પૂજ્ય કથાકાર શ્રી રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજી - પરિવાર સાથે જોડાઈને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ શુભ પ્રસંગે હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ ભાવિક - ભક્તોએ ઉપસ્થિત રહી પૂજા - અર્ચના કરીને ધન્યતા અનુભવી હતી. આ શુભ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીએ રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજીને વિશ્વ ઉમિયાધામના ગુરૂદેવની પદવી આપી સન્માનિત કર્યા હતા.

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને
## સ્વામીનારાયણ યુનિવર્સિટી કલોલ તથા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચ ગાંધીનગરના સહયોગથી





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સ્વામીનારાયણ યુનિવર્સિટી કલોલ તેમજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચ ગાંધીનગર સાથે UPSC અને GPSC ડિગ્રી કોર્ષ માટે કરાર કરવામાં આવેલ. આ ડિગ્રી કોર્ષ ભારતમાં સૌપ્રથમ વખત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં ધોરણ-૧૨ પાસ કર્યા પછી સીધું જ ડિગ્રી સાથે UPSC અને GPSC ની તૈયારી કરી શકાય છે.

જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી આર.પી. પટેલ, યુનિવર્સિટી કલોલ સંસ્થાના પૂજ્ય ભક્તવત્સલ સ્વામી અને વાઈસ ચાન્સેલર ડો. રૂપેશ વાસાણી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચના વાઈન્સ ચાન્સેલર શ્રી પી. સી. વ્યાસ, અન્ય પ્રોફેસર તેમજ સંસ્થાના મહામંત્રી રૂપેશ પટેલ તથા VUFICS ચેરમેન શ્રી એસ.કે.પટેલ અને ડાયરેક્ટર શ્રી દેવાંગ દવે હાજર રહ્યા હતાં.

## ઉમા શિક્ષણ સહાય યોજનામાં ભલામણ પત્ર એનાયત









સંસ્થાના પ્રમુખ શ્રી આર. પી. પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા જે તે યુનિવર્સિટી તેમજ કોલેજોના સહયોગથી ઉમા શિક્ષણ યોજના શરૂ કરવામાં આવેલ છે. તે અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં તેજસ્વી તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવા અંતર્ગત ફોર્મ મંગાવી અને તેના ઈન્ટરવ્યૂ માટે બોલાવેલ. ઈન્ટરવ્યૂ બાદ ઉમા શિક્ષણ સહાય કમિટી દ્વારા જે વિદ્યાર્થીઓનું સિલેક્શન થયેલ છે તે તમામ વિદ્યાર્થીઓને જે તે યુનિવર્સિટી માટે નિશુલ્ક ભલામણ પત્ર એનાયત કરવામાં આવેલ. આ શિક્ષણ અભિયાનમાં તમામ યુનિવર્સિટી તેમજ કોલેજોનો નિશુલ્ક સહયોગ મળેલ છે તે બદલ સંસ્થા તમામનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટનામાં દુઃખદ અવસાન પામેલ યાત્રીઓના સ્વજનોના દુઃખમાં સહભાગી









અમદાવાદમાં દુઃખદ અને કરુણ વિમાન દુર્ઘટનામાં યાત્રીઓના દુઃખદ અવસાનથી તેમના પરિવારના સભ્યશ્રીઓ સ્વર્ગીય સ્વજનના મૃતદેહને ડીએનએ ટેસ્ટ બાદ લેવા માટે મોટી સંખ્યામાં સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે પહોંચ્યા હતા. ત્યારે તેમના સહયોગ અર્થે સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ઉપપ્રમુખ એવમ કેન્દ્રીય સંગઠનના ચેરમેનશ્રી ડી. એન. ગોલ અને ૧૦૮ સંગઠનના ચેરમેનશ્રી કેતનભાઈ પટેલ, શ્રી બ્રિજેશભાઈ પટેલ, શ્રી પંકજભાઈ પટેલ તેમજ સંસ્થાની સમગ્ર ટીમ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે ભોજન તથા ફૂડ પેકેટ, ઠંડી છાશ, પાણી, સિંગ-ચણા જેવી ખાદ્ય ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વિશ્વ ઉમિયાધામ ખાતે ૧૧માં યોગ દિવસની ઉજવણી






પ્રાચીન ભારતીય પરંપરાની અમૂલ્ય ભેટ "યોગ" આજે સમગ્ર વિશ્વમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી માટે અપનાવવામાં આવી રહ્યો છે. આ વર્ષે ૨૧મી જૂન-૨૦૨૫એ ૧૧મો આંતરાષ્ટ્રીય યોગ દિવસ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ઉજવાયો. ત્યારે આ પ્રસંગે મુખ્ય મહેમાન બ્રિગેડીયર શ્રી પી. સી. વ્યાસ, સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર.પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# સમાચાર



**ડૉ. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન VIBES અનંતા - રાજકોટ ચેપ્ટરનો ભવ્ય શુભારંભ

વિશ્વ ઉમિયાધામ પ્રેરિત VIBES વાઈબ્સ એ તેના ૧૩મા ચેપ્ટર અને રાજકોટના બીજા ચેપ્ટર - VIBES અનંતાનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું, જેમાં ૧૪૦થી વધુ ઉદ્યોગસાહસિકોએ હાજરી આપી. આ પ્રસંગે શ્રી આર.પી.પટેલ, શ્રી ડી.એન.ગોલ, શ્રી જે. એમ. પનારા અને ડો. ભગીરથ પટેલ જેવા માનનીય અતિથિઓ હાજર રહ્યા. ઉદ્ઘાટન સમારોહમાં VIBES ચેરમેન આકાશ વડાલિયા તથા કોર ટીમના સમર્પિત સદસ્યો મયૂર પટેલ અને સાગર પટેલએ માર્ગદર્શન આપ્યું.

આ અવસરે રાજકોટ, અમદાવાદ અને બારેજામાં નવા ત્રણ ચેપ્ટર્સની ઘોષણા કરવામાં આવી, જે નવી દિશામાં VIBESના લક્ષ્યાંકને સરળ બનાવશે જે ગતિશીલ ગુજરાતની Ease Of Business Policy ને સાચા અર્થમાં ચરિતાર્થ કરશે.



## Vibes ના તમામ ચેપ્ટરમાં “Vibes Vivekanand” ચેપ્ટર સૌથી શ્રેષ્ઠ





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન પ્રેરણા હેઠળ Vibes Vivekanand ચેપ્ટર પોતાની લીડરશીપ (LT) ટીમ ના સફળ હેન્ડઓવર સાથે મહત્વપૂર્ણ માઈલસ્ટોન નોંધાવ્યો. આ વિશિષ્ટ અવસરે શ્રી આર.પી. પટેલ સાહેબની ઉપસ્થિતિ અને આશીર્વાદસભર વક્તવ્ય એ તમામ Vibes સભ્યો તથા પરિવારજનો માટે ઊંડા પ્રેરણારૂપ સાબિત થયા.

આ સમારંભમાં પંકજ પટેલ, વિશાલ પરમાર અને કિર્તિ પટેલના સમર્પિત કાર્યકાળને યાદગાર બનાવવામાં આવ્યો જેને આગળ વધતી વિશિષ્ટતા માટેની મજબૂત બેઝલાઈન તરીકે ગણવામાં આવી. Vibes ચેરમેન આકાશ વડાલિયા તથા કોર કમિટી સભ્યો મયુર પટેલ અને સગર પટેલએ તેમની દિલથી આભારવિધિ વ્યક્ત કરી અને પૂર્વ લીડરશીપ ટીમના યોગદાનને બિરદાવ્યું. શ્રી આર.પી. પટેલ સાહેબના ઉદ્દીપક શબ્દોએ વાઈબ્સના દ્રષ્ટિકોણને ફરી એકવાર મજબુતી આપી જેમાં મૂલ્યો, વિઝનરી લીડરશીપ અને સંકળાયેલા સમુદાયની ભાવનાને કેન્દ્રસ્થાને રાખવામાં આવી છે.

## સુરત - નવસારી - વડોદરા જિલ્લા - શહેર પદભાર એનાયત સમારોહ





સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર.પી. પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મા ઉમિયાના મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર-૨૦૨૭મા ઉજવવા જઈ રહ્યા છે ત્યારે ઉપપ્રમુખ એવમ કેન્દ્રિય સામાજિક સંગઠન ચેરમેનશ્રીના અધ્યક્ષ સ્થાને સૂરત, નવસારી, વડોદરા શહેર-જિલ્લા પદભાર સમારોહનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના દાતા ટ્રસ્ટીશ્રીઓ તમામ પાંખના કેન્દ્રીય સંગઠનના હોદ્દેદારશ્રીઓ તથા જિલ્લા - તાલુકાના સંગઠનના હોદ્દેદારશ્રીઓ - કાર્યકર્તા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# સમાચાર



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## વિશ્વ ઉમિયાધામ દ્વારા ભગવાન જગન્નાથની રથયાત્રાનું આયોજન



રૂડુ મામેરું



મામેરાના વધામણા






ભગવાન જગ્ગનાથજીનો રથ પ્રસ્થાન



પ.પૂ.શાસ્ત્રીજીનું પ્રેરક પ્રવચન



શ્રી ઉમેશ્વર મહાદેવની તાંડવ આરતી



વિશ્વ ઉમમિયા તિલકનો શુભારંભ

જગજજનની મા ઉમિયાની આસ્થાને તેમજ સનાતન ધર્મને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ જાસપુર, અમદાવાદમાં વિશ્વની "નવમી અજાયબી" સમા વિશ્વના ઊંચામાં ઊંચા ૫૦૪ ફૂટ મંદિરનું નિર્માણ ગતિપૂર્વક ચાલી રહેલ છે. ત્યારે ૧૪૮ વર્ષ પુરાણી ભગવાન જગન્નાથજીની રથયાત્રાની પરંપરા અમદાવાદ શહેરમાં એક આગવી ઓળખ બની ગઈ છે. આ એક એવી યાત્રા છે જેમાં સ્વયં ભગવાન સામે ચાલીને પોતાના ભક્ત સમુદાયને મળવા વાજતે-ગાજતે નગરયાત્રા કરે છે, ત્યારે...

વિશ્વ ઉમિયાધામ જાસપુર, અમદાવાદ દ્વારા આ વર્ષે પણ અષાઢી બીજ, ૨૭ જુન, ૨૦૨૫ શુક્રવારના રોજ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વ ઉમિયાધામ પરિવાર, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ તથા ૧૧,૦૦૦ થી વધુ ભાવિક - ભક્તો રથયાત્રામાં જોડાયા હતા. આ રથયાત્રામાં લગભગ ૪૦૦૦ થી વધુ ભક્તોએ ભોજન પ્રસાદનો લાભ લીધો અને મોડી સાંજે ભગવાન નિજ મંદિર પધાર્યા બાદ હજારો ભક્તોએ મહા આરતીનો પણ લાભ લીધો. ભગવાન જગન્નાથની રથયાત્રામાં લગભગ ૪૦૦થી વધારે કિલો મગ અને ૧૫૦ કિલો જેટલા જાબુ પ્રસાદનો ભક્તોએ લાભ લીધો. આ શુભ અવસરે સનાતન ધર્મનો "મા લક્ષ્મીનો કુંભ મારા ઘરે" અભિયાનની પણ શરૂઆત કરવામાં આવી હતી. અને સાથે સાથે તિલકએ મા ઉમિયાના આશિર્વાદનું પવિત્ર પ્રતિક સમાન "વિશ્વ ઉમિયા તિલક"નું પણ શુભારંભ કરવામાં આવેલ. ભગવાન જગ્ગનાથજીની રથયાત્રાની સફળતામાં સંસ્થાના સર્વે કાર્યકાર મિત્રોનો, વૈષ્ણોદેવી, અદાણી વિસ્તાર તેમજ વિવિધ વિસ્તારોમાંથી પધારેલ તમામ ભક્તો - મિત્રોએ તન, મન, ધનથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે સેવા કાર્ય કરેલ છે તે તમામને સંસ્થા બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



VUF INSTITUTE CIVIL SERVICES
ભારતમાં સૌ પ્રથમવાર...
Vishv UMIYA Foundation
શરૂ થાય છે આપના માટે IAS - IPS ઓફિસર બનવાની સફર
યુ.પી.એસ.સી - જી.પી.એસ.સી
ગ્રેજ્યુએશન ડિગ્રી પ્રોગ્રામ
આજે જ આપની
સીટ બુક કરાવો
એડમીશન
ઓપન છે
ધોરણ-૧૨
પછી (H.S.C)
Invented & Execution By
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
કેમ્પસ્ અને ડિગ્રી સુવિધા ઉપલબ્ધ
સ્વામિનારાયણ યુનિવર્સિટી
મુ. પો. શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ, ગુરુકુળ, અમદાવાદ,
મહેસાણા હાઈવે, તા. સઈજ, કલોલ, ગુજરાત-૩૮૨૭૨૫
1800 203 7800 / 72020 80202
ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ
કોબા ઈન્ટરનેશનલ એરિયા,
ગાંધીનગર - ૩૮૨૪૨૬, ગુજરાત.
+91 99249 58138
પ્રવેશ મે - ૨૦૨૫ થી શરૂ થઈ ગયેલ છે. | મર્યાદિત બેઠકો. આજે જ અરજી કરો

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625




સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN